વર્ષ : ૪૩ ❖ અંક : ૬
જૂન - ૨૦૧૯

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત


# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર

## णमोकार महामंत्र (ब्राह्मी लिपि)



णमो अरिहंताणं



णमो सिद्धाणं



णमो आयरियाणं



णमो उवज्झायाणं



णमो लोएसव्वसाहूणं

(બ્રાહ્મી લિપિ વિષયક માહિતી આ અંકમાં આપેલ છે.)

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં યોજાયેલ યુવા ઉત્કર્ષ શિબિરની તસવીરો
## (તા. ૨૪.૦૫.૨૦૧૯ થી તા. ૨૬.૦૫.૨૦૧૯)


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


પૂજ્ય બહેનશ્રી


બા.બ્ર.સુરેશજી


બા.બ્ર.અલકાબેન


શ્રી અજયભાઈ તોમાર


શ્રી મેહુલભાઈ પંડ્યા


શ્રી ગોપાલભાઈ


શ્રી શરદભાઈ ડેલીવાલા


શ્રી હિત મોદી



યોગ - પ્રાણાયામ





શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા


યોગાચાર્ય શ્રી વસંતભાઈનું અભિવાદન


ઈનામવિતરણ

-: પ્રેરક :-

શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-

શ્રી મિતેશ એ. શાહ

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૯૫૬

-: સ્વત્વાધિકારી :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

ભારતમાં

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

પરદેશમાં

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) જ્ઞાનપ્રાપ્તિના ઉપાયો ..... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૭

(૩) આપણી ભૂલો : જીવનની સૌથી મોટી પાઠશાળા ...... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસ પાન .................... ................ પ્રા. ચંદાબહેન પંચાલી .............. ૧૨

(૫) શ્રી સામાયિક પાઠ ........... પૂજ્ય બહેનશ્રી .... ૧૫

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ...શ્રી અશોકભાઈ શાહ .... ૧૭

(૭) મુન્યાચાર .............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૧

(૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર ..શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૪

(૯) આત્માની સંપ્રદાન શક્તિ ..શ્રી વલભજી હીરજી ... ૨૯

(૧૦) સામાયિક વ્રત ......... શ્રી નિરૂપમાબેન ડગલી .... ૩૦

(૧૧) શબ્દોનો ચમત્કાર ..... શ્રી રજનીકાંત વર્ધમાની ... ૩૧

(૧૨) હું કોણ છું ? ....... - ...................... ૩૨

(૧૩) બાળ વિભાગ .......... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૩

(૧૪) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૫

વર્ષ : ૪૩ જૂન, ૨૦૧૯ અંક - ૬

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે, "આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે, કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્ માત્ર પણ દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે."

આપની આ વાત સાથે તો મુમુક્ષુતાના થોડા અંશો પણ જેમનામાં હોય તેવા જીવો તો સહમત હોય જ, પરંતુ સમસ્યા એ છે કે અમારાથી સમદશા પ્રાપ્ત કરવી દુષ્કર છે. આપના ચરણોનું શરણ અને વચનોનો આશ્રય હોવા છતાં, આ દેહે અમે આ ભગીરથ કાર્ય કરી શકીએ એમ બનવું દુર્ઘટ લાગે છે. છતાં પણ ચોથા આરામાં દુર્લભ એવા મહાપુરુષનો યોગ મહત્‌પુણ્યના ઉદયથી અમને આ ભવમાં મળ્યો છે અને પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવનું શરણ પણ મળ્યું છે. તેથી એવો નિશ્ચય અમે કરીએ છીએ કે હવે તો સર્વત્ર સમદશા વર્તે એવો પુરુષાર્થ કરવો જ, અને અંતે કાર્યસિદ્ધિ કરવી ! પરંતુ હજી પણ મનમાં શંકા થયા કરે છે કે અમારાથી આવું ભગીરથ કાર્ય કેવી રીતે થઈ શકશે ?

તેથી આપને વિનંતી કરીએ છીએ કે -

હે પ્રભુ !

નિશ્ચય અમારો અને કૃપા તમારી,
મળે તો કામ સરે કૃપાળુ !
એકલો જીવ તો અનંતકાળથી,
ભવના ફેરા ફરે કૃપાળુ !
રાગદ્વેષને દૂર કરીએ,
અલિપ્તભાવમાં રહીએ કૃપાળુ !
પરિભ્રમણથી પાર ઉતરીએ,
દેજો આશિષ એવા કૃપાળુ !


॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

**પત્રાંક ૭૦૪**

**રાળજ, ભાદરવા સુદ ૮, ૧૯૫૨**



**શ્રી સત્પુરુષોને નમસ્કાર**

લૌકિક દૃષ્ટિ અને અલૌકિક દૃષ્ટિમાં મોટો ભેદ છે. લૌકિક દૃષ્ટિમાં વ્યવહારનું મુખ્યપણું છે, અને અલૌકિક દૃષ્ટિમાં પરમાર્થનું મુખ્યપણું છે.

મનુષ્યદેહનું જૈન અને બીજા બધા માર્ગમાં વિશેષપણું અને અમૂલ્યપણું કહ્યું છે તે સત્ય છે, પણ જો તેથી મોક્ષસાધન કરી શકાય તો જ તેનું વિશેષપણું અને અમૂલ્યપણું છે.

મનુષ્યાદિ વંશની વૃદ્ધિ કરવી એ વિચાર લૌકિક દૃષ્ટિનો છે; પણ મનુષ્યને યથાતથ્ય યોગ થયે કલ્યાણનો અવશ્ય નિશ્ચય કરવો તથા પ્રાપ્તિ કરવી એ વિચાર અલૌકિક દૃષ્ટિનો છે.

જો એમ જ ઠરાવવામાં આવ્યું હોય કે ક્રમે કરીને જ સર્વસંગપરિત્યાગ કરવો તો તે યથાસ્થિત વિચાર કહેવાય નહીં. કેમકે પૂર્વે કલ્યાણનું આરાધન કર્યું છે એવા કંઈક ઉત્તમ જીવો નાની વયથી ઉત્કૃષ્ટ ત્યાગ પામ્યા છે. શુકદેવજી, જડભરતાદિના પ્રસંગ બીજા દર્શનમાં તે અર્થે દૃષ્ટાંતરૂપ છે. જો એવો જ નિયમ બાંધ્યો હોય કે ગૃહસ્થાશ્રમ આરાધ્યા વિના ત્યાગ થાય જ નહીં તો પછી તેવા પરમ ઉદાસીન પુરુષને ત્યાગનો નાશ કરાવી કામભોગમાં દોરવા બરાબર ઉપદેશ કહેવાય; અને મોક્ષસાધન કરવારૂપ જે મનુષ્યભવનું ઉત્તમપણું હતું, તે ટાળીને, સાધન પ્રાપ્ત થયે, સંસારસાધનનો હેતુ કર્યો કહેવાય.

વળી એકાંતે એવો નિયમ બાંધ્યો હોય કે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમાદિ ક્રમે કરી આટલાં આટલાં વર્ષ સુધી સેવીને પછી ત્યાગી થવું તો તે પણ સ્વતંત્ર વાત નથી. તથારૂપ આયુષ્ય ન હોય તો ત્યાગનો અવકાશ જ ન આવે.

વળી જો અપુત્રપણે ત્યાગ ન કરાય એમ ગણીએ તો તો કંઈકને વૃદ્ધાવસ્થા સુધીમાં પણ પુત્ર થતા નથી, તે માટે શું સમજવું ?

જૈનમાર્ગનો પણ એવો એકાંત સિદ્ધાંત નથી કે ગમે તે વયમાં ગમે તેવા માણસે ત્યાગ કરવો; તથારૂપ સત્સંગ સદ્‌ગુરુનો યોગ થયે, વિશેષ વૈરાગ્યવાન પુરુષ, સત્પુરુષને આશ્રયે ત્યાગ નાની વયમાં કરે તો તેથી તેણે તેમ કરવું ઘટારથ નથી એમ જિન સિદ્ધાંત નથી; તેમ કરવું યોગ્ય છે એમ જિન સિદ્ધાંત છે, કેમકે અપૂર્વ એવાં સાધનો પ્રાપ્ત થયે ભોગાદિ સાધનો ભોગવવાના વિચારમાં પડવું અને તેની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરી તેને અમુક વર્ષ સુધી ભોગવવાં જ, એ તો જે મોક્ષસાધનથી મનુષ્યપણાનું ઉત્તમપણું હતું, તે ટાળી પશુવત્ કરવા જેવું થાય.

ઇંદ્રિયાદિ શાંત થયાં નથી, જ્ઞાનીપુરુષની દૃષ્ટિમાં હજુ જે ત્યાગ કરવાને યોગ્ય નથી એવા મંદ વૈરાગ્યવાન અથવા મોહવૈરાગ્યવાનને ત્યાગ લેવો પ્રશસ્ત જ છે એમ કંઈ જિન સિદ્ધાંત નથી.

પ્રથમથી જ જેને સત્સંગાદિક જોગ ન હોય, તથા પૂર્વના ઉત્તમ સંસ્કારવાળો વૈરાગ્ય ન હોય તે પુરુષ કદાપિ આશ્રમપૂર્વક પ્રવર્તે તો તેથી તેણે એકાંતે ભૂલ કરી છે એમ ન કહી શકાય; જોકે તેણે પણ

રાત્રિદિવસ ઉત્કૃષ્ટ ત્યાગની જાગૃતિ રાખતાંપૂર્વક ગૃહસ્થાશ્રમાદિ કરવું પ્રશસ્ત છે.

ઉત્તમ સંસ્કારવાળા પુરુષો ગૃહસ્થાશ્રમ કર્યા સિવાય ત્યાગ કરે તેથી મનુષ્યપ્રાણીની વૃદ્ધિ અટકે, અને તેથી મોક્ષસાધનનાં કારણ અટકે એ વિચારવું અલ્પ દૃષ્ટિથી યોગ્ય દેખાય, કેમકે પ્રત્યક્ષ મનુષ્યદેહ જે મોક્ષસાધનનો હેતુ થતો હતો તેને રોકીને પુત્રાદિની કલ્પનામાં પડી, વળી તેઓ મોક્ષસાધન આરાધશે જ એવો નિશ્ચય કરી તેની ઉત્પત્તિ માટે ગૃહસ્થાશ્રમમાં પડવું, અને વળી તેની ઉત્પત્તિ થશે એ પણ માની વાળવું; અને કદાપિ તે સંયોગો બન્યા તો જેમ હાલ પુત્રોત્પત્તિ માટે આ પુરુષને અટકવું પડ્યું હતું તેમ તેને પણ અટકવું થાય તેથી તો કોઇને ઉત્કૃષ્ટ ત્યાગરૂપ મોક્ષસાધન પ્રાપ્ત થવાનો જોગ ન આવવા દેવા જેવું થાય.

વળી કોઇ કોઇ ઉત્તમ સંસ્કારવાન પુરુષોના ગૃહસ્થાશ્રમ પહેલાંના ત્યાગથી વંશવૃદ્ધિ અટકવાનો વિચાર લઇએ તો તેવા ઉત્તમ પુરુષના ઉપદેશથી અનેક જીવો જે મનુષ્યાદિ પ્રાણીનો નાશ કરતાં ડરતા નથી તેઓ ઉપદેશ પામી વર્તમાનમાં તેવી રીતે મનુષ્યાદિનો નાશ કરતાં કેમ ના અટકે ? તથા શુભવૃત્તિ પામવાથી ફરી મનુષ્યપણું કેમ ન પામે ? અને એ રીતે મનુષ્યનું રક્ષણ તથા વૃદ્ધિ પણ સંભવે.

અલૌકિક દૃષ્ટિમાં તો મનુષ્યના હાનિ વૃદ્ધિ આદિનો મુખ્ય વિચાર નથી; કલ્યાણ અકલ્યાણનો મુખ્ય વિચાર છે. એક રાજા જો અલૌકિક દૃષ્ટિ પામે તો પોતાના મોહે હજારો મનુષ્યપ્રાણીનો યુદ્ધમાં નાશ થવાનો હેતુ દેખી ઘણી વાર વગર કારણે તેવાં યુદ્ધો ઉત્પન્ન ન કરે, તેથી ઘણા માણસોનો બચાવ થાય અને તેથી વંશવૃદ્ધિ થઇ ઘણા માણસો વધે એમ પણ વિચાર કેમ ન લઇ શકાય ?

ઇંદ્રિયો અતૃપ્ત હોય, વિશેષ મોહપ્રધાન હોય, મોહવૈરાગ્યે માત્ર ક્ષણિકવૈરાગ્ય ઊગ્યો હોય અને યથાતથ્ય સત્સંગનો જોગ ન હોય તો તેને સાધુપણું આપવું પ્રાયે પ્રશસ્ત કહી ન શકાય, એમ કહીએ તો વિરોધ નહીં; પણ ઉત્તમ સંસ્કારવાળા અને મોહાંધ, એમણે સર્વેએ ગૃહસ્થાશ્રમ ભોગવીને જ ત્યાગ કરવો એવો પ્રતિબંધ કરતાં તો આયુષ્યાદિનું અનિયમિતપણું, પ્રાપ્ત જોગે તેને દૂર કરવાપણું એ આદિ ઘણા વિરોધથી મોક્ષસાધનનો નાશ કરવા બરાબર થાય, અને જેથી ઉત્તમપણું ઠરતું હતું તે ન થયું તો પછી મનુષ્યપણાનું ઉત્તમપણું પણ શું છે ? એ આદિ અનેક પ્રકારે વિચાર કરવાથી લૌકિક દૃષ્ટિ ટળી અલૌકિક દૃષ્ટિએ વિચારજાગૃતિ થશે.

વડના ટેટા કે પીપળના ટેટાનું રક્ષણ પણ કંઇ તેના વંશવૃદ્ધિને અર્થે કરવાના હેતુથી અભક્ષણ કહ્યું નથી. તેમાં કોમળપણું હોય છે ત્યારે અનંતકાયપણાનો સંભવ છે. તેથી તથા તેને બદલે બીજી ઘણી ચીજોથી ચાલી શકે તેવું છે છતાં તે જ ગ્રહણ કરવી એ વૃત્તિનું ઘણું ક્ષુદ્રપણું છે, તેથી અભક્ષ્ય કહ્યાં છે, તે યથાતથ્ય લાગવા યોગ્ય છે.

પાણીના ટીપામાં અસંખ્યાત જીવ છે એ વાત ખરી છે, પણ તેવું પાણી પીવાથી પાપ નથી એમ કહ્યું નથી. વળી તેને બદલે ગૃહસ્થાદિને બીજી વસ્તુથી ચાલી શકતું નથી તેથી અંગીકાર કરાય છે; પણ સાધુને તો તે પણ લેવાની આજ્ઞા પ્રાયે આપી નથી.

જ્યાં સુધી બને ત્યાં સુધી જ્ઞાનીપુરુષનાં વચનને લૌકિક દૃષ્ટિના આશયમાં ન ઉતારવા યોગ્ય છે અને અલૌકિક દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે. તે અલૌકિક દૃષ્ટિનાં કારણો સામા જીવને હૈયે જો બેસાડી શકવાની શક્તિ હોય તો બેસાડવા, નહીં તો પોતાનું એ વિષેમાં વિશેષ જાણપણું નથી એમ જણાવવું તથા મોક્ષમાર્ગમાં કેવળ લૌકિક વિચાર હોતો નથી એ આદિ કારણો યથાશક્તિ દર્શાવી બનતું સમાધાન કરવું, નહીં તો બને ત્યાં સુધી તેવા પ્રસંગથી દૂર રહેવું એ ઠીક છે.

● ● ●

# જ્ઞાનપ્રાપ્તિના ઉપાયો

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આપણે કલ્યાણમાર્ગને ક્યારે પ્રાપ્ત થઇ શકીએ ? જ્યારે ચિત્ત શુદ્ધ થાય ત્યારે. જો આપણું મન પવિત્ર બને, જો આપણો આત્મા વિભાવોથી, વિકારોથી, કલંકોથી, પાપભાવોથી, અનિચ્છનીય વિચારોથી રહિત થાય કે તેમાં ઘટાડો થાય તો આપણું ચિત્ત, અંતઃકરણ પવિત્ર થાય અને અંતઃકરણ પવિત્ર થાય તો અંદરમાં પરમાત્માનું પ્રતિબિંબ પડે. આચાર્ય ભગવાન તેના માટે દૃષ્ટાંત આપે છે કે પાણી જો ગંદુ, કાદવવાળું હોય તો તેમાં આપણો ચહેરો દેખાતો નથી, પણ જો પાણી તદ્દન સ્વચ્છ હોય, નિર્મળ હોય અને તેમાં તમે જુઓ તો તમારો ચહેરો જેવો છે તેવો સરસ દેખાશે. જેમ નિર્મળ પાણીમાં આપણું પ્રતિબિંબ દેખાય છે, તેમ જો આપણું અંતઃકરણ પણ નિર્મળ બને તો તેમાં પરમાત્માનું પ્રતિબિંબ પડી શકે છે. માટે પારદર્શી બનવું. પારદર્શી બનવા માટેના બે ઉપાયો જ્ઞાની ભગવંતો બતાવે છે- (૧) નિષ્કામ બુદ્ધિ અને (૨) નિષ્કામ ભક્તિ. નિષ્કામ બુદ્ધિ એટલે કામના વિનાની બુદ્ધિ. અત્યારે આપણી ભૂમિકામાં એકદમ ઇચ્છારહિત બુદ્ધિ ન થાય પણ ભૂમિકાનુસાર જેટલા અંશે થાય તેટલી બુદ્ધિને નિષ્કામ કરવી. સંતો કહે છે કે,

*"સકામી સુમિરન કરે, પાવે ઉત્તમ ધામ;*
*નિષ્કામી સુમિરન કરે, પાવે અવિચળ ધામ."*

હવે, તું જ નક્કી કર કે તારે કેટલા સમય માટે સુખ જોઇએ છે ? જો લાખ, કરોડ વર્ષનું સુખ જોઇતું હોય તો તું જેમ દરરોજ કરે છે તેમ શુભભાવ કર્યા કર, પરંતુ જો તારે શાશ્વત આનંદ જોઇતો હોય તો 'અપૂર્વ અવસર' આદિ બોલવા માત્રથી તે સુખની પ્રાપ્તિ નહિ થાય, પણ જ્યારે તું જે બોલે છે તે અનુસાર અંદરમાં 'ભાવ' કરીશ તો જ આનંદની પ્રાપ્તિ થશે. પથ્થર જેવા પથ્થર પર પણ આઠ વર્ષ દરરોજ પાણી ખેંચવામાં આવે તો તે કોમળ એવા દોરડાથી તે કાળમીંઢ પથ્થરમાં પણ ઘસારો પડી જાય છે; તો આપણે પણ જો ભાવપૂર્વક દરરોજ પરમાત્માની ભક્તિ કરીએ તો ભલેને અનાદિકાળના સંસ્કાર વિપરીત હોય તો પણ તેને વર્તમાનના ભાવોના બળથી બદલી શકાય છે. જે આવું માને અને કરે તેને જ આત્મજ્ઞાન થાય. વર્તમાનમાં જીવો અને વર્તમાનમાં પુરુષાર્થ કરો. જ્ઞાની પુરુષોનો જીવનમંત્ર છે કે,

*"ગત વસ્તુ સોચે નહિ, આગમ વાંછા નાહીં;*
*વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગમાંહી"*

આપણે એમ વિચારીએ કે સાહેબ, હું તો બહુ પાપી છું, વ્યસની છું ! તો ભાઇ ! કાંઇ વાંધો નહિ. અત્યારે તારે શું કરવું છે ? તે નક્કી કર. જો જીવ પ્રયત્ન કરે તો 'ભાવ' બદલી શકે છે પણ તેની રુચિ થતી નથી. અંદરમાં એવો ઉત્સાહ થતો નથી કે મારે મારું જીવન પવિત્ર બનાવવું છે. આપણે મહાપુરુષોને પગે તો લાગીએ છીએ પણ તેમના બોધને અંતરથી ગ્રહણ કરવાની વાત આવે ત્યારે કહીએ છીએ કે, સાહેબ ! અમને હમણાં એ બધું નહીં ફાવે! પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે કે,

*"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;*
*પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ."*

આપણે જીવનને બદલવાનો સંકલ્પ કરવો પડશે અને સંકલ્પને પૂર્ણ કરવા માટે પુરુષાર્થ પણ કરવો પડશે. વૃત્તિ, વિચાર, શ્રદ્ધા, ભાવ એ આપણી પોતાની નિજ સંપત્તિ છે. સંતો કહે છે કે,

"કેટલી સુધારી વૃત્તિ કેટલી બગાડી,
કયા પાટે ચાલી રહી જિંદગીની ગાડી;

પ્રભુપંથ પામવાને પાટા બદલાવજો,

આ જિંદગીના ચોપડામાં સરવાળો માંડજો.''

પરમાત્મા અને સદ્‌ગુરુ સમાન આખા વિશ્વમાં વિશાળ કોઇ નથી કારણ કે તેઓ તેમને સમર્પિત થનારને પરમાત્મપદ આપીને પોતાની સમાન બનાવે છે. આપણે અંતઃકરણની શુદ્ધિનો પ્રયત્ન કરીએ છીએ, પણ તે પ્રયત્ન પ્રામાણિકપણે કરતા નથી કારણ કે આપણને પરમાત્મામાં હજુ શ્રદ્ધા નથી, આત્માની શક્તિમાં વિશ્વાસ નથી. સદ્‌ગુરુ કહે છે કે ભાઇ, તું દરરોજ થોડો થોડો પણ પ્રામાણિક પુરુષાર્થ કર, તો તારું કામ થઇ જશે. કહેવત પણ છે કે

''કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીંપે ટીંપે સરોવર ભરાય''

જેવી રીતે કોમળ એવા દોરડાથી પથ્થરમાં કાપો પડી જાય છે, તો દરરોજ જો પરમાત્માના સંસ્તવનમાં, ગુણચિંતવનમાં, ભક્તિ-પૂજામાં, તેમના સ્વરૂપની સાચી સમજણમાં આપણું ચિત્ત પરોવીએ તો આપણું કામ અવશ્ય થાય એવી જ્ઞાની ભગવંતો બાંહેધરી આપે છે. આત્મકલ્યાણ કરવા માટે શું જોઇએ ? પ્રેમ. ભગવાન તમારી પાસે કાંઇ માંગતા નથી. માત્ર તેમને નિષ્કામબુદ્ધિ અને નિષ્કામ ભક્તિ જોઇએ છે. તેઓ તે ભક્તિમાં પણ શ્રવણ, કીર્તન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન, લઘુતા, સમતાદિ કેટલી વિવિધતા આપે છે ! ભાઇ ! તારી પ્રકૃતિને જે માફક આવે તે તું કર પણ વિલંબ ન કરીશ. કારણ કે,

''Delay is dangerous'' ભગવાનને ત્યાં બોર્ડ છે કે ''આજે રોકડા, કાલે ઉધાર'' આપણા જેવા બુધ્ધુ દરરોજ ત્યાં જાય છે અને કહે છે કે સાહેબ! આજે નહીં કાલથી ભક્તિ કરીશ !!

★ **અંતઃકરણની શુદ્ધિ થાય તો જ્ઞાન એની મેળે થાય :-** જ્ઞાનાવરણીય અને મોહનીય એ બન્નેની જોડી છે. જો તમે મોહનીયને મારો તો પણ જ્ઞાન પ્રગટશે. મોક્ષમાર્ગમાં જ્ઞાનાવરણીયની કાંઇ બહુ કિંમત નથી. જ્ઞાન હોય તો સારું છે, પણ જો જ્ઞાનાવરણીય બહુ ન મરે એટલે બહુ શાસ્ત્રનું જ્ઞાન ન હોય અને થોડું પ્રયોજનભૂત, મૂળભૂત એવું આત્મા-અનાત્માનું, (આત્મા એટલે જીવ અને પરમાત્મા એટલે મોક્ષ, ચેતનારહિત જડ પદાર્થો તે અનાત્મા) આટલું પણ જો વિવેકપૂર્વકનું જ્ઞાન થઇ જાય તોય જીવનું કલ્યાણ થઇ જાય છે. મોહને મારવાના પાંચ ઉપાયો જ્ઞાની ભગવંતો આપણને બતાવે છે :-

**(૧) જગતના પદાર્થોની માલિકીની માન્યતા કરવી નહીં :-** આ ઘર, મોટર, દીકરા આદિ 'મારા' છે આવું માનવું નહીં. જો વ્યવહારમાં કોઇ પૂછે કે આ દીકરો તમારો છે, તો બોલવું પડે છે પણ ઘણી સાવધાની અને જાગૃતિપૂર્વક બોલવું અથવા મૌનપૂર્વક માથું હલાવી દેવું. માથું હલાવવું એટલે કે દુનિયામાં એવું કહેવાય છે કે આ મારો દીકરો છે બાકી તો અમે બન્ને આત્મા છીએ. માટે જ્ઞાનીપુરુષો કહે છે કે, મિત્ર પુત્ર, મિત્રમાતા, મિત્રપતિ આદિ તથા ઉચ્ચ ભૂમિકાવાળા સાધકે તો બધામાં 'મિત્ર' લગાડવું કે મિત્રશરીર આદિ. કોઇ કહે કે મિત્રશરીર એટલે શું? તો જ્યાં સુધી આ શરીર આપણને ધર્મ કરવામાં ઉપયોગી થાય, પરોપકારી થાય, સહયોગી થાય ત્યાં સુધી તેની બધી સારવાર કરવી. જો તે આપણને ધર્મ કરવામાં તદ્દન સાથ ન આપે તો આપણે પણ તેની જરા પણ દેખભાળ કરવી નહીં. આ શરીર તો જ ઉપકારી છે, જો તે સદ્‌ગુરુ-પરમાત્માની સેવા-ભક્તિમાં લાગે. માટે જગતના પદાર્થોમાં માલિકીપણાનો ભાવ કરવો નહીં, તેના માટે ગાંધીજીએ બતાવેલ 'ટ્રસ્ટીશીપ' ના સિદ્ધાંતને અંગીકાર કરવો. આજ-કાલ તો ટ્રસ્ટીઓ જ કહે છે કે આ મારું ટ્રસ્ટ છે, પણ ભાઇ ! જો આ તારું ટ્રસ્ટ હોય તો તેમાં તારો માલિકીપણાનો ભાવ થયો. માટે ત્યાં ટ્રસ્ટીપણું રહ્યું જ નહીં, માટે એમ કહો કે આ ટ્રસ્ટ છે, જેને અમે સંભાળીએ છીએ. બધા મળીને ચલાવીએ છીએ.

**(૨) ક્રોધની જગ્યાએ મારા જીવનમાં ક્ષમાને સ્થાન છે.**

**(૩) અભિમાનની જગ્યાએ નમ્રતા-વિનયને સ્થાન છે.**

**(૪) કોઇને પણ છેતરવાનો ભાવ મારે કરવો નથી.**

**(૫) મારે તૃષ્ણાનો વિસ્તાર કરવો નથી.**

આમ, જ્યારે આપણા જીવનની અંદર રોજબરોજના પ્રસંગોમાં આ પ્રયોગ થશે ત્યારે અંતઃકરણ નિર્મળ થશે અને તો જ્ઞાન એની મેળે થશે. એની મેળે થશે એટલે જો જીવ આવો પુરુષાર્થ કરશે તો મોહનીય કર્મ ઘટતું-ઘટતું કપાઇ જશે અને મોહનીય કપાય એટલે મોક્ષમાર્ગની દશા, સાચી સાધકદશા પ્રગટશે.

**★ જ્ઞાનીની ઓળખાણ થાય તો જ્ઞાન પ્રાપ્ત થાય :-** જીવને જ્ઞાન તો જોઇએ છે પણ તે જ્ઞાન ક્યાં છે ? ક્યાંથી મળે ? તેની તેને ખબર નથી. માટે તે મંદિરમાં, શાસ્ત્રમાં, સત્સંગમાં જઇ તેને શોધે છે. તે પણ ઠીક છે કારણ કે જ્ઞાનપ્રાપ્તિ માટેના આ બધા પણ બાહ્ય સાધનો છે તેથી તેનો નિષેધ નથી, પરંતુ વાસ્તવમાં જ્ઞાન ક્યાં રહે છે તેની વ્યાખ્યા બે જગ્યાએ જ્ઞાનીઓએ કરી છે. એક તો 'ઇષ્ટોપદેશ'માં ન્યાયની ભાષામાં કહે છે કે જે વસ્તુ જ્યાં હોય ત્યાંથી તે મળે. જ્ઞાન જોઇતું હોય તો જ્ઞાનીમાંથી તે મળશે. નિશ્ચયથી તો આત્મા એટલે કે પોતાનો જ્ઞાયક સ્વભાવ જ જ્ઞાનનો સાગર છે. તે સાગરમાંથી એકદમ આપણી મેળે જ્ઞાન મળતું નથી. જેણે આવા જ્ઞાનરૂપી સાગરને પ્રાપ્ત કર્યો છે તેવા જ્ઞાનીની ઓળખાણ થવી અઘરી છે. માટે પ્રથમ તો તેમનો સામાન્ય પરિચય કરવો, પછી વિશેષ પરિચય કરવો જોઇએ. આમ, પ્રથમ તેમનો નિશ્ચય કરી પછી આશ્રય કરવો જોઇએ.

બીજી વ્યાખ્યા પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ જ્ઞાન-મીમાંસામાં કરી છે કે,

"જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો."

જ્ઞાની જો કોઇ યોગ્યતાવાન જીવને જુએ તો તેને કહે છે કે ભાઇ ! સંસારની બધી કલ્પના મૂકવા જેવી છે, જ્ઞાન લે. પણ જ્ઞાની આવા વચન સત્પાત્ર જીવને જ કહે છે, બાકી બધાને તો યોગ્યતા પ્રાપ્ત કરવાની જ પ્રેરણા કરે છે. જ્ઞાનીને કાંઇ ભેદ-ભાવ નથી કે આ મારી ટુકડીવાળાનો જ મોક્ષ થાઓ, બીજાનો નહીં ! આવું તેમને હોય નહીં અને જો આવું તેમને હોય તો તે જ્ઞાની છે નહીં. જ્ઞાનીઓએ તો એકેન્દ્રિય નિગોદિયાથી લઇને પંચેન્દ્રિય સંજ્ઞી સુધીના બધા જીવોને સિદ્ધ સમ કહ્યા છે. મહાન અધ્યાત્મ યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્ય મંગળાચરણમાં કહ્યું છે કે ધ્રુવ, અચલ અને અનુપમગતિ પામેલ એવા સિદ્ધોને નમસ્કાર છે. શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યે આ ગાથાનો એ ટીકામાં અર્થ કરતાં કહ્યું છે કે, પોતાના અને પરના એવા સર્વ જીવોમાં મારા સ્વામી સિદ્ધ પરમાત્માનું સ્થાપન કરીને પરમ મંગળ કહે છે.

યોગ્યતા પ્રગટાવવા માટે જ્ઞાની ભગવંતો કહે છે કે, ભાઇ ! તું દરરોજ નહીં પરંતુ ક્ષણે-ક્ષણે, કાર્યે-કાર્યે, પ્રસંગે - પ્રસંગે સારા 'ભાવ' કર અને યાદ રાખ કે હું દેહથી જુદો અને પરમાત્મા તથા સદ્ગુરુનો સેવક, જ્ઞાનસ્વરૂપી એવો આત્મા છું. આવું આત્માને ગમતું નથી, તેને તો ખાવું-પીવું અને મોજ કરવી જ ગમે છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે,

*"સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,*
*ક્ષણક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો ! રાચી રહો?"*

આગળ વધેલો સાધક પૂછે છે કે સાધના ક્યારે કરવી? તો સદ્ગુરુ કહે છે કે ભાઇ, તું એમ પૂછ કે સાધના ક્યારે ન કરવી ! જે ક્ષણે તારો આત્મા જાગ્યો તે ક્ષણ મંગળમય જ છે. તારે મુહૂર્ત જોવાની જરૂર જ નથી. મહાપુરુષો પોતાના સત્પુરુષાર્થથી એટલે કે વર્તમાન પુરુષાર્થથી મહાન થયા છે. માટે કહ્યું છે કે જો આ જીવ જાગે અને સત્પુરુષાર્થ કરે એટલે કે જ્ઞાનને, પોતાના સ્વરૂપને સ્વીકારે, તે જ્ઞાન બતાવનાર જ્ઞાનીને સ્વીકારે, તે જ્ઞાન પરોક્ષપણે બતાવનાર એવાં શાસ્ત્રોને સ્વીકારે અને તે જ્ઞાન વર્ધમાન થાય એ માટે યોગ્ય સત્સંગનો સ્વીકાર કરે તો તેનું સહજમાં કલ્યાણ થાય.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પરમનો સ્પર્શ - ૧૦૮

# આપણી ભૂલો : જીવનની સૌથી મોટી પાઠશાળા

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

મહાન વ્યક્તિઓના જીવન પર દૃષ્ટિપાત્ કરીએ ત્યારે ખ્યાલ આવશે કે એમના જીવનવિકાસનું એક મહત્ત્વનું કાર્ય સ્વદોષ-નિવારણ છે. એમણે પોતાના હૃદયમાં નિહિત સ્વદોષોનું એક પછી એક દર્શન અને વિશ્લેષણ કર્યું અને પછી એના નિવારણ માટે કટિબદ્ધ બન્યા. એમની કટિબદ્ધતા એ એમના જીવનનો પરમ અને ચરમ પુરુષાર્થ છે અને એને પરિણામે પ્રાપ્ત થયેલી ગુણસંપદા એ એમનાં સિદ્ધિના શિખરો બને છે.

મહાત્મા ગાંધીજીએ 'સત્યના પ્રયોગો' માં જે કોઇ ભૂલ કરનારી વ્યક્તિની વાત કરી છે, તેનો ગ્રંથમાં નામોલ્લેખ સુદ્ધાં કર્યો નથી. આની પાછળનો દૃષ્ટિકોણ એ પણ હોય કે એ ભૂલ કરનારી વ્યક્તિના સંજોગો, પરિસ્થિતિ અને પરિબળોનો મને સર્વાંગી ખ્યાલ પણ ન હોય. એના અભાવે એવી વ્યક્તિઓનો નામોલ્લેખ કરીએ તો એને દુઃખ પહોંચે અને તેથી ય વધુ અન્યાયકર્તા બની રહે.

દોષ કરનારી અન્ય વ્યક્તિ તરફ અને એવો જ દોષ કરનારા પોતાના તરફનો અભિગમ તદ્દન જુદો હોવો જોઇએ, કારણ કે બીજાના દોષના વર્ણન વખતે આપણે સર્વાંગી જાણકારીને અભાવે એનો પૂર્ણ ન્યાય તોળી શકતા નથી. આપણા દોષોને જાણીએ ત્યારે આપણે આપણી અંતરની અદાલતમાં બેસીને ન્યાય કરીએ છીએ. આ સંદર્ભમાં ચીનના મહાન વિચારક અને ધર્મસ્થાપક કન્ફ્યૂશિયસે સુંદર વાત કરી છે. એમણે કહ્યું, 'જો તમારા પોતાના ઘરના દરવાજાની સીડી મેલી હોય, તો તમારા પડોશીની છત પર જામી ગયેલા બરફની ફરિયાદ કરશો નહીં.'

એક સમયે કંપની મેનેજમેન્ટની એવી ફિલોસોફી હતી કે તમારા હાથ નીચેના કર્મચારીઓ પ્રત્યે કડક વર્તન રાખો. એમનાં સુખ-દુઃખની લેશમાત્ર પરવા કે પળોજણ ન કરો. એમને માત્ર તમારા કાર્યના સાધનરૂપ - યંત્રસમાન - માનો અને એમના પર ચાંપતી નજર રાખીને બરાબર પસીનો પડાવો. ગમે તે કરો, પણ 'ટાર્ગેટ' સિદ્ધ કરવા માટે એમના પર દબાણ કરો, અકળાઓ, ગુસ્સે થાવ અને સતત ભય અને દબાણ હેઠળ રાખીને એમની પાસેથી બરાબર કામ લો અને ધારેલી સિદ્ધિ મેળવો..

થોડાં વર્ષો પહેલાં પ્રોફેશનલ જગતમાં આ થિયરીની બોલબાલા હતી, પણ આજે ખુદ અમેરિકાએ મૅનેજમેન્ટના સિદ્ધાંતોમાં પરિવર્તન આણ્યું છે. હવે એ કહે છે કે કર્મચારીની અંગત સમસ્યાઓનો પ્રભાવ એની કાર્યક્ષમતા પર અને એ રીતે કંપનીના ઉત્પાદન પર પડતો હોય છે આથી એની અંગત સમસ્યાઓમાં રસ લો. એમના પર તીવ્ર દબાણ લાવવાને બદલે એમને થોડો આરામ કે મનોરંજન મળે એવી મોકળાશ આપો અને સૌથી વધુ તો માલિક અને કર્મચારીઓ વચ્ચે સ્વામી અને નોકરનો સંબંધ રાખવાને બદલે સહુ સાથે મળીને એક ટીમ તરીકે કામ કરો. આ ટીમવર્ક જ સફળતા અપાવે છે. આમ જુઓ તો આ સિદ્ધાંત એ સાથે મળીને સંસ્થાની ક્ષતિઓ જોવાનો અને તેને દૂર કરવાનો ઉપાય છે. આમ કરવાથી કર્મચારીની સંસ્થા તરફની વફાદારી કેળવાય છે અને એના ચિત્ત પરથી 'સ્ટ્રેસ' નું પ્રમાણ ઓછું થાય છે.

વ્યક્તિગત જીવનમાં વિચારીએ તો વ્યક્તિએ પોતાના દોષો સમજવા માટે આંતરદર્શન કરવું જરૂરી છે. એ જેમ જેમ આંતરદર્શન કરે છે, તેમ તેમ એની સમક્ષ એના દોષો પ્રગટ થતાં રહે છે. આવું આંતરદર્શન કરવા માટે એણે ઘટનાને સમગ્રતયા જોવી જોઇએ. ક્યારેક એવું પણ બને કે ઘટનાના મૂળમાં એ હોય અને એવું પણ બને કે ઘટનાનું કારણ પણ તે હોય. આવા આંતરદર્શનથી વ્યક્તિ સ્વમર્યાદાઓ પારખી શકે છે અને પછી એ

મર્યાદા દૂર કરવાનો સભાન પ્રયત્ન કરે છે. જેમ જેમ એ મર્યાદાઓ દૂર કરતો જાય છે, તેમ તેમ એના દોષોનું નિવારણ થતું જાય છે અને એનું વ્યક્તિત્વ વધુને વધુ નિખરતું જાય છે.

આંતરદર્શન કરવાથી વ્યક્તિને બીજો લાભ એ થાય છે કે આજ સુધી જે દોષને સંતાડવા કોશિશ કરતો હતો તેને સમજવા માટે હવે પ્રયત્ન કરે છે અને એ પ્રયત્નને પરિણામે પોતે કરેલી ભૂલ, ક્ષતિ, પાપ કે સ્ખલનનો ખ્યાલ આવે છે. વ્યક્તિના જીવન પર એણે કરેલાં દોષ કે પાપનો પડછાયો સતત પડતો હોય છે. કદાચ એ એને છુપાવવા માટે પ્રયત્ન કરે, તો પણ ઊંડે ઊંડે એના હૃદયને પોતાનું પાપ સતત ડંખતું હોય છે. જો એ દોષનિવારણ કરશે, તો હૃદયમાં અવિરત ચાલતી અને બરાબર આસન જમાવીને બેઠેલી પાપની પજવણી એના હૃદયમાંથી રૂખસદ લેશે અને પાપના બોજથી હળવો થશે.

ત્રીજી વાત એ છે કે ભૂલ એ સૌથી મોટી પાઠશાળા છે. માણસ જેમ અનુભવે શીખે છે, એમ એની ભૂલો પાસેથી પણ શીખતો હોય છે. એ ભૂલો સુધારવાનો પ્રયત્ન એ એનો પ્રબળ પુરુષાર્થ બની જાય છે, આથી તો કહેવાયું છે કે કોઈની ભૂલ પર નારાજ થતા પહેલાં આપણી દશ ભૂલોને પણ ગણી લેવી જોઈએ. આમ, પ્રત્યેક ભૂલમાંથી વ્યક્તિ કંઈકને કંઈક શીખતી હોય છે અને એ ભૂલોમાંથી મળેલો બોધ એના જીવનમાં ઉપયોગી બને છે. સાધનાપથ પર ચાલતો સાધક જેમ દોષનિવારણનો પ્રયત્ન કરે, એ રીતે સામાન્ય માનવી પણ પોતાની ક્ષતિનું નિવારણ કરવા પ્રયત્ન કરતો હોય છે.

આ રીતે આંતરદર્શન કરીને વ્યક્તિએ પ્રમાણિકપણે એ તપાસવું જોઈએ કે આમાં એ પોતે કેટલે અંશે દોષિત છે. જે રીતે અરીસામાં વ્યક્તિ પોતાનું પ્રતિબિંબ જુએ, એ રીતે અંતરના અરીસામાં નજર કરીને પોતાનું આંતર પ્રતિબિંબ ઝીલવાનું હોય છે. આ આંતર પ્રતિબિંબ ઝીલતી વખતે એણે નમ્રતા અને પ્રમાણિકતાથી દોષદર્શન કરવું જોઈએ અને એ વિચારવું જોઈએ કે એના જીવનમાં જે સમસ્યાઓ અને મુશ્કેલીઓ ઊભી થઈ છે, એને માટે પોતે કેટલો જવાબદાર છે. શું એના ગુસ્સાને કારણે મિત્રો મોં ફેરવી ગયા નથી ને ? શું એની કંજૂસાઈને કારણે લોકોએ એનો સાથ છોડી દીધો નથી ને ? શું એની ઝઘડાળુ પ્રકૃતિને પરિણામે એણે પત્ની, પરિવારજનો અને સમાજનો આદર તો ગુમાવ્યો નથી ને ? આમ, વ્યક્તિએ પોતાના હૃદયની અદાલત સમક્ષ નમ્રતા અને સચ્ચાઈ ધારણ કરીને ઊભા રહેવું પડે છે. આવી વ્યક્તિ જ સાચું આંતરદર્શન કરે છે.

દોષનિવારણની બાબતમાં એક વસ્તુ એ ધ્યાનમાં લેવી જોઈએ કે વ્યક્તિ વારંવાર પોતાના દોષોનું અને ભૂલોનું રટણ કરે તે યોગ્ય નથી. અમેરિકાના પ્રસિદ્ધ કવિ હેન્રી ડબ્લ્યુ. લોંગફેલોએ કહ્યું છે તેમ, 'ભૂલ કઈ રીતે થઈ ગઈ તે સમજવામાં જેટલો સમય જાય છે, તેના કરતાં ઓછા સમયમાં તે ભૂલ સુધારી શકાય છે.' આમ, આંતરદર્શનને બહાને પોતાની જાત વિશે ખૂબ ખૂબ વિચાર કરવો એ પણ જરૂરી નથી. હકીકતમાં તો પોતાની જાત વિશે, પોતાના કાર્ય વિશે અને પોતાના દોષ વિશે પોતાના અંતઃકરણ પાસેથી સ્પષ્ટ અભિપ્રાય મેળવવો જરૂરી છે. કેટલાક લોકો આંતરદર્શનને નામે કલાકોના કલાકો પસાર કરતા હોય છે. કેટલીક વ્યક્તિઓ પોતાના દોષોનો વિચાર કરવામાં જ સઘળી શક્તિ ખર્ચી નાખતી હોય છે. આવી અતિશયતામાંથી પણ ઉગરવું જોઈએ.

આત્મનિરીક્ષણ કરતી વખતે એક સ્પષ્ટ નકશા સાથે વ્યક્તિએ ચાલવું જોઈએ, કારણ એટલું જ છે કે ઘણીવાર આપણે બીજાની ભૂલોનો ભોગ પણ બનતા હોઈએ છીએ. સમાજમાં કેટલાક માણસો વિના કારણે બીજાને હાનિ કરવા તત્પર હોય છે. કેટલીક પરિસ્થિતિઓમાં વ્યક્તિ ભૂલ કરી બેસે એવું વાતાવરણ ઊભું થતું હોય છે. આ બધા સમયે મનની જાગૃતિ મહત્વની છે અને એના દ્વારા જ વ્યક્તિ પોતાની ક્ષતિઓ દૂર કરે અને જીવનવિકાસનાં પગથિયા પર આગળ વધે છે.

**(અનુસંધાન પાના નં. ૧૪ પર ...)**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૬૭)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

ભગવાન મહાવીરસ્વામીના સત્યમાર્ગના ઉપદેશક, શ્રી પાર્શ્વનાથ પ્રભુના ઉપસર્ગની મહિમાના ગાયક તથા શાંતિનાથ ભગવાનની સમરસધારાના ધારક એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ચૈતન્યમૂર્તિ છે. પરમકૃપાળુદેવની અધ્યાત્મ સરસ્વતી વચનામૃત પત્રાંક-૫૫માં પ્રગટ થાય છે તે આ પ્રમાણે છે, "કર્મ એ જડ વસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે. આશ્ચર્યતા છે કે, પોતે જડ છતાં ચેતનને અચેતન મનાવી રહ્યાં છે ! ચેતન ચેતનભાવ ભૂલી જઇ તેને સ્વસ્વરૂપ જ માને છે. જે પુરુષો તે કર્મસંયોગ અને તેના ઉદયે ઉત્પન્ન થયેલા પર્યાયોને સ્વસ્વરૂપ નથી માનતા અને પૂર્વસંયોગો સત્તામાં છે, તેને અબંધ પરિણામે ભોગવી રહ્યા છે, તે આત્માઓ સ્વભાવની ઉત્તરોત્તર ઊર્ધ્વશ્રેણી પામી શુદ્ધ ચેતનભાવને પામશે, આમ કહેવું સપ્રમાણ છે. કારણ અતીત કાળે તેમ થયું છે, વર્તમાનકાળે તેમ થાય છે, અનાગત કાળે તેમ જ થશે. કોઇ પણ આત્મા ઉદયી કર્મને ભોગવતાં સમત્વશ્રેણીમાં પ્રવેશ કરી અબંધ પરિણામે વર્તશે તો ખચીત ચેતનશુદ્ધિ પામશે." જીવની કેવી અને કેટલી ભ્રાન્તિ છે ! જે કર્મધારાને અબંધ પરિણામે ભોગવી રહ્યા છે તે જ્ઞાની સત્પુરુષો છે. તે મહા સદ્ભાગી છે. તેઓ કર્મના સ્વરૂપને યથાર્થ જાણે છે.

આપણે શ્રી પૂજ્યપાદ રચિત સમાધિતંત્રનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. શ્લોક-૩૯ માં વિચાર્યું કે જે સમયે તપસ્વી અંતરાત્માને મોહવશાત્ રાગદ્વેષ ઉત્પન્ન થાય ત્યારે ચિત્તને પર પદાર્થોથી હટાવી સ્વ સન્મુખ વાળી શુદ્ધાત્માને ભાવવો. તેમ ભાવવામાં આવે તો ક્ષણમાત્રમાં રાગ-દ્વેષ શાંત થાય છે. પરસન્મુખ ઉપયોગને સ્વસન્મુખ કરવો એ શ્રેષ્ઠ ઉપાય છે. કોઇ બાહ્ય ક્રિયાથી રાગ-દ્વેષ શાંત થતાં નથી. આત્માના આશ્રયે વિભાવ શાંત થાય છે. આ વિચારધારાને આચાર્યદેવ આગળ સમજાવે છે. શ્લોક ૪૦ માં

**यत्र काये मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम् ।**
**बुद्धया तदुत्तमे काये योजयेत्प्रेम नश्यति ॥४०॥**

**અન્વય :** यत्र काये मुनेः प्रेमः ततः बुद्धया देहिनम् प्रच्याव्ये तदुत्तमे काये योजयेत् प्रेम नश्यति।

**શબ્દાર્થ :** यत्र = જ્યાં, काये = શરીરમાં, मुनेः = મુનિને, અંતરાત્માને, प्रेमः = પ્રેમ હોય - સ્નેહ હોય, ततः = તેનાથી बुद्धया = વિવેકબુદ્ધિથી - ભેદવિજ્ઞાન દ્વારા, देहिनम् = આત્માને, प्रच्याव्य = પાછો વાળીને तद् उत्तमे काये = આત્મસ્વરૂપમાં- તેનાથી ઉત્તમ ચિદાનંદનય કાયમાં योजयेत् = લગાવવો-જોડવો, प्रेम नश्यति = રાગનો વિકલ્પ નાશ પામે છે.

**ભાષાન્તર :** જે શરીરમાં મુનિને-અંતરાત્માને સ્નેહ-પ્રેમ હોય તેનાથી ભેદવિજ્ઞાન દ્વારા આત્માને વ્યાવૃત્ત એટલે પાછો હઠાવીને તેનાથી ઉત્તમ ચિદાનંદનય કાયામાં ઉપયોગને લગાવવો. એમ કરવાથી બાહ્ય શરીર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે.

**ભાવાર્થ :** આચાર્યદેવ અંતરાત્માને પરમાત્મા થવા માટે વચ્ચે જે જે માનસિક ઉપસર્ગો આવે છે તેમાંથી છૂટીને અધ્યાત્મમાં કેમ આગળ વધવું તે સમજાવે છે. મુનિ અવસ્થામાં દેહમાં પ્રેમ થાય તો દેહમાંથી મમત્વ હઠાવીને ઉત્તમ એવા આત્મસ્વરૂપમાં ઉપયોગને જોડવો. તેથી બાહ્ય દેહાદિમાં થયેલું મમત્વ નાશ પામે છે.

ખરેખર તો મુનિ જંગલમાં રહે છે. અઠ્યાવીસ મૂળગુણ પાળે છે. છતાં ક્યાંક ઊંડે રહી ગયેલા સંસ્કાર મુનિને દેહમાં પ્રેમ ઉપજાવે છે. ત્યારે દેહ પ્રતિ રાગ

થાય. આહારાદિની તૃષ્ણા ઊભી થાય, મોહનીય કર્મની પ્રકૃતિ ઉદયમાં આવી જાય તો દેહમાં મમત્વભાવ આવી જાય. જે નિમિત્તને કારણે નહિ પણ પુરુષાર્થની મંદતાને કારણે મમત્વભાવમાં જોડાઇ જવાય ત્યારે ચિદાનંદમય આત્મસ્વરૂપી કાયા પર પ્રેમ કરવો. પ્રેમનું સ્થાન કાયા નહિ પણ આત્મા છે. તેનાથી પૂર્વે કરેલું મમત્વ નાશ પામે છે.

આ દેહમાં અસ્તિત્વ ધરાવનાર ચૈતન્યસત્તા છે માટે કાયાની માયા છોડીને કાયામાં જ રહેલા શુદ્ધ તત્ત્વ પર પ્રેમ કરવાથી શુદ્ધાત્મામાં સ્થિતિ સધાય છે. આત્મસ્વરૂપમાં શમાવાથી સર્વ માયા શમી જાય છે. અંતરાત્માને બહારના વિભાવભાવોની પરિણતિનો ત્યાગ કરી સ્વમાં લીન થવાનો પુરુષાર્થ યોગ્ય છે. શ્રી પૂજ્યપાદ આચાર્ય અંતરાત્માને સમ્યક્બોધ આપે છે. દેહાધ્યાસના ઊંડા સંસ્કાર રહ્યા હોય તે ક્યારેક ઉપરના સ્તર પર આવી જાય ત્યારે તે સંસ્કારને વાગોળ્યા વગર ચિદાનંદ સ્વરૂપ આત્મસન્મુખ થવું. આત્માને પ્રેમ કરવો. એક તરફ લક્ષ થતાં બીજાનું લક્ષ છૂટી જાય છે. આત્મસિદ્ધિશાસ્ત્રમાં પરમકૃપાળુદેવ પ્રકાશે છે,

*"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;*
*નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ." ૧૧૫*

અર્થાત્ હે શિષ્ય, દેહમાં જે આત્મતા મનાઇ છે, અને તેને લીધે સ્ત્રીપુત્રાદિ સર્વમાં અહંમમત્વપણું વર્તે છે, તે આત્મતા જો આત્મામાં જ મનાય અને તે દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ છે તે છૂટે, તો તું કર્મનો કર્તા પણ નથી, અને ભોક્તા પણ નથી; અને એ જ ધર્મનો મર્મ છે.

હે જીવ ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારું સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.

હે સમ્યક્દર્શની ! સમ્યક્ ચારિત્ર જ સમ્યક્દર્શનનું ફળ ઘટે છે, માટે તેમાં અપ્રમત થાય જે પ્રમત્તભાવ ઉત્પન્ન કરે છે તે કર્મબંધની તને સુપ્રતીતિનો હેતુ છે. હે સમ્યક્ચારિત્રી ! હવે શિથિલપણું ઘટતું નથી. ઘણો અંતરાય હતો તે નિવૃત્ત થયો તો હવે નિરંતરાયપદમાં શિથિલતા શા માટે કરે છે ? આ ગહન ગિરા પરમકૃપાળુદેવની છે. તત્ત્વ-પ્રચુર વાણી અંતરસ્પર્શીને લખાયેલી છે.

**વિશેષાર્થ :** આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામીની આ રચના જૈનધર્મના પ્રત્યેક અનુયાયીને સ્વીકૃત છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના ભીતરી ભાવોને આ ગ્રંથમાં ગુંથી લીધા છે. બહિરાત્મા સ્વ પુરુષાર્થથી અંતરાત્મા બને તથા અંતરાત્મા નિજાશ્રયે પરમાત્મા બને તેવી સોપાનસિદ્ધિથી ગુંથેલી આ રચના છે.

વિશેષાર્થમાં પ્રથમ ભાવશબ્દોને વિચારીએ

(૧) **यत्र काये मुनेः प्रेम** - જ્યાં બાહ્ય શરીરમાં મુનિને પ્રેમ હોય. અંતરાત્માને ભૂમિકા પ્રમાણે શરીરમાં રાગબુદ્ધિ રહે છે. ચારિત્રની અસ્થિરતાને કારણે શરીરમાં અર્થાત્ ઇન્દ્રિયોના વિષયમાં મોહ આવી જાય છે. ખરેખર તો પુરુષાર્થની કચાશને કારણે ઇન્દ્રિયોના વિષયોમાં રાગબુદ્ધિ થાય છે. રસના વિષયમાં, આહાર આદિમાં સારાપણાનો ભાવ આવી જાય. સ્પર્શેન્દ્રિયના વિષયમાં ભૂમિકા પ્રમાણે ઘર સારું મળે, ગુફા સારી લાગે ત્યારે આચાર્યદેવ ઉત્તમ બોધ આપે છે કે ભેદવિજ્ઞાન દ્વારા આત્માને પાછો વાળીને આત્મસ્વરૂપમાં લગાવવો. આ જ એક માત્ર ઉપાય છે. આત્માશ્રયથી અંતરાત્મદશા ટકી શકે છે.

મુનિનું સંયમાસ્ત્ર ઉપકારક છે તે માટે 'જ્ઞાનસાર' ગ્રંથમાં કહ્યુ છે,

**संयमास्त्रं विवेकेन शाणेनोत्तेजितं मुनेः ।**
**धृतिधारो ल्बणं कर्मशत्रुच्छेदक्षमं भवेत् ॥८॥**

અર્થાત્ વિવેકરૂપ સરાણેથી ઉત્કૃષ્ટ તેજ-તીક્ષ્ણ કરેલું અને સંતોષરૂપ ધારવાળું સંયમાસ્ત્ર મુનિના કર્મરૂપ શત્રુનું છેદન કરવામાં સમર્થ છે. સંયમ એટલે ઉપયોગને સ્વમાં વાસિત કરવો. સંયમ એટલે નિજાશ્રયે આત્મસ્વરૂપમાં સ્થિર થવું. જ્યારે મુનિને શરીરાદિમાં પ્રેમ હોય ત્યારે ગહન ઉગ્ર પુરુષાર્થથી શુદ્ધાત્મામાં સ્થિર થવું, જે રાગ-પ્રેમ નાશનો ઉપાય છે.

અવિદ્યાની શક્તિ કરતાં તારી ભીતરી શક્તિ મહાન છે. પોતાની રાગબુદ્ધિથી શરીરાદિમાં પ્રેમ થયો છે. પરને દેખી આત્મા પરમાં ભળી ગયો. હવે અંતરનિરીક્ષણ કર કે આ બધા પરભાવમાં કાંઇ જોર

નથી. સ્વભાવમાં તાકાત છે. સ્વભાવના સામર્થ્યથી શરીરાદિમાં થયેલો પ્રેમ નાશ પામે છે. ખરેખર ઉપયોગને સ્વસન્મુખ કરવો એ આત્મસ્થિરતા અને આત્માનુભવનું રહસ્ય છે.

**દૃષ્ટાન્ત :** અધ્યાત્મયોગી વિચરણ કરતાં કરતાં એક નાના ગામમાં પહોંચે છે. જ્ઞાન-ધ્યાનની ઉગ્રતામાં જીવતાં યોગી પાસે યુવાનમિત્ર ચરણસ્પર્શ કરી યોગીના ઉપનિષદમાં રહે છે. એક દિવસ યુવાનમિત્ર યોગીને કહે છે કે મારે બ્રહ્મનો-આત્માનો અનુભવ કરવો છે. તે માટે મારે શું કરવું ? જે કહો તે હું કરીશ. યુવાન બીજીવાર આ જ ભાવ વ્યક્ત કરે છે. યોગીરાજ કશો જવાબ આપતા નથી. યુવાન ત્રીજી વાર આ જ પ્રશ્ન કરે છે છતાં યોગી મૌન છે. તેથી યુવાન વિચારે છે કે યોગીરાજ પ્રત્યુત્તર આપતાં નથી, મારી કાંઇ ભૂલ હશે. યુવાન અહીંથી બહાર જવા વિચારે છે, છતાં છેલ્લી વાર યોગીરાજને પ્રશ્ન પૂછવાનું નક્કી કરે છે. હિંમત કરીને યોગીરાજને પૂછે છે, 'નિજાનંદ કેમ અનુભવાય ? તેનુ આપ નિરાકરણ કરો.' યોગીરાજ તો મૌન જ સેવે છે. અંતે યુવાન ત્યાંથી ચાલ્યા જવાનો નિર્ણય કરે છે. ઊભો થાય છે. પાંચ-સાત ડગલા ચાલે છે ત્યાં જ યોગીરાજે કહ્યું 'વત્સ, ઊભો રહે.' યુવાન ઊભો રહી તેનું મુખ પાછું વાળી યોગીરાજને જુએ છે. યોગી કહે છે, 'વત્સ ! તું અર્થાત્ તારું મન-ઉપયોગ બહાર જાય ત્યારે, તેનાથી પાછું વાળી આત્મામાં જોડી દે તો મનથી પાર નિજાનંદ અનુભવાશે.' યુવાન યોગીરાજના બોધનો સાર સમજી ગયો. પાછો ફરી યોગીરાજના ચરણસમીપ બેઠો. ઉગ્ર આરાધના કરી, યોગી જેવી દશા પામ્યો ત્યારે યોગીરાજ યુવાનને ભેટી પડ્યા - ભેટી રહ્યા.

મુનિને શરીરાદિમાં પ્રેમ થાય ત્યારે આચાર્યદેવ અંતરાત્માને જાગૃત કરે છે કે ભેદવિજ્ઞાનના બળે બીજા અન્ય ભાવોથી પાછો ફરીને ચિદાનંદરૂપી કાયામાં ઉપયોગને જોડી દેજે, જેથી શરીરાદિના રાગાદિ વિકલ્પોથી મુક્ત થઇ શકીશ. આ અપૂર્વ શ્રદ્ધાના પ્રહરી શ્રી પૂજ્યપાદ સ્વામી છે.

પૂ.બેનશ્રી ચંપાબેન 'વચનામૃત' બોલ ૧૭-૧૮ માં જ્ઞાનવાણી ફરમાવે છે, "જેમ વૃક્ષનું મૂળ પકડવાથી બધું હાથ આવે છે, તેમ જ્ઞાયકભાવને પકડવાથી બધું હાથ આવશે. શુભ પરિણામ કરવાથી કાંઇ હાથ નહિ આવે. જો મૂળ સ્વભાવને પકડ્યો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ-સમાધાન રહેશે. જ્ઞાતાદૃષ્ટાપણે રહી શકાશે .... દૃષ્ટિ દ્રવ્ય ઉપર રાખવાની છે. વિકલ્પો આવે પણ દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર છે. જેમ પતંગ આકાશમાં ઊડે પણ દોર હાથમાં હોય છે, તેમ 'ચૈતન્ય છું' એ દોર હાથમાં રાખવો. વિકલ્પો આવે, પણ ચૈતન્યતત્ત્વ તે હું છું - એવો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢતા થાય."

અંતરાત્માને તથા આત્મમાર્ગના અભ્યાસને આ આત્મવાણી સ્થિરતાર્થે કરણીય છે. (ક્રમશઃ)

● ● ●

## આપણી ભૂલો...

(પાના નં. ૧૧ પરથી ચાલુ...)

આ આંતરદર્શન કરતી વખતે એક વિશેષ સાવધાની એ રાખવી જોઇએ કે આપણે આપણો આત્મવિશ્વાસ ખોઇ બેસીએ નહીં. ઘણી વ્યક્તિઓ પોતાની જાત વિશે ફિટકાર ધરાવતી હોય છે. એમને સ્વજીવન પ્રત્યે તિરસ્કાર હોય છે અને પોતાની શક્તિઓ તરફ ઉપેક્ષાભાવ હોય છે. આવે સમયે વ્યક્તિએ આત્મગૌરવનો વિચાર કરવો જોઇએ. એણે વિચારવું જોઇએ કે હું માત્ર દોષોનો દરિયો કે ક્ષતિઓનો સાગર નથી. મારામાં કેટલાક સારા ગુણો અને આગવી શક્તિઓ રહેલી છે.

આથી જ દોષો દૂર કરવાની સાથોસાથ એણે એની આગવી શક્તિને બહાર લાવવા માટે કોશિશ કરવી જોઇએ. પોતાની નિર્બળતાની સાથોસાથ સબળતાનો પણ વિચાર જરૂરી છે. પોતાની મર્યાદાઓને ઓળખતા જઇને અને એને સુધારતા જઇને પોતાની શક્તિઓને એ શોધી શકે છે, આથી આંતરદર્શન કરતી વખતે પોતાની ભૂલો પ્રત્યે જાગ્રત થઇને એ ભૂલો દૂર કરવાની છે અને એથીયે વિશેષ એ દોષ, ક્ષતિ કે ભૂલને જીવનમાંથી વિદાય આપવાની છે. આમ થશે તો એક એવું અદ્ભુત વિશ્વ વ્યક્તિની સામે ખૂલશે કે જેમાં એની શક્તિઓને નવી ક્ષિતિજો પામ્યાનો અનુભવ થશે.

● ● ●

परम पूज्य श्री अमितगति आचार्य विरचित

# श्री अमितगति सामायिक पाठ

## એક અનુચિંતન

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

(આધાર : પ.પૂ. ગણાચાર્યશ્રી ૧૦૮ વિરાગસાગરજી મહારાજની પુસ્તિકા તથા પૂજ્યશ્રીના સ્વાધ્યાય)

**(શ્લોક - ૯)**

**क्षतिं मनः शुद्धि विधेरतिक्रमं,**
**व्यतिक्रमं शील व्रतेर्विलंघनम् ।**
**प्रभोऽतिचारं विषयेषु वर्तनं,**
**वदन्त्यनाचारमिहातिसक्तताम् ॥**

**अन्वयार्थ :** प्रभो = હે ભગવાન, इह (ज्ञानिन) = આ લોકમાં આપના જેવા મહાન જ્ઞાની, मनः शुद्धि विधेः = મનની શુદ્ધિની વિધિ, क्षतिं = વિનાશને , अतिक्रमं = અતિક્રમ, शील व्रतेः = શીલની મર્યાદાનો, विलंघनम् = ઉલ્લંઘનને, व्यतिक्रमम् = વ્યતિક્રમ, विषयेषु = વિષયોમાં, वर्तनम् = પ્રવર્તનને, अतिचारम् = અતિચાર, अतिसक्तताम् = અતિ આસક્તિને, अनाचारम् = અનાચાર, वदन्ति = કહે છે.

● **ગુજરાતી પદ્યાનુવાદ :**

મુજ મલિન મન જો થાય તો, તે દોષ અતિક્રમ જાણતો,
વળી સદાચારે ભંગ બનતા દોષ વ્યતિક્રમ માનતો;
તે અતિચારી સમજવો જે વિષયસુખમાં મ્હાલતો,
અતિ વિષય સુખ આસક્તને હું અનાચારી ધારતો.

● **ગદ્યાનુવાદ :**

હે પ્રભો ! આપે મનઃશુદ્ધિના વિનાશને અતિક્રમ, વ્રતની મર્યાદાના વચન અને તન દ્વારા ઉલ્લંઘનને વ્યતિક્રમ, ઇન્દ્રિયવિષયસેવનને અતિચાર તથા આસક્તિપૂર્વક વિષયસેવનને અનાચાર કહ્યો છે.

● **વિશેષાર્થ :**

સામાયિકમાં સાધકે રાગદ્વેષ રહિત થઈ સમતાનો અભ્યાસ કરવા માટે ચિત્તને એકાગ્ર અને પવિત્ર કરવું પડે છે. સ્થિરતા અને પવિત્રતા માટે ચિત્તની મલિનતા દૂર કરવી પડે છે. આ ગાથામાં ચિત્તની મલિનતાની શ્રેણીઓનું સ્વરૂપ સમજાવ્યું.

● **અતિક્રમ :**

આ ચિત્તની મલિનતાની પ્રથમ શ્રેણી છે. આ શ્રેણીમાં સાધકને-મુનિને પૂર્વના સંસ્કારવશ ચિંતનમાં દેહાત્મબુદ્ધિ, હિંસા, ચોરી, અસત્ય, કુશીલ, તૃષ્ણા તથા નિંદા-ઈર્ષા આદિ અશુભ ભાવો આવી જાય તે દોષને અતિક્રમ કહેવાય છે. આ દોષ સૂક્ષ્મ છે અને સાધક સાવધાન થઈ જાય તો ફરીથી ચિંતનમાં એકાગ્ર થઈ જાય છે. આ દોષ અબુદ્ધિપૂર્વક થયો હોવાને લીધે આસ્રવ-બંધ ઓછા થાય છે.

● **વ્યતિક્રમ :**

જો ઉપરોક્ત દોષ ચાલુ રહે અને સાધક જાગૃત ન થાય તો મલિનતા વધી જાય છે. મન તો પતિત-પરિણામી થયું જ છે, પણ સાથે શરીર અને વાણી પણ અશુદ્ધ થઈ જાય છે. તેથી સદાચાર-શીલનો ભંગ થઈ જાય છે. આ રીતે દોષ વધી જાય છે અને વિશેષ કર્મનો આસ્રવ-બંધ કરે છે. આ દોષને વ્યતિક્રમ કહીએ છીએ.

● **અતિચાર :**

હવે ઉપરના દોષમાં સાધક વિશેષ ખેંચાઈ જાય અને તેને મન-વચન-કાયાની અશુદ્ધિમાં સુખાભાસ થવા લાગે તો તે વધારે મોટા દોષનો પાત્ર બને છે અને સાધનામાર્ગથી વિચલિત થવા લાગે છે. વિકારીભાવોમાં સુખબુદ્ધિ થવાને લીધે તે સાધક વિશેષ કર્મબંધ કરે છે.

● **અનાચાર :**

ઉપરોક્ત દોષની માત્રા જ્યારે ઘણી વધી જાય અને સાધકજીવ વિવેક ચૂકી જઇ ઇન્દ્રિયના કોઇ વિષયમાં આસક્ત થઇ જાય છે ત્યારે તેને 'અનાચાર' નામનો બહુ મોટો દોષ લાગે છે.

આ પ્રમાણે વ્રતાદિ ગ્રહણ કરેલા સાધકને આ ચાર પ્રકારના દોષો લાગે છે. આ ઉપરાંત કેટલાંક વિદ્વાનોએ 'આભોગ' નામનો પાંચમો દોષ પણ કહ્યો છે. આવા સાધકનો વ્રતભંગ થઇ જાય છે અને મોક્ષમાર્ગથી તે સર્વ પ્રકારે ભ્રષ્ટ થઇ જાય છે.

● **ઉપસંહાર-પરમાર્થ-આત્માર્થ :**

આપણે ઉપરના દોષોને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી ટાળવાનો ઉદ્યમ કરવો જોઇએ. બની શકે તો નિરંતર સદ્‌ગુરુના સાન્નિધ્યમાં રહી તેમની આજ્ઞા અનુસાર સત્‌સાધન કરવા જોઇએ.

પરમકૃપાળુદેવ કહે છે :-

''સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઇ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ?
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય,
દીઠા નહિ નિજ દોષ તો તરીએ કોણ ઉપાય ?''

**-'વીસ દોહરા'- ૧૭, ૧૮**

જ્યારે જ્યારે મન વિચલિત થાય ત્યારે પૂર્વે થયેલા મહાપુરુષોના ચરિત્રોનું સ્મરણ કરવાથી વિશેષ પુરુષાર્થ કરવાની પ્રેરણા મળે છે. યથા :-

''વિષયકષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઇને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે, ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઇ, ફરી મહંત પુરુષનાં ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાં સુધી નીચે મને બેસતા નથી, તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે અને તેથી જ અંતે જય પામ્યા છે.''

**- શ્રીમદ્‌ રાજચંદ્ર પત્રાંક-૮૧૯**

**શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ**

## શ્રી દેવચંદ્રજી ચોવીસી ....

**(પાના નં. ૨૦ પરથી ચાલુ...)**

સ્વચ્છંદ અને પ્રતિબંધ ટાળે છે. આ ઉત્તમ નિમિત્તના પ્રભાવથી પછી *''આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદ નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ''* એમ સ્થિર મનથી પ્રભુસેવના થાય તો પ્રથમ સમકિત પ્રગટે. બસ, પછી તો કલ્યાણની પરંપરા ..... બીજું સમકિત, ત્રીજું સમકિત (જુઓ શ્રી વચનામૃતજી પત્રાંક-૭૫૧), દેશવિરતિ, સર્વવિરતિ, ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાન ! એક, બે કે થોડા જ ભવોમાં આ કાર્ય પૂર્ણ થતાં **''દેવચંદ્ર પદ તે લહેજી''** - દેવોમાં ચંદ્ર સમાન એવા પરમાત્મપદને સાધક વરે છે અને **''વિમલ આનંદ સ્વયમેવ''** - નિર્મળ, નિરાકુળ, શાશ્વત, અનંત આનંદ સ્વયં પોતાના જ આ સમ્યક્‌પુરુષાર્થથી પામે છે. આમ, ભક્તિ કરતાં કરતાં ભક્ત સ્વયમેવ ભગવાન બની જાય છે એમ કહી દેવચંદ્રજી સ્તવનની પૂર્ણાહુતિ કરે છે.

શ્રી દેવચંદ્રજીના સ્તવનની આ જ ખૂબી છે કે પોતાની ભક્તિ દ્વારા એવો પાનો ચઢાવે કે આપણને એમ થાય કે હું પણ તેમણે બતાવેલી સાધના અને સત્‌દેવ-ગુરુ-ધર્મની સ્થિર મનથી શ્રદ્ધા કરી તેમના જેવી આત્મિક શુદ્ધતા જરૂર પામી શકું અને આ ભવે, આ ક્ષેત્રે ભલે કેવળજ્ઞાન થઇ શકતું નથી પણ સમ્યગ્દર્શનથી તેના બીજ તો રોપી શકું ને? દેવચંદ્રજીના ખુમારીભર્યા વચનોનું પાન કરતાં આ વાત જરા પણ અશક્ય લાગતી નથી. તેથી દેવચંદ્રજીનો અનંતો ઉપકાર માની તેમને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણાને વિરામ આપીએ છીએ. સ્તવનના અર્થ, ભાવાર્થમાં શ્રી દેવચંદ્રજીના આશયથી કંઇપણ વિપરીત લખાયું હોય તો સર્વ સત્પુરુષોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

● ● ●

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૧૩ મા તીર્થંકર શ્રી વિમલનાથ સ્તવન

(ગતાંકથી ચાલુ)

ગણિશ્રી દેવચંદ્રજીએ સ્તવનની શરૂઆતની ચાર ગાથાઓમાં શ્રી વિમલનાથ ભગવાનની વિમલતા અને અનંતતાના ગુણગાન કરતાં કરતાં પ્રભુ ત્રણે લોકમાં શા માટે સર્વોચ્ચ પદ ધરાવે છે તે વિવિધ રૂપક સાથે સરખામણી કરીને પ્રભુની તાત્ત્વિક ઓળખાણ કરાવી. ગાથા-૪ માં અસ્તિતા-નાસ્તિતા દ્વારા જે પ્રભુની અનંતતા ગણિશ્રીએ બતાવી હતી તેમાં એક વિશેષ વાત ઉલ્લેખનીય છે, જે શ્રી વિજયકલાપૂર્ણસૂરીજીએ તેમના વિવેચનમાં તથા પૂજ્યશ્રી રાકેશભાઈએ તેમના પ્રવચનમાં દર્શાવી છે અને તે એ કે પ્રભુના કેવળજ્ઞાનગુણમાં કેવળદર્શન આદિ બીજા અનંત ગુણની નાસ્તિતા પણ છે કારણ કે દર્શન ગુણ જ્ઞાન ગુણના કાર્યમાં કંઈ પણ ખલેલ પહોંચાડી ન શકે. એ જ રીતે દરેક ગુણ માટે બાકીના અનંત ગુણ 'પર' છે અર્થાત્ દરેક ગુણમાં બાકીના અનંત ગુણોની નાસ્તિતા જ છે. આમ, અસ્તિતાયુક્ત અનંત ગુણો અને દરેક ગુણની સામે નાસ્તિતાયુક્ત અનંત ગુણો - આવી પ્રભુની સામર્થ્યવાન અનંતતા છે ! શ્રી વિજયકલાપૂર્ણસૂરીજી જણાવે છે કે *"આ પ્રમાણે સર્વ ગુણોના સ્વ-પર પર્યાયની અપેક્ષાએ અસ્તિતા અને નાસ્તિતા પરમાત્મામાં રહેલી છે."*

પરમાત્માના ગુણો જ એવા અલૌકિક છે કે સર્વ મહાત્માઓ તેમની ભક્તિમાં લીન થયા વગર રહી શકતા નથી. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ પત્રાંક-૭૬૭ માં પ્રભુના વીતરાગીપણાની કેવી ભક્તિ કરી છે તે જોઈએ. કહે છે, *"પરમભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને પરમદ્વેષથી પરિષહ ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી, તે પુરુષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર."* આપણે પણ જો પ્રભુના ગુણોનો આ રીતે અંતરમાં અત્યંત મહિમા લાવીને પ્રભુની આવી તાત્ત્વિક ભક્તિ પ્રભુ જેવા બનવાના અંતિમ લક્ષ સાથે કરીએ તો તેનું કેવું સર્વોત્તમ ફળ મળે છે તે ગણિશ્રી પોતાના અનુભવથી હવેની અંતિમ ત્રણ ગાથાઓમાં દર્શાવે છે તે અવલોકીએ :

**તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન;**
**તેહને તેહી જ નીપજેજી, એ કોઈ અદ્ભુત તાન.**

**- વિમલજિન . ૫**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! તારા શુદ્ધ સ્વભાવને જે સાધક બહુમાનપૂર્વક આદરે તેને તેવો જ શુદ્ધ સ્વભાવ પ્રગટે છે એ કોઈ અદ્ભુત તત્ત્વ છે અથવા એ કોઈ અદ્ભુત ઘટના છે. (નીપજે = પ્રાપ્ત થાય; તાન = તત્ત્વ અથવા ઘટના).

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજી શ્રી વિમલનાથ ભગવાનને ભક્તિભાવપૂર્વક સંબોધીને કહે છે કે હે પ્રભુ ! જે કોઈ સાધક તારા શુદ્ધ સ્વભાવને ઓળખીને તેની બહુમાનપૂર્વક આરાધના કરે તે સાધકમાં એક અદભુત ઘટના બને છે અને તે એ કે સાધકને તારા જેવો જ શુદ્ધ સ્વભાવ નીપજે છે, પ્રગટે છે.

અહીં એક વાત લક્ષમાં લેવા યોગ્ય છે કે પ્રભુના 'શુદ્ધ સ્વભાવ' ની યથાર્થ ઓળખાણ થયા વગર તેનું બહુમાન ન આવે અને તે ઓળખાણ કોઈ વર્તમાને વિદ્યમાન આત્મજ્ઞાની સદ્ગુરુ જ કરાવી શકે કારણ કે તેમણે આ જ પ્રકારે પ્રભુની બહુમાનપૂર્વક આરાધના કરીને સ્વયં શુદ્ધ સ્વભાવ આંશિકપણે પ્રગટાવ્યો છે. (પ્રભુની ઓળખાણનું વિશેષ માહાત્મ્ય અંતિમ ગાથામાં દર્શાવ્યું છે.) સદ્ગુરુના આશ્રયથી સાધકને પ્રભુના શુદ્ધ સ્વભાવની યથાર્થ સમજણ પ્રાપ્ત થાય છે કે શુદ્ધ સ્વભાવ એટલે સર્વ રાગ-દ્વેષ રહિત અને શુદ્ધ જ્ઞાન, દર્શન આદિ

અનંત ગુણો સહિત પ્રભુનું પરમ શાંત, જ્ઞાનાનંદમય વીતરાગી સ્વરૂપ. સદ્‌ગુરુ અનુગ્રહે આવી દશા પોતે પણ પામે એવું સાધકનું લક્ષ બંધાતા તે બહુમાનપૂર્વક પ્રભુનો અત્યંત અંતરંગ મહિમા લાવીને તેમની વીતરાગી શુદ્ધ દશાને આદરે છે, આરાધે છે; તે સ્વરૂપનું ચિંતન, મનન, ધ્યાન કરી તેમાં એકાકાર થતાં કોઇ દિવ્ય ક્ષણોમાં સમકિતને, સમ્યગ્‌દર્શનને પ્રાપ્ત થાય છે, જે 'શુદ્ધ સ્વભાવ' નીપજવાનું પ્રથમ સોપાન છે. પ્રભુની પરોક્ષ આજ્ઞા અને વર્તમાનમાં પોતાના સદ્‌ગુરુની પ્રત્યક્ષ આજ્ઞાપાલનથી થયેલ પ્રભુના શુદ્ધ સ્વભાવની સમ્યક્‌પ્રતીતિનું આ ફળ છે. તે આગળ જતાં કેવું વિશ્વનું સર્વોચ્ચ ફળ આપે છે તે વિષે પરમકૃપાળુદેવ શ્રીમદ્‌ રાજચંદ્રજી પત્રાંક ૭૭૧ માં ફરમાવે છે કે, *"(તીર્થંકરની)તે પ્રતીતિથી, તે રુચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ વિસ્તાર સહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે. તથારૂપ પુરુષની આજ્ઞા ઉપાસવાથી રાગદ્વેષનો ક્ષય થઇ વીતરાગ દશા થાય છે."* બસ, આ જ તો છે શ્રી દેવચંદ્રજીના શબ્દોમાં **"તેહને તેહી જ નીપજે !"** અને **"એ કોઇ અદ્‌ભુત તાન"** - આ એક અદ્‌ભુત તાન, ઘટના એટલા માટે છે કે શ્રી વિમલનાથને સેવતાં સેવતાં ભક્ત સ્વયં વિમલતાને પ્રાપ્ત કરે છે. પ્રભુના ગુણોનો અનુરાગ અને સ્તવના કરતાં કરતાં સાધક પોતાના જ શુદ્ધ ગુણોનો આસ્વાદ માણવા લાગે છે. પૂજ્યશ્રી આત્માનંદજી વારંવાર પ્રભુના આવા અનંત ઉપકારનો સ્વાધ્યાયમાં ઉલ્લેખ કરતાં કહે છે કે, "જગતમાં આ એક જ શેઠ એવો છે કે જે તેના દાસને સ્વયં પોતાના જેવો બનાવે છે !" જગતમાં તો કોઇ ધનાર્થી જગતના સૌથી મોટા ધનાઢ્યનો દાસ બને તો પણ તે શેઠ તેને પોતાના જેટલો ધનાઢ્ય બનાવતો નથી. પણ મારા પ્રભુ તો આવી અદ્‌ભુત ઘટનાના દાની છે. પ્રભુ આમ એક અદ્‌ભુત સત્‌દેવ તત્ત્વ પણ છે. ('તાન' નો બીજો અર્થ તત્ત્વ પણ થાય છે, એ દૃષ્ટિએ).

શ્રી દેવચંદ્રજીએ પ્રભુના વિમલતા, કેવળજ્ઞાનાદિ ગુણોનું વર્ણન તો શરૂઆતમાં કર્યું પણ હવે પ્રભુ મને કેવા લાગે છે તે ત્રણ નામ દ્વારા સંબોધીને પોતાની વિશેષ ભક્તિ વ્યક્ત કરે છે :

**તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સમો અવર ન કોય;**
**તુમ દરિશણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય.**

- વિમલજિન . ૬

**શબ્દાર્થ :** હે વિમલનાથ ! તમે પ્રભુ છો, તમે તારક અને વિભુ છો. તમારા જેવું (આ જગતમાં) બીજું કોઇ નથી. આપનું દર્શન એક શુદ્ધ આલંબન છે, જેના વડે હું (ભવસાગર) તરી ગયો છું. (તારક = તારણહાર; વિભુ = કૃપાસિંધુ, સર્વવ્યાપી; સમો = જેવો; અવર = બીજો)

**વિશેષાર્થ :** શ્રી વિમલનાથ ભગવાનના અનંત ઉપકારનું હૃદયપૂર્વક વેદન કરતાં દેવચંદ્રજી અહીં તેમને અનેક જગતપૂજ્ય નામોથી સંબોધતા કહે છે કે તમો **'પ્રભુ'** છો, **'તારક'** છો, અને **'વિભુ'** છો. પ્રભુ એટલે મારા સ્વામી છો કારણ કે તમે જ મારું શરણ છો, રક્ષક છો, બંધવ છો. આપ સ્વામીના ચરણકમળનો આશ્રય લેતાં મારા સર્વ દુઃખ ટળી જઇ હું પરમ શાંતિ, સુખ અને સલામતીનો અનુભવ કરું છું. વળી આપ **'તારક'** છો કારણ કે આ ભવસાગરથી પાર ઊતારવામાં તમે જ મારા તારણહાર છો. ભવસાગરમાં મધદરિયે હું જ્યારે રાગ, દ્વેષ, અજ્ઞાન, ક્રોધાદિ દુષ્ટ ભાવોના ઝંઝાવાતમાં સપડાયો ત્યારે હે વિમલનાથ, આપે જ મને એક અનુભવી ખેવૈયા બની આ સંસારસાગરના કિનારાની એટલી નજીક પહોંચાડી દીધો છે કે મોક્ષ હવે મને જાણે સામે જ દેખાય છે. તેથી જ આપને 'તિન્નાણં તારયાણં' કહ્યાં છે તે અત્યંત સાર્થક છે. અને આપ જ્યારે અંતર્ધાન થઇ મારાથી દૂર લાગો છો ત્યારે પ્રત્યક્ષ સદ્‌ગુરુરૂપી ખેવૈયાને મોકલી ક્યારેય મારી નૈયાને ડૂબવા દેતા નથી. વળી, આપ 'વિભુ' છો, અર્થાત્‌, સર્વ-સામર્થ્યવાન, સર્વવ્યાપી છો. એવા સામર્થ્યવાન કે જે કોઇ પરમાર્થના લક્ષપૂર્વક દાસાનુદાસ બની આપનું શરણ લ્યે તેને આપ સર્વ શુભાશુભ ભાવોથી પાર કરાવી શુદ્ધ ભાવોની

પરંપરા દ્વારા મોક્ષ સુધી પહોંચાડી દો છો અને આપ સર્વવ્યાપી વિભુ હોવાથી મારા અંતરમાં પણ એવા વ્યાપી ગયા છો કે જ્યાં સુધી આપના જેવો ન બનું ત્યાં સુધી મારા અંતરમાંથી ખસવાના નથી ! એવો આપનો આપના ભક્તો પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ છે.

આમ, શ્રી વિમલનાથ ભગવાન પ્રભુ, વિભુ અને તારક હોવાથી દેવચંદ્રજી કહે છે, **''તુમ સમો અવર ન કોય''** - હે વિમલનાથ ! તારા જેવો ત્રણ લોકમાં બીજો કોઈ સ્વામી નથી કે જે અનન્ય શરણ આપી મને આ રીતે અનંત સુખના માર્ગે લઈ જાય. અત્યાર સુધી હું મારી અજ્ઞાનદશામાં સ્ત્રી, પુત્ર, મિત્રાદિ વ્યક્તિઓ, ધન-સંપત્તિ આદિ વસ્તુઓ અને પુણ્યોદયથી પ્રાપ્ત થયેલ અધિકાર, માન-સન્માન આદિ અનુકૂળ પરિસ્થિતિઓને જ આધાર માની ચાલતો હતો પણ તે સર્વે મને નિરાધાર મૂકી ચાલ્યા જાય છે. વળી અસત્‌દેવ, અસદ્‌ગુરુ અને અસદ્‌ધર્મે મને સંસારમાં રખડાવ્યો. તેમાંથી કોઈ તારા જેવા નિષ્કષાયી કે વીતરાગી નથી એમ 'તુમ સમો અવર ન કોય' એવું હવે મને ભાન થયું છે અને તેથી જ તારી અનન્ય ભક્તિ કરવા હું પ્રેરાયો છું.

તે અનન્ય ભક્તિનું ફળ પણ મને પ્રત્યક્ષ દેખાય છે કે **''તુજ દરિશણ થકી હું તર્યોજી''** - હે પ્રભુ ! તારા દર્શનમાત્રથી મને મારું આત્મદર્શન થયું છે તેથી હું સંસારસાગર તરી ગયો છું. (શ્રી વિજયકલાપૂર્ણસૂરીજી અહીં દરિશણ, દર્શનના ત્રણ અર્થ બતાવે છે : સમ્યગ્દર્શન, મૂર્તિદર્શન અથવા જિનશાસન) શ્રી દેવચંદ્રજીની ખુમારી તો જુઓ ! હું ભવિષ્યમાં તરી જઈશ એમ નહીં પણ હું ''તર્યોજી'' - તરી ગયો છું, મોક્ષે પહોંચી ગયો છું, એમ જ સમજી લો ! અને વાત પણ સાચી છે ને ? અરે, ગાડી બોરીવલી આવી ગઈ પછી આપણે એમ જ કહીએ ને કે મુંબઈ આવી ગયું. એમ કહેવામાં મુંબઈ સેન્ટ્રલ આવવાની કંઈ રાહ જોતા નથી ! એ જ રીતે દેવચંદ્રજી આત્માની એવી ઉત્કૃષ્ટ શુદ્ધ દશા પામ્યા છે કે ''*મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા*'' એ ન્યાયે ''*હું તર્યોજી*'' એમ ભાવિ નૈગમનયથી કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. એટલો પોતાનો દ્રવ્ય-મોક્ષ પણ તેમને નજીક દેખાઈ રહ્યો છે !

પૂજ્યશ્રી આત્માનંદજી આ વાતને એક સુંદર દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે આપણે ઈડરના ઘંટિયા પહાડ પર પરમકૃપાળુદેવના દર્શન અને સાધના માટે જઈએ ત્યારે તળેટીએ પહોંચીએ એટલે શિખરે પહોંચી જ ગયા સમજો. પછી તો તળેટી આગળથી જ સાદ દઈએ કે ''*ઓ ભાઈ, જરા ડોલી મોકલાવજો, ભાઈ !*'' કે તુરત સામાન માટેની ડોલી નીચે આવે. બસ, એ જ રીતે દેવચંદ્રજી અને શ્રીમદ્‌જી જેવા મહાપુરુષો મોક્ષની તળેટીએ પહોંચી ગયા છે તેથી ખાતરીપૂર્વક કહે છે ''*હું તર્યોજી* '' અને શ્રીમદ્‌જી કહે છે ''*તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.*'' તેઓ ભક્તિસભર હૈયે પ્રભુને પોકાર કરે કે, ''*મોક્ષરૂપી ડોલી મોકલાવજો!* '' અને પ્રભુ જાણે તેમનું સાંભળીને એક-બે ભવમાં પોતાની પાસે સિદ્ધલોકમાં બોલાવી લે છે કે, ''આવ ભાઈ હરખા, આપણે બેઉ સરખા !'' (ખરેખર તો વીતરાગી સિદ્ધપ્રભુ આવા કોઈ વિકલ્પ કરતા નથી. આ તો માત્ર ભક્તહૃદયની ઊર્મિઓને અક્ષરદેહ આપ્યો છે).

શ્રી દેવચંદ્રજી આગળ કહે છે - **''શુદ્ધ આલંબન હોય''** - 'પ્રભુના દર્શન અને નિષ્કામ ભક્તિરૂપ શુદ્ધ આલંબનથી હું જે પ્રભુમય બની ગયો તેના પ્રતાપે જ આ સંસારસાગર હું તરી ગયો, એમ કહી શકાય એવી અભૂતપૂર્વ ઘટના બની છે. આ આલંબન શુદ્ધ એટલા માટે છે કે તેના આશ્રિતને શુભાશુભ ભાવોથી પાર કરી નિરાલંબન, નિર્વિકલ્પ એવા શુદ્ધભાવમાં પહોંચાડી છે છે. પ્રભુનું અવલંબન પરાવલંબન હોવા છતાં સ્વમાં, નિજાત્મરૂપ ઉપાદાનમાં એકાકાર કરાવે છે. દેવચંદ્રજીએ પહેલા જ સ્તવનમાં આ વાત કરી હતી કે ''*પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ.*'' આપણે પણ આ રીતે વિમલનાથના આલંબનથી વિમલ બની શકીએ છીએ એમ અંતિમ ગાથામાં નિર્દેશ કરી દેવચંદ્રજી સ્તવનની પૂર્ણાહુતિ કરે છે :

**પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ;**
**દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ.**
**- વિમલજિન . ૭**

**શબ્દાર્થ :** પ્રભુની વિમલતા ઓળખીને જે સ્થિર મનથી તેમની સેવના કરે છે, તે દેવોમાં ચંદ્ર સમાન પદને પ્રાપ્ત કરી નિર્મલ આનંદને સ્વયમેવ પ્રાપ્ત કરે છે. (થિર = સ્થિર; સેવ = સેવના, આજ્ઞાપાલનરૂપી સેવા; લહેજી = પ્રાપ્ત કરે છે)

**વિશેષાર્થ :** આ અંતિમ કડીમાં શ્રી દેવચંદ્રજીએ પ્રથમ ચરણમાં જાણે આખો મોક્ષમાર્ગ સંક્ષેપમાં જણાવી દીધો અને બીજા ચરણમાં તેનું ફળ પણ બતાવી દીધું. આ જ સૂચવે છે કે દેવચંદ્રજીની ભક્તિ કેટલી તાત્ત્વિક છે ! પોતાના અનુભવનો અહીં નિચોડ છે.

જે આત્માર્થી છે, મુમુક્ષુ છે, જેને "*માત્ર મોક્ષ અભિલાષ*" છે એવા ભવ્ય જીવના માર્ગદર્શક બની દેવચંદ્રજી કહે છે કે તમે પ્રભુની વિમલતા ઓળખીને સ્થિર મનથી તેમની સેવના કરો તો મોક્ષ તમારી હથેળીમાં છે ! તો સૌ પ્રથમ તો "**પ્રભુ તણી વિમલતા ઓળખીજી**" - પ્રભુની વિમલતા અર્થાત્ પ્રભુના શુદ્ધ વિમલ સ્વરૂપને દ્રવ્ય, ગુણ, પર્યાયથી ઓળખવું પડશે. આ ઓળખાણ અત્યંત આવશ્યક છે કારણ કે તેથી જ સત્‌દેવતત્ત્વની સમ્યક્‌શ્રદ્ધા થશે. સત્‌દેવની શ્રદ્ધા થતાં તેમણે પ્રરૂપેલા સત્‌ધર્મની શ્રદ્ધા થશે. પણ ઓળખાણ વગર શ્રદ્ધા કેવી ? કહ્યું છે ને કે :

*"જે જાણતો અર્હંતને, ગુણ દ્રવ્ય ને પર્યયપણે;*
*તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે"*

આવી ઓળખાણ પારમાર્થિક રીતે તો તેવા પ્રભુત્વને આંશિકપણે પામેલા કોઇ આત્મજ્ઞાની સદ્‌ગુરુ જ કરાવી શકે. પારમાર્થિક એટલે પ્રભુની આંતરિક આત્મદશાને મુખ્ય રાખી તેઓ ઓળખાણ કરાવે છે. પ્રભુના અષ્ટપ્રાતિહાર્ય, સમવસરણ, પરમૌદારિક શરીર આદિ બાહ્ય વૈભવ ત્યાં અત્યંત ગૌણ છે. જે જીવ માત્ર આ બાહ્યવૈભવથી એકાંતપણે પ્રભુની ઓળખાણ કરે છે તેને શ્રીમદ્‌જીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા-૨૫ માં મતાર્થીમાં ખપાવી કહ્યું છે કે :

*"જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;*
*વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ."*

વળી તેઓશ્રીએ પ્રભુપ્રાર્થના (જળહળજ્યોતિ સ્વરૂપ તું) કાવ્યમાં અને શ્રી શાંતિનાથ ભગવાન સ્તુતિ (આંક-૧૩) માં તેમજ મોક્ષમાળા - શિક્ષાપાઠ ૮ - 'સત્‌દેવતત્ત્વ' માં પ્રભુની આંતરિક સંપત્તિની જ ઓળખાણ કરાવી છે. શ્રી દેવચંદ્રજીએ પણ શ્રી સુમતિજિન આદિ અનેક સ્તવનોમાં પ્રભુની ઓળખ કરાવી છે. પણ આ રીતે સદ્‌ગુરુગમે પ્રભુ તણી વિમલતા ઓળખીને સાધકનું લક્ષ તો એવું જ હોવું જોઇએ કે પ્રભુ જેવા ગુણો ભલે અત્યારે આંશિકપણે પણ પોતાના જીવનમાં તે ઉતરે અને એ રીતે મોક્ષમાર્ગમાં તે ક્રમશઃ આગળ વધે. અને તે માટે એક બહુ જ અગત્યની શરત અથવા કહો તો જવાબદારી દેવચંદ્રજી મૂકે છે કે :

**"જે કરે થિર મન સેવ"**

સદ્‌ગુરુ દ્વારા ઉપરોક્ત પ્રમાણે પ્રભુની સમ્યક્ ઓળખાણ અને મહિમા આવતાં સાધકને પ્રભુ જેવા બનવાનો અંતરંગ ઉત્સાહ જાગે છે. પણ તે ઉત્સાહને ટકાવી તેને લક્ષ સુધી પહોંચાડવા "જે કરે થિર મન સેવ" આ વાત બહુ અગત્યની છે. પ્રભુની આજ્ઞા - પાલનરૂપ સેવના, પ્રભુએ બતાવેલા ધર્મ પ્રમાણે જીવનસમર્પણરૂપ સેવના તે સ્થિર મનથી, એકાગ્ર ચિત્તે, ચંદનબાળા અને સુલસા જેવી નિષ્ઠાથી થવી જોઇએ. પ્રભુનું અને પ્રભુના ગુણોનું સદ્‌ગુરુ અને સત્સંગ દ્વારા જે શ્રવણ કર્યુ તેનું હવે 'સ્થિર મનથી' ચિંતન, મનન, નિદિધ્યાસન થવું જોઇએ. અનાદિના કુસંસ્કારોવાળું *"મરકટ જેવું મન અમારું જ્યાં ત્યાં કૂદકા ખાય"*, તેને બદલે *"નિત્ય કર્યો સત્સંગ મેં એક લક્ષથી આપ"* એમ થવું જોઇએ. આ સમયે પ્રત્યક્ષ સદ્‌ગુરુનું સાન્નિધ્ય અને સમાગમ અત્યંત જરૂરી અને અનિવાર્ય બની જાય છે, જેઓ આપણા દોષો,

**(અનુસંધાન પાના નં. ૧૬ પર...)**

# મુન્યાચાર (સકલચારિત્ર)
(ક્રમાંક - ૮)

બા.બ્ર. સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

**(૨૨) અદર્શનપરિષહજય :** ઘણા વર્ષો સુધી કઠોર તપ આદિ કરવા છતાં પણ તથારૂપ ઋદ્ધિ - સિદ્ધિ આદિ પ્રગટ ન થતાં "તપ કરવું તો વ્યર્થ છે, આગમમાં જે તપનું આટલું માહાત્મ્ય બતાવ્યું છે તે એમ લાગે છે કે અતિશયોક્તિપૂર્ણ કે માત્ર મન મનાવવા માટે જ છે કારણ કે પ્રત્યક્ષમાં તો મને તેનું ફળ દેખાતું નથી." આ પ્રકારે શંકા ન કરતાં આગમ પર પૂર્ણ વિશ્વાસ રાખતા લેશમાત્ર પણ ખેદ ન કરતાં શાંત-નિષ્કામભાવથી આરાધનામાં લાગ્યા રહેવું તે અદર્શનપરિષહજય કહેવાય છે અથવા ગહન તત્ત્વચિંતન અને ધ્યાનાદિનો અભ્યાસ કરતાં રહેવા છતાં પણ આત્મદર્શન ન થવાથી લેશમાત્ર પણ વ્યાકુળ ન થતાં શાંત-નિરાકુળભાવથી ધૈર્ય અને દઢ વિશ્વાસપૂર્વક તે અભ્યાસમાં ઉત્સાહપૂર્વક લાગ્યા રહેવું તે અદર્શનપરિષહજય છે. અદર્શનપરિષહના સમયે ધીરજની મૂર્તિરૂપ મુનિરાજ વિચાર કરે છે કે તપ કરવાથી બધાને ઋદ્ધિઓ પ્રગટ થાય જ એવો કોઈ નિયમ નથી અને વસ્તુતઃ તો તપનું ફળ ઋદ્ધિઓ ન હોઈને ઉપયોગની વિશુદ્ધિ અને પરિણામોની નિર્મળતા છે. જો ઉપયોગ વિશુદ્ધ અને પરિણામ નિર્મળ થતા હોય તો તપની દિશા સાચી છે. પરિણામોની નિર્મળતા થતાં ઋદ્ધિઓ સહજ જ પ્રગટ થઈ જાય છે કારણ કે જ્યાં જેટલી વિશુદ્ધિ તેટલી જ સિદ્ધિની ઉપલબ્ધિ, તો પણ જો ઋદ્ધિ પ્રગટ ન થાય તો તેને તપસ્યાનું માપદંડ કે કસોટી ન માનીને નિરાશ ન થતાં તપસ્યામાં ઉત્સાહપૂર્વક લાગ્યા રહેવું જોઈએ. તેનાથી જ કાલાન્તરમાં કર્મોની વિશિષ્ટ નિર્જરા થઈને આત્માની નિર્મળતાથી લૌકિક અને અલૌકિક બંને સિદ્ધિઓની ઉપલબ્ધિ સંભવ છે. લૌકિક ઋદ્ધિઓ તો મોક્ષમાર્ગમાં લેશમાત્ર પણ કાર્યકારી નથી, કદાચિત્ સાધનામાર્ગથી પતન કરવામાં નિમિત્ત થાય છે. એવો વિચાર કરી ઋદ્ધિઓ આદિમાં ઉપેક્ષાભાવ સંયુક્ત થઈને તપમાં લાગ્યા રહેવું જોઈએ અથવા આત્મદર્શન જ જેમનું પરમ ધ્યેય છે એવા મુનિરાજ ગહન ધ્યાનાદિ કરવા છતાં પણ આત્મદર્શન ન થતા તેઓ વિચાર કરે છે કે મોહનીય કર્મના પ્રબળ ઉદયથી મને યોગ્ય પુરુષાર્થ કરવા છતાં પણ આત્મદર્શનનો લાભ નથી થઈ રહ્યો. એવામાં જો હું આકુળ-વ્યાકુળ થઈશ તો મોહનીયનો ફરી વિશેષ બંધ થશે અને વ્યાકુળતાથી ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન થશે જે આત્મદર્શનમાં સૌથી મોટી બાધા છે. તેથી આ કર્મોદયને શાંત-સમત્વભાવથી વેદીને શાંતિ અને ધૈર્ય સાથે જ્ઞાન-ધ્યાનમાં લાગ્યા રહેવાથી જ આત્મદર્શન થશે. એવો દઢ વિશ્વાસ અને નિર્ણય કરીને મુનિ શાંતભાવથી જ્ઞાન-ધ્યાનમાં ઉપયોગ લગાવીને આત્મદર્શન કરીને અનંતકર્મોની નિર્જરા કરે છે.

આશય એ છે કે પ્રતિકૂળતામાં કરેલી સમત્વભાવની આરાધના વિશિષ્ટ ફળદાયી થાય છે અને તેમાં પણ તે પ્રતિકૂળતાઓ જો પોતાના દ્વારા જ ઉત્પન્ન કરીને સ્વીકૃત કરાયેલ હોય તો અતિ વિશિષ્ટ કર્મનિર્જરારૂપ ફળદાયી થાય છે. તેનું ઉત્તમ સાધન શ્રમણ જીવનશૈલી અપનાવવી તે છે. મુનિચર્યા જો પ્રામાણિકતાથી પાળવામાં આવે તો કર્મમુક્તિનું આ સર્વોત્તમ સાધન છે કારણ કે આમાં સહજ જ પરિષહજય થાય છે. એમ જાણીને શું કરવું જોઈએ ? આ દુર્લભ નરતન અને ધર્મયોગના સંયોગોને સોનેરી અવસર જાણીને પાંચેય ઇન્દ્રિયો અને મનને નિયંત્રિત કરીને સાધુચર્યા પાળવાનો અભ્યાસ કરવો જોઈએ. આમાં જ નૃજન્મની સાર્થકતા છે. એવો સંયમસિદ્ધ જિનનો ઉપદેશ છે.

## ચારિત્રના ભેદ

આત્મપરિણામોની વિશુદ્ધિની તરતમતાની

અપેક્ષાએ ચારિત્રના નિમ્ન પાંચ ભેદ જિનદેવ દ્વારા નિરૂપિત કરાયા છેઃ-

(૧) સામાયિકચારિત્ર : *જીવનપર્યંત સર્વ સાવદ્ય ત્યાગપૂર્વક સર્વ પરદ્રવ્યોમાં રાગ-દ્વેષ બુદ્ધિથી નિવૃત્ત થઈને સમપરિણામોમાં સ્થિર રહેવું તેને સામાયિક ચારિત્ર કહ્યું છે.* આમાં સર્વ સાવદ્ય ત્યાગરૂપ પરિણામ વ્યવહારસામાયિકચારિત્ર અને રાગ-દ્વેષ રહિત સમત્વ પરિણામ નિશ્ચયસામાયિકચારિત્ર છે એમ જાણવું.

**શંકા :** સામાયિક શિક્ષાવ્રત, સામાયિક પ્રતિમા, સામાયિક આવશ્યક અને સામાયિક ચારિત્રમાં શું તફાવત છે ?

**સમાધાન :** બીજી પ્રતિમાનું સામાયિક શિક્ષાવ્રત સામાયિક પ્રતિમાની પૂર્વ તૈયારી માટેના અભ્યાસરૂપે છે. આમાં પ્રતિજ્ઞાપૂર્વક દઢતાથી પાલનની કમી હોય છે. ત્રીજી સામાયિક પ્રતિમા વ્રતરૂપ છે અર્થાત્ આમાં નિયત સમય પર દિવસમાં ત્રણવાર નિયમથી દઢતાપૂર્વક સામાયિક કરવાની અપેક્ષા છે. સામાયિક આવશ્યક મુનિઓ માટે આવશ્યકરૂપ છે અર્થાત્ આમાં નિયત સમય પર સાધુઓ માટે દરરોજ કરવા યોગ્ય દંડક, કાયોત્સર્ગ ઇત્યાદિનું વિધાન છે. સામાયિક ચારિત્ર યમરૂપ છે અર્થાત્ આમાં જીવનપર્યંત માટે સર્વ સાવદ્યોનો ત્યાગ કરીને અહિંસક પરિણામોમાં સ્થિર રહેવાની મુખ્યતા છે. સામાયિક શિક્ષાવ્રત, સામાયિક પ્રતિમા અને સામાયિક આવશ્યક આ ત્રણે નિયતકાળ અર્થાત્ બે ઘડી, ચાર ઘડી, છ ઘડી ઇત્યાદિ માટે હોય છે પણ સામાયિક ચારિત્ર અનિયતકાળ અર્થાત્ જીવનપર્યંત માટે હોય છે. સામાયિક શિક્ષાવ્રત અને સામાયિક પ્રતિમા શ્રાવક માટે હોય છે અને સામાયિક આવશ્યક અને સામાયિક ચારિત્ર મુનિ માટે હોય છે. સામાયિક ચારિત્ર ૬, ૭, ૮ અને ૯ ગુણસ્થાન પર્યન્ત હોય છે.

(૨) **છેદોપસ્થાપનચારિત્ર :** સંયમ પરિણામોથી પડતા પ્રાયશ્ચિત્ત આદિ દ્વારા પુનઃ સંયમ પરિણામોમાં સ્થિર રહેવું છેદોપસ્થાપન ચારિત્ર કહેવાય છે. છેદનો અર્થ સંયમ પરિણામોથી પડવું તથા ઉપસ્થાપનનો અભિપ્રાય ફરી તે પરિણામોમાં આરૂઢ થવું છે. અત્રે છેદનો અર્થ મુનિયોગ્ય છઠ્ઠા ગુણસ્થાનકથી પડી જવું એવું નથી. છેદનો અર્થ ભેદરૂપ વિકલ્પાત્મક સંયમ પરિણામોથી છે અને ઉપસ્થાપનનો અર્થ અભેદરૂપ નિર્વિકલ્પાત્મક સંયમ પરિણામોથી છે અથવા સમત્વભાવરૂપ નિશ્ચય સામાયિકમાં સ્થિર ન રહેવારૂપ છેદ તથા અહિંસા આદિ મહાવ્રતોના આચરણથી ફરી વિશુદ્ધિને પ્રાપ્ત થઈ નિશ્ચય સામાયિકમાં સ્થિર થવા રૂપ ઉપસ્થાપન છેદોપસ્થાપન ચારિત્ર કહેવાય છે અથવા વ્રતોમાં દોષ લાગવારૂપ છેદ તથા પ્રાયશ્ચિત દ્વારા દોષનિવારણરૂપ ઉપસ્થાપનને છેદોપસ્થાપનચારિત્ર કહેવાય છે.

(૩) **પરિહારવિશુદ્ધિ ચારિત્ર :** વિશિષ્ટ વિશુદ્ધિ બળથી જેમાં હિંસાના પરિણામોનો સર્વ પ્રકારે પરિહાર અર્થાત્ ત્યાગ કરવામાં આવે છે તેને પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવાય છે. અહીં સર્વપ્રકારે હિંસક પરિણામોના ત્યાગનો અભિપ્રાય એ છે કે આ ચારિત્રવાળા જીવ દ્વારા ગમનાગમન કરવા છતાં પણ કિંચિત્માત્ર પણ તેમના નિમિત્તથી અન્ય સ્થાવર કે ત્રસ જીવોનો ઘાત થતો નથી. તેનો વિશેષ વિસ્તાર આ પ્રમાણે છે - કોઈ નિકટભવ્ય જીવ ૩૦ કે ૩૨ વર્ષ સુધી સુખપૂર્વક ગૃહસ્થ જીવનને ગૃહસ્થ જીવની મર્યાદાનુસાર જીવી, ત્યાર બાદ તેણે જિનેશ્વરી દીક્ષા લઈને કોઈ તીર્થંકરના પાદમૂળમાં 'પ્રત્યાખ્યાન' નામક પૂર્વનું વિશેષ અધ્યયન કરતાં ૮ કે ૧૨ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું હોય, જેના ફળસ્વરૂપે તેને વિશિષ્ટ વિશુદ્ધિથી એવી ઋદ્ધિ વિશેષ ઉત્પન્ન થઈ કે જેથી તેના દ્વારા પ્રતિદિન બે કોસ વિહાર કરવા છતાં પણ તેનાથી કિંચિત્માત્ર પણ જીવહિંસા થતી નથી. આ ઋદ્ધિની વિશેષતા એ છે કે જો ઈર્યાસમિતિપૂર્વક ચાલતા કદાચિત્ કોઈ સૂક્ષ્મ જીવ, કોમળ ઘાસ, કોમળ સચિત પુષ્પ, પોતાના શરીરથી વાયુકાયિક કે અન્ય સૂક્ષ્મત્રસ જીવોનો સંઘાત ઇત્યાદિ થવા છતાં પણ તે જીવોને લેશમાત્ર પણ કષ્ટ થતું નથી. આ ઋદ્ધિ વિશેષથી ઉત્પન્ન વિશિષ્ટ અહિંસક પરિણામોથી યુક્ત ચારિત્રને જ પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહેવાય છે. આ ચારિત્ર ૬-૭ ગુણસ્થાનમાં હોય છે.

(૪) **સૂક્ષ્મસાંપરાયચારિત્ર :** જેમાં ક્રોધ, માન, માયા અને સ્થૂળ લોભનો (તીવ્ર સંજવલનલોભનો)ક્ષય કે ઉપશમ તથા સૂક્ષ્મલોભ (મંદસંજવલનલોભ) કષાયનો યથાસંભવ અતિમંદઉદય એવા આત્માના પરિવિશુદ્ધ પરિણામોમાં રમણતાને સૂક્ષ્મસાંપરાયચારિત્ર કહે છે અથવા જે ચારિત્રના બળથી સૂક્ષ્મ લોભ કષાયનો ક્ષય કે ઉપશમ કરીને યથાખ્યાતચારિત્રની ઉપલબ્ધિ સંભવે છે તેને સૂક્ષ્મસાંપરાય ચારિત્ર કહે છે. અહીં સૂક્ષ્મથી તાત્પર્ય અતિ મંદ ઉદયરૂપ તથા સાંપરાયથી તાત્પર્ય લોભ કષાયથી છે. આ ચારિત્ર ૧૦માં ગુણસ્થાનમાં પ્રગટ થાય છે. **(૫) યથાખ્યાતચારિત્ર :** સર્વ કષાયોનો ક્ષય કે ઉપશમ થઈ જવાથી આત્મસ્વભાવના પરિપૂર્ણ શુદ્ધરૂપ પરિણમનને યથાખ્યાત ચારિત્ર કહે છે. 'યથા'નો અર્થ મૂળરૂપમાં છે તેવું તથા 'આખ્યાત'થી તાત્પર્ય પ્રસિદ્ધ કે પ્રગટ થવું છે અર્થાત્ આત્માનો મૂળ શુદ્ધ સ્વભાવ જેવો છે તેવો જે ચારિત્રમાં પ્રગટ થઈ જાય તેને યથાખ્યાત ચારિત્ર કહે છે. આ ચારિત્ર ૧૧ અને ૧૨મા ગુણસ્થાનમાં પ્રગટ થાય છે. ઉપશમ શ્રેણીવાળો ઉપશામક જ્યારે અત્યંત વિશુદ્ધ પરિણામોથી સર્વ કષાયભાવોને સંપૂર્ણરૂપે ઉપશમિત કરી દે છે ત્યારે ૧૧મા ગુણસ્થાનમાં આ ચારિત્ર પ્રગટ થાય છે. અહીં આત્મપરિણામ પૂર્ણ શુદ્ધ હોય છે પરંતુ સત્તાગત કર્મોના ઉદયથી નિયમથી તે ઉપશામક નીચે આવે છે. જો ૧૧માં ગુણસ્થાનમાં માત્ર સંજવલન કે નોકષાયોરૂપ ચારિત્રમોહનીયનો જ ઉદય થાય તો ૧૧ માંથી ૬-૭માં ગુણસ્થાનમાં આવી જાય છે પરંતુ જો દર્શનમોહનો ઉદય થાય તો ૧૧ માંથી મિથ્યાત્વ નામના પહેલા ગુણસ્થાનમાં પણ આવી શકે છે. ૧૧ માં ગુણસ્થાનથી નીચે આવવાના બે પ્રધાન કારણ બતાવ્યા છે : (૧) કાળક્ષય (૨) આયુક્ષય. કાળક્ષયથી અભિપ્રાય છે વિવક્ષિત ગુણસ્થાનમાં ટકી રહેવાની સમયાવધિ સમાપ્ત થઈ જવી. આયુક્ષયથી તાત્પર્ય આયુકર્મના નિષેકોનું સમાપ્ત થઈ જવું છે. ૧૧મા ગુણસ્થાનમાં આયુક્ષય આગમમાં બતાવાયો છે. તેથી કોઈ જીવ આયુક્ષય થઈ જવાથી પણ ત્યાંથી પડી જાય છે. ૧૧મા ગુણસ્થાનમાં આયુકર્મનો ક્ષય થઈ જવાથી જો દર્શનમોહનો ઉદય ન થાય તો અધિકાંશતઃ તે અનુત્તર વિમાનોમાં જન્મ ધારણ કરે છે.

ક્ષપકશ્રેણીવાળો ક્ષપક જ્યારે મોહનીયરૂપ સર્વ કષાયોનો સંપૂર્ણ ક્ષય કરી દે છે ત્યારે તે ૧૦મા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનેથી સીધો ક્ષીણમોહનામક ૧૨ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. આ સાધક મોહનીયનો સર્વનાશ કરીને આવ્યો છે તેથી ૧૨મા ગુણસ્થાનથી કદાપિ નીચે ન પડતાં અંતર્મુહૂર્ત કાળપ્રમાણ તે ગુણસ્થાનમાં રહીને એકત્વવિતર્કઅવીચાર નામક દ્વિતીય શુક્લધ્યાનના બળથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો સમૂળ નાશ કરીને પરમાનંદસ્વરૂપ અનંતચતુષ્ટય સ્વરૂપમાં પ્રગટ થઈ પરમાત્મા બની જાય છે.

વિશેષ એ કે અભીષ્ટ નિર્વિકલ્પ આનંદ તો યથાખ્યાતચારિત્ર પ્રગટ થતાં જ ૧૨મા ગુણસ્થાનમાં જ પ્રગટ થઈ જાય છે, શેષ ત્રણ ઘાતિયા કર્મોનો ક્ષય કરીને ૧૩મા સયોગકેવળી ગુણસ્થાનમાં અનંતજ્ઞાન, અનંતદર્શન અને સર્વશક્તિમાન થઈ જાય છે. અને આની સાથે જ તે પૂર્ણ નિર્વિકલ્પ આનંદ કેવળજ્ઞાનનો સહચારી થઈ જવાથી અનંત આનંદરૂપમાં સદાકાળ માટે પ્રગટ થઈ જાય છે. **(ક્રમશઃ)**

### બ્રાહ્મી લિપિ - એક પરિચય

બ્રાહ્મી લિપિ એક અત્યંત પ્રાચીન લિપિ છે, જેનાથી એશિયાની ઘણી લિપિઓનો વિકાસ થયો છે. અર્દ્ધમાગધી લિપિ પણ બ્રાહ્મી લિપિમાં પ્રકાશિત થાય છે. દેવનાગરી, બાંગ્લા, ઉડિયા, ગુજરાતી, તમિલ, મલયાલમ, કન્નડ, તેલુગુ આદિ અનેક લિપિઓની ઉત્પત્તિ બ્રાહ્મી લિપિમાંથી થઈ છે. જૈન ધર્મના 'પન્નવણ સૂત્ર' અને 'સમવાયાંગ સૂત્ર' માં અઢાર લિપિઓના નામ છે, તેમાં પ્રથમ બ્રાહ્મી (બંભી) લિપિનું નામ છે. 'ભગવતીસૂત્ર' માં પણ પ્રારંભમાં જ 'નમો બંભીએ લિબિએ' એવું સૂત્ર આવે છે. બૌદ્ધોના પ્રાચીન ગ્રંથ 'લલિત વિસ્તર' માં જે ૬૪ લિપિઓના નામ છે એમાં બ્રાહ્મી લિપિ છે. આવી શ્રેષ્ઠ લિપિ આપણી પ્રાચીન સંસ્કૃતિની દ્યોતક છે. આવી પ્રાચીન લિપિનો અભ્યાસ કરનારા વર્તમાનમાં અનેક લોકો છે. આ લિપિના પ્રચાર-પ્રસાર માટે આપણે યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ.

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૧)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## મંગલાચરણ (શ્લોક ૧)

● **વિનય / આજ્ઞા :** 'કલ્યાણમંદિર સ્તોત્ર' ના સ્તુત્ય શ્રી પાર્શ્વનાથ ભગવાનના પવિત્ર ચરણકમળમાં કોટિ કોટિ વંદન કરીને, 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના રચયિતા પૂ. આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજીને કોટિ વંદન કરીને, જિનવાણી માતા સરસ્વતીદેવીને કોટિ વંદન કરીને, પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયક જિનશાસન દેવદેવી ધરણેંદ્રદેવ-પદ્માવતીદેવી-પાર્શ્વયક્ષને સવિનય પ્રણામ કરીને, ગુરુજનો પૂ.શ્રી આત્માનંદજી, રાકેશભાઈ, સુનંદાબેન, શર્મિષ્ઠાબેનની સવિનય આજ્ઞા તથા આશીર્વાદ લઈને, આપણે પરમ હિતકારી, મહાપવિત્ર 'શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર' પર યથાશક્તિ, યથામતિ વિવેચન શરૂ કરીએ છીએ. તે સર્વ જીવોને કલ્યાણકારી બનો, મંગલદાયક હો !

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**कल्याणमंदिर मुदारमवद्यभेदि,**
**भीताभयप्रदम निन्दितमंघ्रिपद्मम् ।**
**संसारसागर निमज्जदशेषजंतु,**
**पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥१॥**

● **અન્વયાર્થ :**

**कल्याणमंदिरम् उदारम् अवद्यभेदि,**
**भीत अभयप्रदम् अनिन्दितम् ।**
**संसारसागर निमज्जत् अशेष जंतु पोतायमानम्,**
**जिनेश्वरस्य अंघ्रिपद्मम् अभिनम्य ॥१॥**

● **શબ્દાર્થ : कल्याणमंदिरम्** કલ્યાણ (સાચા સુખ) નું મંદિર (ધામ), **उदारम्** - ઉદાર (ઈચ્છિત આપનાર), **अवद्यभेदि** - પાપોનો નાશ કરનાર, **भीत** - ભયભીત (થયેલા પ્રાણીઓને), **अभयप्रदम्** - અભય આપનારા, **अनिन्दितम्** - અનિંદનીય, નિર્દોષ, **संसारसागर** - સંસારરૂપી સમુદ્રમાં, **निमज्जत्** - ડૂબતા, **अशेष** - સર્વ, **जंतु** - જીવો (ને માટે), **पोतायमानम्** - જહાજ સમાન, **जिनेश्वरस्य** - જિનેન્દ્ર (પાર્શ્વનાથ) ભગવાનના, **अंघ्रिपद्मम्** - ચરણકમળમાં, **अभिनम्य** - (રૂડા ભાવથી) નમસ્કાર કરીને.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

શ્રી હરજીવન રાયચંદ શાહ દ્વારા લોકપ્રિય હરિગીત છંદ:

**કલ્યાણનું મંદિર અને ઉદાર ઈચ્છિત આપવે,**
**દાતા અભય ભયભીતને સમર્થ દુરિત કાપવે;**
**સંસાર દરિયે ડૂબતાને નાવરૂપે જે વળી,**
**નિર્દોષ પ્રભુના પદકમળને પ્રથમ હું પ્રેમે નમી....(૧)**

શ્રી માવજી દામજી શાહ દ્વારા મધુર મંદાક્રાંતા રાગ :

**કલ્યાણોના ગૃહ સમ વળી પાપભેદી ઉદાર,**
**બીધેલાને જગતભરમાં નિર્ભીત આપનાર;**
**ડૂબંતાને ભવજલધિમાં જેહ છે તારનારી,**
**તીર્થેશોનાં ચરણયુગમાં વંદના હો અમારી ... (૧)**

● **ભાવાર્થ :** કલ્યાણના ધામ, ઉદાર (આત્મિક સંપત્તિ આપવામાં), પાપોને ભેદનાર, સંસારી દુઃખોના ભયથી વ્યાકુળ પ્રાણીઓને (સર્વ જીવોને) અભય આપનાર, નિર્દોષ (પ્રશસ્ત), સંસારરૂપ સાગરમાં ડૂબતા સર્વ પ્રાણીઓને (જીવોને) નાવ સમાન આશ્રયભૂત એવા શ્રી જિનેશ્વરદેવના (પાર્શ્વપ્રભુના) ચરણકમળને (સમ્યક્ પ્રકારે) નમસ્કાર કરીને.

● **વિશેષાર્થ / પરમાર્થ :** જેના મહિમાનો કોઈ પાર નથી, જેનો અચિંત્ય પ્રભાવ અને શક્તિ છે, જેનામાં ભવભયહર સામર્થ્ય છે, સર્વ તીર્થંકરોમાં જે વિશિષ્ટ પુણ્યના સ્વામી છે, જેને આગમમાં 'પુરુષાદાનીય' વિશેષણથી સંબોધેલ છે, એવા ૨૩મા

તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની, મહાન આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી હૃદયના સહજ ભાવ ઉલ્લાસપૂર્વક ઉત્કૃષ્ટ ભક્તિથી સ્તુતિ કરી રહ્યા છે (આ 'કલ્યાણમંદિર સ્તોત્ર' માં).

કોઈ પણ રચનાના પ્રારંભમાં વિઘ્નહર્તા દેવની સ્તુતિ કરવામાં આવે છે તેને 'મંગલાચરણ' કહે છે. તેથી આરંભેલ શુભ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય. શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી જેવા મહાન આચાર્ય ભક્તિપૂર્વક પાર્શ્વનાથ ભગવાનને 'કલ્યાણમંદિર સ્તોત્ર' ના પ્રારંભમાં વંદનારૂપ મંગલાચરણ કરે છે તેમાં ચાર બાબતો છે : (૧) લક્ષ્ય - પાર્શ્વનાથ ભગવાન, (૨) અભિધેય - સ્તોત્રનું તાત્પર્ય / પ્રયોજન ભક્તિ પ્રદર્શન, (૩) વિધિ - શ્રદ્ધા તથા ભક્તિપૂર્વક ઉપાસના અને (૪) સ્તુતિ કારણ - સંસારમાં ડૂબતા જીવોના ઉપકાર અર્થે. આ સ્તોત્ર વસંતતિલકા છંદમાં રચેલ છે કે જે શ્રેણીભાવોને ઉદ્દીપ્ત કરવામાં સહાયક છે.

કલ્યાણમંદિર સ્તોત્ર અને ભક્તામર સ્તોત્રમાં ઘણી સામ્યતા છે : (૧) બન્નેમાં પ્રથમ શ્લોકમાં જિનેશ્વરના ચરણયુગલને વિશેષણો સહિત નમસ્કાર કરેલ છે, (૨) બન્ને સ્તોત્રના બીજા શ્લોકમાં ઈન્દ્ર - બૃહસ્પતિરૂપ વિશિષ્ટ દેવો વડે પ્રભુની સ્તુતિની વાત છે, (૩) બંન્ને સ્તોત્રમાં વિશેષણો દ્વારા જિનેશ્વર પ્રભુનો નિર્દેશ છે (પાર્શ્વનાથ અને ઋષભદેવ) પણ તેઓના નામનો સાક્ષાત્ સ્પષ્ટ ઉલ્લેખ નથી, (૪) બન્નેની રચના પાછળ ચમત્કારિક કથાઓ છે, (૫) બન્ને વસંતતિલકા છંદમાં રચાયેલ છે,(૬) બન્નેમાં શ્લોકોની સંખ્યા ૪૪ તથા ૪૪ (આમ્નાયભેદે ૪૮) છે, (૭) બન્નેમાં રચનાકારોએ શરૂઆતમાં પોતાની અસમર્થતા - લઘુતા દર્શાવેલ છે અને સ્તોત્ર રચનાનું પ્રયોજન જણાવેલ છે, (૮) બન્ને સ્તોત્રમાં ઉપમા - અર્થાંતરન્યાસ - દૃષ્ટાંત (નિદર્શન) - ઉત્પ્રેક્ષા (કલ્પના) જેવા અલંકારોનો ઉપયોગ કરેલ છે, (૯) બન્નેમાં પ્રભુની મહાનતા અને ૮ પ્રતિહાર્યો છે, (૧૦) બન્નેની રચના પ્રથમ હરોળના મહાન આચાર્ય કવિભક્તે કરેલ છે, (૧૧) બન્ને ઉત્કૃષ્ટ ભક્તિરૂપ છે તથા અંતમાં ફલશ્રુતિ મુક્તિ કહી છે અને (૧૨) બન્ને લોકપ્રિય અને 'નિત્ય સ્મરણ' માં છે.

કલ્યાણમંદિરના પહેલા બે શ્લોકમાં (ભક્તામર સ્તોત્રની જેમ) જિનેશ્વર ભગવંતને સંસારસાગરમાં ડૂબી રહેલા જીવોના એક માત્ર તારનારા કહીને રૂડી ભાવાંજલિ મંગલાચરણરૂપે આપી છે. પહેલા બે શ્લોકોનું યુગ્મ-જોડકું છે.

આ સ્તોત્રમાં મોક્ષને પામવાનો અત્યંત સરળ માર્ગ-પ્રભુભક્તિનો બતાવ્યો છે. નિશ્ચયથી તો જીવાત્મા પોતાના જ પુરુષાર્થથી મોક્ષને પામે છે, પરંતુ વ્યવહારથી જિનેશ્વર ભગવંતોનું, તેમના વીતરાગ માર્ગનું અને તે માર્ગે વિચરતા પૂ. સંતો-સતીજીઓનું અવલંબન જીવને અત્યંત ઉપકારી બને છે.

સર્વ જીવોને શાશ્વત સુખનો રાહ બતાવી, આત્મસિદ્ધિના સુખની ચાહ ઉત્પન્ન કરાવી, ભવ્ય આત્માને મોક્ષના મંગલાચરણરૂપે બોધિબીજની પ્રાપ્તિનો પરમ ઉપાય બતાવ્યો છે : પરમાત્માની ભક્તિ જ આત્માને મુક્તિ અપાવે છે. તે ભક્તિ અહીં જિનેશ્વર પ્રભુના ૬ વિશેષણોરૂપે દર્શાવેલ છે : (૧) કલ્યાણનું ધામ (ભંડાર, મંદિર), (૨) ઉદાર (ઈચ્છિત વસ્તુ, પરમાર્થથી આત્મિક સંપદા આપનાર), (૩) પાપોનો નાશ કરનાર, (૪) અભયદાન (સંસારીભય અને સંસારચક્રથી) આપનાર, (૫) નિર્દોષ (૧૮ દોષ રહિત, વીતરાગ) અને (૬) નાવ સમાન (સંસારસમુદ્રથી તારનાર).

કલ્યાણ શબ્દમાં કલ્ય = સુખ (સાચું, શાશ્વત) અને આણ = આપનાર. કલ્યાણના બે સ્વરૂપ છે : (૧) પાપકર્મોથી નિવૃત્ત થઈને પુણ્યની પ્રાપ્તિ થાય તે જીવનું પ્રારંભિક કલ્યાણ છે અને (૨) તેનાથી ઉપર ઉઠીને પુણ્યફળના ત્યાગ સાથે આધ્યાત્મિક સ્વરૂપમાં સ્થિત મુક્તિલાભને પ્રાપ્ત કરે તે અંતિમ કલ્યાણ છે. પ્રભુના ચરણ આ બન્ને કલ્યાણરૂપ મંદિર છે. કલ્યાણ શબ્દ જેમ એક વ્યક્તિના સુખ-શાંતિનો સૂચક છે તેમ વ્યાપક અર્થમાં સમગ્ર સમાજ અને વિશ્વકલ્યાણનો પણ સૂચક છે. કલ્યાણ એ કોઈ નાની

ચાદર નથી, પરંતુ સમગ્ર વિશ્વને આચ્છાદિત કરે એવી વિરાટ ચાદર છે. એટલે જ આચાર્યશ્રીએ 'મંદિર' શબ્દ પ્રયોજીને અદ્ભુત ઉપમા આપી છે. અનેક પ્રકારે કલ્યાણ તથા શાંતિ પ્રાપ્ત થાય એવા પવિત્ર ધામને મંદિર કહે છે. મંદિર અને પવિત્રતાને અવિનાભાવી સંબંધ છે.

પ્રભુ ઉદાર છે એટલે કે વરસીદાન આપવા દ્વારા જગતની દ્રવ્ય-દરિદ્રતા અને સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવવા દ્વારા ભાવ-દરિદ્રતાને દૂર કરે છે. તીર્થંકર પ્રભુના ચરણ ઇચ્છિત આપવામાં ઉદાર છે. પ્રભુના ચરણ કોઇપણ યાચકને નિરાશ કરતા નથી - લૌકિક કે લોકોત્તર ઇચ્છા પૂર્ણ કરવામાં. કલ્પવૃક્ષ આદિ પાસે અનેક ઇચ્છાઓ પૂર્ણ થઇ શકે છે, પણ મોક્ષપ્રાપ્તિની ઇચ્છાપૂર્તિ માટે તો પ્રભુના ચરણ (આજ્ઞા) ને જ આરાધવા પડે છે.

સંસારમાં પીડાજનક ક્રિયાકલાપ છે તેમાં ત્રણ પીડા મુખ્યરૂપે છે : (૧) ભય, (૨) પાપકર્મ, (૩) ભવચક્ર (જન્મમરણ). પાર્શ્વનાથ પ્રભુના ચરણ આ ત્રણેય પીડાઓ દૂર કરીને મનુષ્યને શાંતિ આપે છે. આ ચરણ સાક્ષાત્ કલ્યાણ-મંદિર છે.

**અવદ્યભેદિ** એટલે પાપનું ભેદન (નાશ) કેવી રીતે થાય છે ? પ્રભુના ચરણ જીવની પરિણતિમાં સહાયક થાય છે. જીવની શુદ્ધ પરિણતિ તથા પ્રભુચરણનું ઉત્કૃષ્ટ નિમિત્ત મળીને પાપનું ભેદન કરે છે. પ્રભુના ચરણ અક્રિયાત્મક વિશુદ્ધ નિમિત્તમાત્ર કારણ છે. પ્રભુના ચરણમાં પ્રભુનું ચારિત્ર અને સ્વયં પ્રભુ સમાયેલા છે.

પ્રભુના ચરણને સેવ્યા (આજ્ઞાનું આરાધન) પછી મોટા અશુભ કર્મોનો આસ્રવ થતો નથી અને પૂર્વના અશુભ કર્મો નાશ પામે છે. પ્રભુચરણના સેવનથી દુર્ગુણો નાશ પામતા જાય છે અને ગુણો ખીલતા જાય છે. એટલે ભક્ત સાચા આત્મિક સુખનો ભોક્તા બની, અશાંતિથી વિમુક્ત થાય છે. પાપના નાશથી આત્મવિકાસ થાય છે અને જેમ જેમ પાપથી મુક્ત બને તેમ તેમ ભયમુક્ત થાય છે. ૧૪ રાજલોકના સર્વ જીવોને પાપમુક્ત અને ભયમુક્ત કરવા માટે જ તીર્થંકર ભગવંતોની અનુપમ કરુણા વહે છે.

પ્રભુ અભયદાન આપે છે એટલે કે તેમના ઉપદેશથી જીવો હિંસા કરતા અટકે છે. તેમ કરવાથી બંધાતા પુણ્યથી જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય છે અને પરંપરાએ અભય એટલે ભય વિનાની દશા, મોક્ષને પામે છે. ભયના બે સ્વરૂપ છે : (૧) એક ભય જીવનું ભૌતિક અહિત કરે છે (લૌકિક) અને (૨) બીજો મહાભય ભવચક્રમાં ભમાવે છે. ભય અને મહાભયથી મુક્ત થતા જીવ નિર્ભય બને છે. અહીં આચાર્યશ્રીએ બન્ને પ્રકારના ભયથી મુક્ત કરનાર પ્રભુચરણોને અભયપ્રદાન કહ્યા છે. ભયથી મુક્ત કરવાનો અર્થ છે - સર્વ પ્રકારના વિકારો અને વિભાવોથી મુક્ત કરીને જીવના શુદ્ધ સ્વરૂપનું પ્રદાન કરવું (પ્રગટ થવું).

સામાન્ય વ્યવહારમાં 'અભયદાન' શબ્દ પ્રચલિત છે, પરંતુ આચાર્યશ્રીએ અહીં 'પ્રદમ' શબ્દનો પ્રયોગ કર્યો છે. 'દમન' ક્ષણિક ઉપશમ ભાવ છે જેમાં મૂળ બીમારી જતી નથી. 'પ્રદમ' નો આશય મૂળ બીમારી (ભવરોગ) દૂર કરવાનો છે. તેથી આચાર્યશ્રીએ 'અભયપ્રદમ' કહ્યું. આધ્યાત્મિક દૃષ્ટિએ દાન કે દમ કરતા પ્રદમ ઉત્કૃષ્ટ અવસ્થા છે.

'ચરણ' ચારિત્રભાવનો બોધક છે તથા સંપૂર્ણ આચરણ અર્થાત્ ચારિત્ર અને સમગ્ર જીવનનો ક્રિયાકલાપ દર્શાવે છે. પ્રભુનું જીવન કોઇપણ પ્રકારની નિંદા અર્થાત્ દૂષિત ભાવથી રહિત, અનિંદા અર્થાત્ નિર્દોષ ભાવ-નિર્મળતાનું પ્રતીક છે. ક્યાંય પણ દોષને અવકાશ નથી. દોષના બીજ તો મિથ્યાત્ત્વ અને ઘાતીકર્મમાં રહેલ છે, જેનો પ્રભુએ ક્ષય કરેલ છે. 'અનિંદિત' એટલે પ્રભુના યોગ-ઉપયોગની પ્રત્યેક પર્યાયમાં શાંતિ-પવિત્રતા-નિર્દોષતા ઝળકે છે. પ્રભુનું આચરણ અને ચારિત્ર ૧૮ દોષરહિત અત્યંત નિર્દોષ છે.

સંસારસાગર શું છે અને જીવાત્મા તેમાં કેમ રખડે છે ? આ સનાતન પ્રશ્નના આધારે તો ધર્મ અને

ધર્મશાસ્ત્રોનો વિસ્તાર થયો છે. જ્ઞાનીઓ કહે છે કે સંસાર દાવાનળ સમાન છે અને જીવો જે ભાવ (કર્મ) કરે છે તે તેના ડૂબવા (દુઃખ) નું કારણ છે. વર્તમાન (ભાવ) જ ભવિષ્ય (કર્મફળ) ની રચના કરે છે. જીવ સ્વયં પોતાના ભાવિનો જવાબદાર છે, બાકી ૧૪ રાજલોક અને સમગ્ર વિશ્વ તો નિમિત્ત માત્ર છે.

સંસાર બે પ્રકારના છે : (૧) બાહ્ય દેહધારી જીવ અને જડ જગતની દશ્યમાન પર્યાય તે દ્રવ્યસંસાર છે અને (૨) જીવના અભ્યંતર પરિણામ, કર્મના ઉદયમાન ભાવ કે જેમાં વાસના અને આસક્તિ છે, તે ભાવસંસાર છે. બંન્ને સંસાર જીવને માટે દુઃખ દાયક છે. સંસારમાં લેપાયમાન જીવોને **मज्जन** કહે છે, પણ મોહમદિરાનું પાન કરીને ભોગોમાં મસ્ત-આસક્ત થઇ ડૂબવું તે **निमज्जन** છે. પરમાત્માના ચરણ સામાન્ય મનુષ્યો (**मज्जन**) નું તો કલ્યાણ કરે જ છે, પરંતુ પ્રભુના ચરણ તો નિમ્નકક્ષાના અને સર્વાંગભાવથી ડૂબવાવાળા જંતુઓ કે પ્રાણીઓ (**निमज्जन**) ને બચાવવામાં પણ આધારભૂત છે.

પ્રશ્ન એ પણ થાય કે પ્રાણી સંસાર સાગરમાં કેમ ડૂબે છે ? હકીકતમાં મનુષ્યના કર્મ - ક્રિયાકલાપ (મલિનભાવ) જ તેના દુઃખનું કારણ છે, બાકી બધું નિમિત્ત છે. તેના ઉપાદાન (તત્‌સમયની યોગ્યતા) ને મલિન કરનાર અજ્ઞાન-વિષય-કષાયની ત્રિપુટી છે. સંસારમાં ડુબવાનું મુખ્ય કારણ જીવના અનાદિકાલીન કષાયભાવ અને અજ્ઞાનભાવ છે. તો જીવના કલ્યાણનો શુભારંભ કેવી રીતે થાય ? પરમ પુણ્યોદયથી જીવાત્માને દેવાધિદેવના પવિત્ર ચરણકમળ પ્રાપ્ત થાય છે ત્યારે તેના કલ્યાણરૂપી અંકુર વિકસિત થાય છે. સર્વ પ્રથમ કલ્યાણનો આરંભ એવા ઉત્તમ નિમિત્તથી થાય છે. ડૂબવાની ક્રિયા એ જીવની પોતાની વૈભાવિક છે, પરંતુ તરવાની ક્રિયા નૈમિત્તિક છે. પ્રભુ ચરણોનું ઉત્તમ નિમિત્ત પ્રાપ્ત થતાં જીવના ઉપાદાનની વિશુદ્ધિ થાય છે. આમ, પ્રભુચરણ એક અલૌકિક કલ્યાણકારી પવિત્ર નિમિત્ત છે.

અહીં આચાર્યશ્રીએ સંસારને સાગરની ઉપમા આપી છે અને તેમાં જે પ્રાણીઓ ડૂબી રહ્યા છે તેમને 'જન્તુ' કહ્યા છે. જે મોહાધીન પ્રાણીઓ છે તે બધા જંતુ જેવા છે. તેઓ જ્ઞાનદૃષ્ટિ પામતા નથી ત્યાં સુધી મનુષ્ય હોવા છતાં એક ક્ષુદ્ર જંતુ સમાન છે. ભોગાત્મક જીવ, પશુ કે મનુષ્યમાં જ્ઞાનીઓ કોઇ તફાવત જોતા નથી. ભોગ અને ભયથી વ્યાકુળ તેઓ જંતુ નથી તો શું છે ? ફરી ફરી જન્મ લઇને ભવભ્રમણ વિસ્તારીને સંસારરૂપી જાળ ફેલાવે છે તેને ક્ષુદ્ર 'જંતુ' કહે છે. શંકરાચાર્યજીએ કહ્યું તેમ **पुनरपि जननम् - पुनरपि मरणम्** ના અનાદિ-અનંત ભવચક્રમાં ભટકે છે. જ્યાં સુધી જીવ અજન્મા થતો નથી ત્યાં સુધી તેને 'જંતુ' સંજ્ઞા લાગુ પડે છે. આડકતરી રીતે આચાર્યશ્રી આપણને જન્મ-મરણની ચક્કીમાંથી ઉગરવાનો ઇશારો કરે છે.

પ્રભુના ચરણ (ઉપદેશ, બોધ, આજ્ઞા) નાવ, સમાન (**पोतायमान**) છે. સ્વયં તરે છે અને બીજાને તારે છે. નમુત્થુણં સૂત્રમાં કહ્યું છે ને કે તિન્નાણં તારયાણં - પોતે તરે છે અને જીવોને તારે છે (સંસારસાગરથી, નિમિત્તરૂપે). **पोतायमान** વિલક્ષણ શબ્દ છે અને તેમાં આત્મીય ભાવની અભિવ્યક્તિ છે.

જૈન દર્શનમાં (અને લૌકિક સંપ્રદાયોમાં) ચરણસ્પર્શ અને ચરણપૂજનનું ઘણું મહત્ત્વ છે. પરમાત્માના પૂજનની (તથા ગુરુપૂજન વખતે પણ) શરૂઆત જમણા પગના અંગૂઠાથી થાય છે. તે સમયે ચરણ અને તેમાંય જમણા પગનો અંગૂઠો સમસ્ત દેહનું પ્રતિનિધિત્વ કરે છે. પરમાત્માના સર્વ અંગ પૂજનીય હોવા છતાં ૯ અંગે ૧૩ તિલક કરીને સંપૂર્ણ દેહની પૂજાનો અહેસાસ થાય છે. સર્વ અંગોમાં ચરણની - જમણા પગના અંગૂઠાની વિશિષ્ટ મહત્તા છે, કારણ કે જમણા પગના અંગૂઠામાંથી શરીરની સૌથી વધુ ઊર્જાનો

- ઓરાનો પ્રવાહ વહે છે. આથી ચરણસ્પર્શ અથવા ચરણઅંગુષ્ઠના પૂજન દ્વારા કૃપાસ્વરૂપે તે ઓરાને ઝીલવાના (શક્તિપ્રપાત) પ્રતીકરૂપે પરમાત્માની (કે સદ્‌ગુરુદેવની) ચરણપૂજા અને ચરણસ્પર્શ કરવામાં આવે છે.

અત્રે 'અભિનમ્ય' એટલે 'રૂડા ભાવથી નમસ્કાર કરીને' કહીને (ભક્તામરના 'સમ્યક્ પ્રણમ્ય' ની જેમ) શરૂઆતથી જ 'રૂડા ભાવ' અર્થાત્ સમકિત (ઉપલક્ષથી સમકિત સન્મુખ, માર્ગ અભિમુખ, આદિ) ઉપર ભાર મૂક્યો છે. જૈન દર્શનમાં સમકિતને મોક્ષ દેનાર કહેલ છે તેથી તે 'બોધિબીજ' કહેવાય છે. બીજનો ચંદ્ર નાની રેખા સમાન હોવા છતાં આદરણીય છે તે જ પ્રમાણે સમકિત (આત્માનુભૂતિ) નો ક્ષણમાત્રનો ઝબકારો પણ અનાદિના મિથ્યાત્વમાંથી જીવને બહાર કાઢનાર હોવાથી જૈન દર્શનમાં પાયારૂપ વંદનીય કહેલ છે. સમ્યક્ત્વના તે ક્ષણિક ઝબકારા પછી જીવના ભવ જૂજ ગણતરીના જ રહે છે અને જીવ પરિતસંસારી બને છે.

આવા દિવ્ય દેવાધિદેવ જિનેશ્વરના ચરણને અભિનમન (**अभिनम्य**) કરે છે. 'નમન' એક સામાન્ય ક્રિયા છે કે જેમાં શ્રદ્ધા છે, જયારે 'અભિનમન' માં જ્ઞાનાત્મક ભાવ વિશેષરૂપે પ્રગટ છે. કલ્યાણમંદિર સ્તોત્રના સ્તુતિકાર ઉચ્ચ કોટીના મહાન કવિ અને વિદ્વાન આચાર્ય છે - શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી. તેઓની જ્ઞાનયુક્ત શ્રધ્ધા આ સ્તોત્રની જનક છે. માટે સ્વયં **अभिनम्य** કહીને અભિવંદના કરે છે. અભિવંદનાનો અર્થ છે જાગૃત સ્પષ્ટ પ્રસ્ફુટિત વંદના.

શ્રી તીર્થંકર પ્રભુના ચાર મહાન (મુખ્ય) અતિશયો છે તેને અહીં સૂચવેલા છે : (૧) અપાય-અપગમ (ઉપદ્રવનો નાશ કરનાર) રૂપ અતિશય **भीताभयप्रदम्** અને **संसारसागर पोतायमानम्** થી, (૨) જ્ઞાનાતિશય **जिनेश्वरस्य** પદથી, (૩) વચનાતિશય **भीताभयप्रदम्** અને **संसारसागर पोतायमानम्** થી અને (૪) પૂજાતિશય **कल्याणमंदिरं, उदारं** અને **अनिंदितं** થી દર્શાવેલ છે.

જિનેશ્વર પ્રભુ જ્યારે વિચરતા હોય, વિહાર કરતા હોય ત્યારે તેઓ જ્યાં પગલા પાડે છે ત્યાં દેવતાઓ ૯ - ૯ સુવર્ણ કમળોની રચના કરે છે (જુઓ ભક્તામર શ્લોક-૩૬), બે આગળ અને સાત પાછળ. પ્રભુના ચરણોમાંથી નીકળતી પવિત્ર ઊર્જા સુવર્ણકમળોમાં ઝીલાઇને ધરતીમાં ઉતરી જઇને ચારેય દિશામાં ૧૨૫ યોજન સુધી વ્યાપી જતાં, તેના પ્રભાવથી તે ક્ષેત્રમાં મરકી, મારી, રોગચાળો, દુષ્કાળ, અતિવૃષ્ટિ વગેરે ઉપદ્રવ થતા નથી.

જીવાત્મા જ્યાં સુધી અહંકારમુક્ત થતો નથી અને જ્યાં સુધી ગુણાત્મક વંદનક્રિયાનો શુભારંભ થતો નથી ત્યાં સુધી તેનો અધ્યાત્મ ક્ષેત્રમાં પ્રવેશ થતો નથી. વંદના અહંકારમુક્તિનું પ્રથમ પગથિયું છે અને અહંકારથી મુક્ત થતાં પરમાત્મ સ્વરૂપને દૃષ્ટિગત કરવું એ અધ્યાત્મનું બીજું પગથિયું છે. તે પરથી પોતાના શુધ્ધ આત્મસ્વરૂપનું વેદન-ભાસન-અનુભૂતિ થવી તે અધ્યાત્મનું ત્રીજું પગથિયું છે. વંદનાનું ફળ એક વિશિષ્ટ ભાવક્રિયા છે અને તે જ આ પ્રથમ શ્લોકનું અધ્યાત્મલક્ષ્ય છે. આ વિશિષ્ટ ભાવક્રિયાથી ગુણાત્મક પદનું દર્શન થાય છે. પ્રભુના શ્રી ચરણના માધ્યમથી પરમાત્માનું સ્વરૂપદર્શન એ જ આ પ્રથમ શ્લોકની અધ્યાત્મ ફળશ્રુતિ છે.

અંતમાં સર્વ જીવ અહંકારમુક્ત થઇને ગુણાત્મક વંદનક્રિયાથી શીઘ્ર અધ્યાત્મવિકાસ કરે તે મંગલભાવના સાથે શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

# આત્માની સંપ્રદાન શક્તિ (૪૪)

**વલ્લભજી હીરજી 'કેવલ'**

જ્ઞાનમાત્ર આત્મા, તેમાં અનંત સ્વભાવો છે. આવા જ્ઞાનમાત્ર ભાવને અનુભવમાં લેતાં જે નિર્મળપર્યાયરૂપ ભાવ પ્રગટ્યો તે આત્માએ પોતે દીધો છે તે આત્મા પોતે પાત્ર થઈને તે લ્યે છે. દેનાર પોતે ને લેનાર પણ પોતે. આવી અભેદ સપ્રદાનશક્તિ આત્મામાં ત્રિકાળ છે. પર્યાયમાં શુદ્ધતા - આત્મા પોતે જ શુદ્ધતા દેનારો છે અને આત્મા પોતે જ શુદ્ધતા લેવાને પાત્ર છે અને તે શુદ્ધતા પ્રગટ કરીને પોતાની પાસે જ રાખે છે. કેવળજ્ઞાન ને સિદ્ધપદ આપ્યા કરે એવો મોટો દાતાર આ આત્મા પોતે જ છે. આત્મા ચૈતન્યચિંતામણિ છે કે જેને ધ્યાવતા કેવળજ્ઞાનાદિ આપે છે. એક સાથે જેમાં અનંત શક્તિઓ વ્યાપેલી છે એવા આત્મસ્વભાવનો અનંત મહિમા છે. દેવું ને લેવું બન્ને પોતામાં જ સમાય છે. તેને પર સાથે સંબંધ નથી. આવું સંપ્રદાન શક્તિનું કાર્ય છે.

અનંત ગુણથી ભરેલો ગુણીજન એવો આત્મા તેના પર દૃષ્ટિ કરતા જ તે પરમ આનંદથી ભરેલી નિર્મળપર્યાયોનું દાન આપે છે. તે પોતે જ તે રૂપે પરિણમીને - સંપ્રદાન થઈને પોતામાં જ તે આનંદને ઝીલે છે. આવી સંપ્રદાન શક્તિવાળો આત્મા છે. આત્મામાં અંતર્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન-એકાગ્રતા કરતા તે સમ્યગ્દર્શન આદિ આનંદમય ધર્મો આપે છે. પોતે જ તે રૂપે પરિણમે છે. ભવરહિત ભાવ પોતે પોતાને આપ્યો, ત્યાં ભવ પણ ટળ્યા. પોતે સ્વયં પોતાના છ કારક થઈને સ્વભાવરૂપ પરિણમે - તેનું નામ ધર્મ ને તે જ મોક્ષમાર્ગ.

ચૈતન્યદ્રવ્યના નિધાનને લક્ષમાં લેતા તેમાંથી અનંત નિધાન પ્રાપ્ત થશે. પોતે જ તેનો લેનાર ને પોતે જ દેનાર. દેવા - લેવામાં સમયભેદ નથી, ક્ષેત્રભેદ નથી, દ્રવ્ય ભિન્ન નથી. આવો સંપ્રદાન - સ્વભાવ આત્મામાં ત્રિકાળ છે. રાગનું સંપ્રદાન થાય એવો જ્ઞાનનો સ્વભાવ નથી. બાહ્યસામગ્રી, પુણ્ય અને શુભરાગ એ ત્રણેથી ભિન્ન જ્ઞાનભાવમય આત્મા છે. જીવને પોતાને પોતાની ખબર નથી કે હું કોણ છું? ને મારું સ્વરૂપ શું છે ?

"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંત તત્વો અનુભવ્યાં."

વાણીમાં ને વિકલ્પમાં જ્ઞાનનું સંપ્રદાન થવાની તાકાત નથી. જ્ઞાનનું સંપ્રદાન થવાની તાકાત આત્મામાં છે. પોતાના ગુણોની પર્યાય પોતામાંથી લેવાની આત્માની તાકાત છે. તીર્થંકરોએ પોતાની આવી તાકાત પ્રગટ કરીને કેવળજ્ઞાનને સાધ્યું ને જગતને તેવો ઉપદેશ આપ્યો. આત્માની સંપ્રદાનશક્તિને જે સમજે તેને આત્મામાંથી અપૂર્વ શાંતિ આવ્યા વિના રહે નહિ. તે શાંતિનો દેનાર ને લેનાર આત્મા પોતે જ છે.

★★★

## હું કોણ છું ? ....

(પાના નં. ૩૨ પરથી ચાલુ...)

નવતત્ત્વની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. અખંડાનંદ આત્માનો અનુભવ કરીને પ્રતીતિ કરે તે નિશ્ચયથી સમ્યગ્દર્શન છે. આત્મા જાગે તેનું નામ જ ધર્મ છે. મિથ્યાત્વ-વિપરીત માન્યતાથી જ જીવની રખડપટ્ટી છે. આત્મા સો પરમાત્મા. આત્મા સ્વરૂપે સદા સિદ્ધસમાન છે. ભગવાન મહાવીરે રાગાદિ ભાવને હિંસા કહી છે, વીતરાગતા તે અહિંસા છે. જૈનધર્મનું સાચું સ્વરૂપ સમજે, તે પ્રમાણે વિચારે અને વર્તે તે જૈન. ●●●

# સામાયિક વ્રત - ૮

નિરૂપમાબેન ડગલી

આવશ્યક છ પ્રકારના છે - સામાયિક, વંદના, સ્તવન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન. આ આવશ્યક આત્માર્થીઓએ નિત્ય અવશ્ય કરવા યોગ્ય છે. અનંતકાળથી આ જીવ સંસારની ચારગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. સંસારમાં જન્મ, જરા, રોગ, મૃત્યુના ભયંકર દુઃખો ભોગવી રહ્યો છે. આ પરિભ્રમણ દરમ્યાન સામાયિક કરવાનો અવસર મળવો અને ભાવ થવો જ મહાદુર્લભ છે.

માત્ર અત્યારે મનુષ્યગતિના આ ભરતક્ષેત્રને વિષે વિચારીએ તો તેમાં આર્યખંડના ભારતદેશમાં અત્યારે આશરે ૧૩૦ કરોડ મનુષ્યો છે. તેમાં ઉચ્ચ જાતિ અને ઉચ્ચકુળમાં જન્મેલા મનુષ્યો કેટલા ? વળી તેમાં પણ વીતરાગ પ્રણીત જૈન ધર્મ મળ્યો હોય તેવા મનુષ્યો કેટલાં ? તે ધર્મ મળ્યા પછી પણ સામાયિકના પાઠ કંઠસ્થ હોય તેવા મનુષ્યો કેટલા ? તેમાં પણ સ્વસ્થ શારીરિક અવસ્થા હોય અને સામાયિક કરવાનો અવસર મળે તેવા મનુષ્યો કેટલાં ? તેમાં વળી રોજની ઓછામાં ઓછી એક સામાયિક કરતાં હોય તેવા મનુષ્યો કેટલાં? કારણ વર્તમાન યુગમાં પૈસા કમાવાની આંધળી દોડમાં સામાયિક કરવાનો સમય જ ક્યાં છે ? વળી હવે તો પુરુષોની જેમ સ્ત્રીઓ પણ પૈસા કમાવા આખો દિવસ દોડધામ કરવા માંડી છે. તેમાં સામાયિક કરવા માટેનો સમય કાઢવો જ મુશ્કેલ થઇ ગયો છે. આમ વિચારશો તો ખ્યાલ આવશે કે અત્યંત અલ્પ સંખ્યામાં જ મનુષ્યો સામાયિક કરી શકે છે. નિત્યક્રમમાં રોજ સામાયિક પાઠના દોહરા બોલીએ છીએ,

**કાલ અનંત ભ્રમ્યો જગમેં સહીએ દુઃખ ભારી,**
**જન્મ મરણ નિત કિયે પાપ કો વ્હૈ અધિકારી;**
**કોડિ ભવાંતરમાંહિ મિલન દુર્લભ સામાયિક,**
**ધન્ય આજ મૈ ભયો જોગ મિલિયો સુખદાયક.**

શ્રાવક વિચારે છે કે શુદ્ધ આત્મસ્વભાવને પ્રગટાવનાર આવું સામાયિક કરોડો ભવોમાં પણ મળવું દુર્લભ છે. તે સામાયિક કરવાનો સુખદાયક જોગ અવસર મને આજે પ્રાપ્ત થયો છે. તેથી અહો ! આજે હું અત્યંત ધન્યરૂપ છું. મારો આ કાળ સફળ થયો ગણીશ.

**સબ જીવનમેં મેરે સમતાભાવ જગ્યો હૈ,**
**સબ જિય મો સમ સમતા રાખો ભાવ લગ્યો હૈ;**
**આર્તરૌદ્ર દ્વય ધ્યાન છાંડિ કરિહું સામાયિક,**
**સંયમ મો કબ શુદ્ધ હોય યહ ભાવ બધાયિક.**

જ્ઞાનીપુરુષ કહે છે કે સર્વ જીવો પ્રત્યે મને સમભાવ ઉત્પન્ન થયો છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ અધોગતિના કારણ હોવાથી તેવા દુર્ધ્યાનને છોડીને સામાયિક દરમ્યાન ધર્મધ્યાનની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરું છુ. ભાવની વૃદ્ધિ કરનાર મારો સંયમ ક્યારે શુદ્ધ થશે એમ ભાવું છું. ઉચ્ચ કક્ષાના સાધક જીવો કેવા હોય છે તે વર્ણવે છે.

**ઈસ અવસર મેં મેરે સબ સમ કંચન અરુ તૃણ,**
**મહલ મસાન સમાન શત્રુ અરુ મિત્રહુ સમગણ;**
**જન્મન મરન સમાન જાન હમ સમતા કીની,**
**સામાયિક કા કાલ જિતૈ યહ ભાવ નવીની.**

આ સામાયિકના અવસરમાં મારે તૃણ કે કંચન, મહેલ કે સ્મશાન, શત્રુ કે મિત્ર, જન્મ કે મરણ સર્વ સમાન છે. જેટલો કાળ સામાયિકમાં રહું તેટલો વખત આજ ઉત્કૃષ્ટ સમભાવ મને રહો, બીજો ભાવ ન રહો. જુઓ, સામાયિક માટે કેટલી ઉચ્ચ કક્ષાની વાત લખી છે. આગમોમાં અનેક સાધકોની કથાઓ વર્ણવી છે કે સામાયિક લઇને ધ્યાનમાં બેઠાં પછી મરણાંત ઉપસર્ગો અને પરિષહો આવ્યા છતાં જરાપણ ચલાયમાન થયા નથી અને મોહનીય આદિ ઘાતીકર્મોનો ક્ષય કર્યો છે. ખરેખર તો આવી સાચી સામાયિક સમ્યક્દષ્ટિ જીવો જ કરી શકે.

હે પ્રભુ ! આજ સુધીમાં મે ભલે હજારો સામાયિક કરી હોય પણ ખરેખર તો સામાયિકની ૪૮

**(અનુસંધાન પાના નં. ૩૧ પર...)**

# શબ્દોનો ચમત્કાર

**રજનીકાંત વર્ધમાની**

યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિ દ્વારા યોગ્ય વ્યક્તિને, યોગ્ય શબ્દોના સમૂહ સ્વરૂપ વાક્ય કહેવામાં આવે અથવા સ્વયંને વાંચવા મળી જાય તો જીવનમાં જબરદસ્ત ચમત્કાર સર્જાયા વિના ન રહે!

સીતાજીને માટે રામચંદ્રજીને લાગ્યું કે 'લોક કહે છે કે એ રાવણને ત્યાં રહી આવેલ માટે રામચંદ્રજી જેવા મહાન રાજાએ ઘરમાં ન રખાય. એમ વિચારીને રામે સીતાજીને જંગલમાં છોડી દીધાં. પરંતુ મુકવા જનાર સેનાપતિએ સીતાજી પાસે સ્વામીને કહેવાનો સંદેશો માંગ્યો તો મહાસતીએ કહ્યું,

"સ્વામીને કહેજો કે લોકોના વચનથી તમે મને છોડી તો ભલે છોડી, પરંતુ કાલે ઉઠીને લોક જૈનધર્મની નિંદા કરે અને તે છોડવાનું કહે તો પણ એને છોડતા નહિ, કેમકે મારો ત્યાગ કરવાથી તમને મારા કરતા સારી પત્ની નહીં મળે એમ નથી, સવાઇ મળશે, કિંતુ વીતરાગ ધર્મ છોડી દેવાથી આ લોક અને પરલોકમાં દુઃખી થશો. મોક્ષમાર્ગ નહિ મળે અને એથી તમારો મોક્ષ અચૂક અટકી જશે."

સીતાજીના આ શબ્દો જ્યારે રામચંદ્રજીએ સાંભળ્યા ત્યારે ચમત્કાર સર્જાયો. સાંભળતાં જ રામ મૂર્છિત થઇ ગયા અને ભાનમાં આવતા જ કહે, "અરે ! મેં આવા મૂઢ લોકોના બોલથી સીતાજીને જંગલમાં છોડી મૂકી. આ મારી કેવી મૂર્ખતા ! કેવી નિર્દયતા !" પછી સેનાપતિને કહે, "ચાલ જલ્દી રથ ત્યાં લઇ લે, આપણે મહાસતીને પાછી લઇ આવીએ." જુઓ, શબ્દ શું કામ કરે છે ! રામના હૈયાને સીતાના શબ્દોએ પલાળી નાખ્યું. અજ્ઞાની મૂઢ લોકનાં વચન પર મદાર બાંધવાનું મૂકાવી દીધું. મહાન પુરુષોના જીવનમાં આવા શબ્દના ચમત્કાર ઘણા જોવા મળે. શબ્દના પ્રભાવે જીવનભરના અંધકાર ઊલેચાઇ જાય છે, બોલો તો જોખીને, વિચારીને, સૌમ્ય અને મધુર ભાષામાં બોલો. એવું બોલો કે સામાનાં કલેજાને ઠારી દે, પ્રોત્સાહિત કરી દે, તેમજ એનામાં સ્નેહ, સદ્ભાવ વધારી દે.

## સામાયિક વ્રત - ૮....

(પાના નં. ૩૦ પરથી ચાલુ...)

મિનિટ તો શું, એક કે અડધી મિનિટ પણ આવી સમભાવ - પૂર્વકની સામાયિક કરી નથી. જો થઇ હોય તો આત્માનુભવ થઇ ગયો હોત. મારી આવી અજ્ઞાનદશા અને ચારગતિનું પરિભ્રમણ ચાલુ ન હોય. આનો અર્થ એવો ન લેવો કે સમતાયુક્ત સામાયિક થતી નથી, મન સ્થિર રહેતું નથી માટે સામાયિક ન કરવી.

બાળક ત્રણ વર્ષનું થાય એટલે નવા પાટી-પેન લઇ આપીએ એટલે પહેલાં તો આડા-અવળા લીટાઓ જ કર્યા કરે છે. પછી મા તેને હાથ પકડીને એકડો લખતાં શીખવે. તે એકડો બાળક વારંવાર ઘુંટ્યા જ કરે અને એમ કરતાં કરતાં લખતાં આવડી જાય છે. તેમ મોક્ષમાર્ગમાં આત્માનુભવી સત્પુરુષના બોધને સાંભળીને, વાંચીને પછી ચિંતન દ્વારા વારંવાર ઘુંટ્યા કરવાથી આત્મામાં તેની પ્રતીતિ થવાથી સમભાવની પ્રાપ્તિ થતી જાય છે.

સામાયિક કેટલી સંખ્યામાં કરી તે અગત્યનું નથી પણ કેવી થાય છે તે મહત્વનું છે. ખરેખરી સામાયિક તો જગતના સર્વ જીવ પ્રત્યે વેર-વિરોધ, દ્વેષ ઈત્યાદિ વિષમભાવ મટાડીને મૈત્રીભાવ વધારે છે. જગતના કોઇપણ જડ પદાર્થો પ્રત્યે તેને આસક્તિ કે મમત્વભાવ રહેતો જ નથી. બસ પોતાના આત્મામાં જ ચિત્તવૃત્તિને સ્થિર કરીને, નિર્વિકલ્પદશા પ્રગટાવીને આત્મ-અનુભવ વધારતાં વીતરાગદશા પ્રગટાવી લે છે. આગમવિરુદ્ધ કાંઇ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

**(સામાયિક વ્રત લેખ પૂર્ણ)**

# હું કોણ છું ?


ભારત દેશમાં જૈનોની વસ્તી અંદાજે ૫૫ લાખની છે, જે આપણા દેશની વસતીનો ૧ ટકાથી ઓછો આંક છે. જૈનો દેશમાં અલ્પસંખ્યક છે. એટલે જૈનોને અલ્પસંખ્યકના વિશેષ ફાયદા છે. હકીકતમાં કોણ જૈન છે ? તે વિષે સત્ય જાણીએ. જૈન એટલે જીતનાર. કોને જીતવું છે અને કોણ જીતનાર છે એ જાણવું જોઈએ. પરદ્રવ્યોથી તો આત્મા-જીવ ભિન્ન છે, પણ એક આત્મામાં બે પડખાં છે - એક તો ત્રિકાળી સ્વભાવ છે અને બીજું વર્તમાન અવસ્થા છે. તેમાં જે ત્રિકાળ સ્વભાવ છે તે તો શુદ્ધ જ છે, તેમાં કાંઇ જીતવાનું નથી, પણ વર્તમાન અવસ્થામાં દોષો છે તે દોષો જીતવાના છે. કોઇ પર પદાર્થોને જીતવા નથી - જીતી શકાતા નથી. તેમજ કોઇ પર પદાર્થોની મદદથી પણ જીતવું નથી - જીતી શકાતું નથી, પણ પોતાની વર્તમાન અવસ્થા પર લક્ષે થતી હોવાથી દોષવાળી છે તે અવસ્થાને સ્વભાવ તરફ વાળીને દોષને જીતવા છે, અને તે પોતાથી થઇ શકે છે. પોતાના ત્રિકાળી સ્વભાવના યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન પૂર્વક સ્વસ્વરૂપમાં સ્થિરતા કરીને અવસ્થાના દોષને જીતવાના છે. એ રીતે જીતનાર આત્મા અને જીતવાનું પણ પોતામાં જ છે. આ રીતે બન્ને પડખાંને પોતામાં જાણીને ત્રિકાળી સ્વભાવની રુચિના પુરુષાર્થથી વર્તમાન અવસ્થાના દોષને જીતે તે જૈન છે. આ રીતે જૈનપણું કોઇ વાડામાં, સંપ્રદાયમાં, વેશમાં કે શરીરની ક્રિયામાં નથી, પણ આત્મ-સ્વરૂપની ઓળખાણમાં જ જૈનપણું છે. પોતાના પરિપૂર્ણ ગુણોની પ્રતીતિ દ્વારા અવસ્થાના અવગુણને જાણીને જે ટાળે છે તે જૈન છે.

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન પ્રગટતાં વાસ્તવિક જૈનપણું શરૂ થાય છે અથવા તો સમ્યગ્દર્શનની સન્મુખ જે જીવ હોય તેને પણ જૈન કહેવાય છે, અને તેરમા ગુણસ્થાને જે જિનદશા પ્રગટે છે, તે સંપૂર્ણ જૈનપણું છે. તેમને રાગ-દ્વેષ જીતવાના બાકી રહ્યા નથી. જૈન ધર્મ એ વસ્તુનું સ્વરૂપ છે. જગતના જડ-ચેતન પદાર્થોનું યથાર્થ સ્વરૂપ બતાવનાર જૈનદર્શન તે વિશ્વદર્શન છે. સંપૂર્ણ રાગ-દ્વેષને જીતનાર પોતાના વીતરાગ સ્વરૂપનું જેને ભાન છે પણ હજી પૂર્ણ રાગ-દ્વેષ જીત્યા નથી તે છદ્મસ્થ જૈન છે અને વીતરાગ સ્વરૂપના ભાનપૂર્વક જેણે સંપૂર્ણ રાગ-દ્વેષ જીત્યા છે તે પૂર્ણ જૈન છે. પરવસ્તુથી લાભ-નુકસાન થાય એવી માન્યતા તે જ મોટું નુકસાન છે. પણ પરવસ્તુ તો કોઇ લાભ કે નુકસાન કરતી નથી. શ્રોતાઓને લાભ કે નુકસાન વક્તાના કારણે થતું નથી, પણ પોતાના 'ભાવ'ને કારણે થાય છે. કોઇ ઠેકાણે અશુભરાગ ટાળવા માટે શુભનું અવલંબન પણ બતાવ્યું છે, જૈન શાસ્ત્રોમાં વીતરાગતાનો ઉપદેશ છે.

આત્મા છે, તેનામાં અનંત ગુણો છે, તેનું સમય સમયનું સ્વતંત્ર પરિણમન છે. તેમાં ચારિત્રગુણની વિપરીતદશામાં રાગ થાય છે. જિનવાણીમાં ભૂમિકાને અનુસાર જે આચરણ કરવા યોગ્ય કહ્યું છે તે કરવું અને જેનો નિષેધ કરવામાં આવ્યો છે, તે ન કરવું. પ્રત્યેક દ્રવ્યની સર્વ પર્યાયો તેના થવાના કાળે સ્વતંત્રપણે પોતાથી જ ક્રમબદ્ધ થાય છે. તેમાં કાંઇ આઘું-પાછું કદીય થાય નહિ.

પાંચ મહાવ્રત અને પાંચ સમિતિઓ દ્રવ્યહિંસા અને ભાવહિંસાથી બચવાના સાધન છે. આત્માની અવસ્થામાં વિકાર થાય છે. તે વિકારના નિમિત્તે કર્મ બંધાય છે. અનાદિકાળથી જીવ મિથ્યાત્વ થકી રખડે છે. મિથ્યાત્વના શલ્યમાં જીવે અનેક પ્રકારના ભાવો કર્યા છે. સમ્યગ્દર્શન વિનાના વ્રત, તપ પણ મોક્ષાર્થે કાર્યકારી નથી.

**(અનુસંધાન પાના નં. ૨૯ પર...)**



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## જ્ઞાન અને આચરણ

વિહાર કરતા કરતા મહાત્મા બુદ્ધ અને એમના શિષ્યો એક દિવસ એક નગરીમાં આવ્યા. એમના આગમનની જાણ થતાં જ પુરજનો મહાત્મા બુદ્ધનો ઉપદેશ સાંભળવા એકત્રિત થયા.

મહાત્માબુદ્ધે એમને ધર્મોપદેશ સંભળાવ્યો.

સર્વના મન એ ધર્મોપદેશથી પુલકિત બન્યાં પણ સૌના ચાલ્યા ગયા પછી મહાત્મા બુદ્ધે ખાસ તૈયાર કરાયેલા એ શમિયાણામાં જોયું તો એક માણસ ત્યાં જ બેસી રહ્યો હતો.

બુદ્ધે પૂછ્યું, ‘‘બધા અહીંથી ચાલ્યા ગયા, છતાં તું કેમ ગયો નહિ ? અહીં શા માટે બેસી રહ્યો ?’’

પેલો બોલ્યો, ‘‘હું એક સાધક છું. મારે આપને એક પ્રશ્ન પૂછવો છે ! બધાની ઉપસ્થિતિમાં એ પ્રશ્ન પૂછવા કરતાં એકલો પડું ત્યારે પ્રશ્ન પૂછું તો એ ઠીક રહેશે એવા વિચારથી હું અહીં બેસી રહ્યો છું. આપ અનુમતિ આપો તો પ્રશ્ન પૂછું.’’

‘‘બોલ, તારો પ્રશ્ન શો છે ?’’

ખૂબ વિનયપૂર્વક સાધક બોલ્યો, ‘‘જીવનમુક્તિની સંપ્રાપ્તિ માટે સાધનાનો સાચો પ્રકાર કયો, એ મારે આપની પાસેથી જાણવું છે.’’

બુદ્ધે કહ્યું, ‘‘એ માટે જીવનમાં નિર્દોષતા આણો, ઔદાર્યની ભાવના કેળવો, જગતના સૌ જીવો પ્રત્યે સમભાવ દાખવો અને સત્યના ઉપાસક બનો.’’

સાધકે હસીને કહ્યું, ‘‘આમાં આપે નવું શું કહ્યું ? આ બધું તો નાનું બાળક પણ જાણે છે !’’

બુદ્ધે કહ્યું, ‘‘હા, આ બધું નાનું બાળક પણ જાણે છે. નાનું બાળક પણ મેં કહેલી બાબતોની સમજ ધરાવે છે. પણ ખરી મુશ્કેલી એ છે કે પાકી વયે પહોંચેલા, ઠરેલ અને અનુભવી માણસો પણ તેનું આચરણ કરી શકતા નથી. જાણવું કે સમજવું એ પર્યાપ્ત નથી, પણ એ વસ્તુઓનું જીવનમાં આચરણ કરવું એ જ અગત્યનું છે. જ્ઞાન જાણી લઈને એનું જીવનમાં આચરણ ન કરાય તો એ બધું જાણવું નિરર્થક છે !’’

સાધકને હવે સમજાયું કે જ્ઞાનપ્રાપ્તિનું જો જીવનમાં આચરણ ન કરાય તો એવા જ્ઞાનનો કશો અર્થ નથી.

## હિંદી ભાષાની હિમાયત

કોંગ્રેસના એક વખતના પ્રમુખ ડૉ. પટ્ટાભિ સીતારામૈયાના જીવનનો એક પ્રસંગ છે, જે હિંદી ભાષા પ્રત્યે એમનો કેવો આદરભાવ હતો તે દર્શાવે છે.

અંગ્રેજી ભાષા ભારત માટે ગમે તેટલી ઉપયોગી હોય, છતાં એને કદી રાષ્ટ્રભાષા બનાવી શકાય નહિ એવી એમની સદા હિમાયત રહેતી હતી. તેઓ પોતાનો બધો જ પત્રવ્યવહાર હિંદીમાં જ કરે. અંગ્રેજીમાં સરનામું પણ કદી કરે નહિ. આથી દક્ષિણની પોસ્ટઓફિસો માટે મુસીબત ઊભી થઈ.

એક દિવસ ટપાલખાતાના એક અધિકારીએ ડૉ. પટ્ટાભિ પર એક પત્ર પાઠવ્યો. એમાં તેણે ફરિયાદના સૂરમાં ડૉ. પટ્ટાભિને લખ્યું, ‘‘આપ હિંદીમાં સરનામું લખો છો તેથી અમને બહુ મુશ્કેલી પડે છે. આપ હિંદીમાં સરનામું લખવાને બદલે જો અંગ્રેજીમાં સરનામું લખો તો અમને ઘણી સુવિધા રહેશે. અહીંના સ્ટાફમાં હિંદી કોઈ જાણતું નથી. અંગ્રેજી તેઓ જાણે છે. તેથી જો આપ હિંદીને બદલે અંગ્રેજીમાં સરનામું લખવાનું રાખો તો અમને ઘણી

સરળતા રહેશે.''

આના પ્રત્યુત્તરમાં ડૉ. પટ્ટાભિએ લખ્યું, ''આપની વિનંતી હું સ્વીકારી શકું એમ નથી. હું ભારતની રાષ્ટ્રભાષા હિંદીને જ માનું છું. અંગ્રેજી રાષ્ટ્રભાષા હોઇ શકે નહિ. કારણ કે, અંગ્રેજી એ ભારતની ભાષા છે નહિ. તે એક વિદેશી ભાષા છે. સાચો રાષ્ટ્રવાદી ભારતીય હિંદી ભાષાને જ રાષ્ટ્રભાષા માને, અંગ્રેજીને હરગિઝ નહિ. હું અંગ્રેજીમાં સરનામું કરીશ નહિ, તો મને માફ કરજો!''

પછી તો દક્ષિણની પોસ્ટ-ઓફિસના સત્તાવાળાઓ અને ડૉ. પટ્ટાભિ વચ્ચે આ અંગે ઘણો લાંબો વિવાદ ચાલ્યો. સત્તાવાળાઓએ ડૉ. પટ્ટાભિને એવી ધમકી પણ આપી કે તમે જો હિંદીમાં સરનામું લખવાનું ચાલુ રાખશો તો તમારા પત્રો 'ડેડ લેટર ઑફિસ' માં મોકલી દેવામાં આવશે, પણ ડૉ. પટ્ટાભિ આ ધમકીને વશ થયા નહિ.

છેવટે સરકારે થાકીને મછલીપટ્ટમ ખાતે પોસ્ટ-ઑફિસમાં એક હિંદી જાણકારને રોક્યો.

## શ્રમણોપાસક આનંદનું અવધિજ્ઞાન

વાણિજ્યગ્રામ છે. ભગવાન મહાવીરની વાણી સાંભળી આનંદ શ્રાવકે, બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ સ્વીકારી શ્રમણોપાસક બન્યો. આ વખતે ભગવાન મહાવીરના પરમ શિષ્ય ગૌતમ સ્વામી સાથે જ રહેતા. ગૌતમના અનેક પ્રશ્નોના જવાબ ભગવાન મહાવીર આપે અને ગુરુ-શિષ્ય કાયાની છાયા જેમ રહે.

આ બાજુ આનંદની ભક્તિભાવના ઉત્કટ પામી. જીવનનાં અંતિમ સમયનાં એંધાણ ઓળખ્યાં. આકરાં આકરાં તપ આદર્યા. છેવટે મરણાંત અનશનનું આકરું અને ઉગ્ર તપ સ્વીકાર્યું.

આ તપભાવના આગળ વધી. ચિત્ત-શુદ્ધિ પ્રગટ થઇ. અવધિજ્ઞાન ઉત્પન્ન થતાં આકાશ, પાતાળ અને પૃથ્વી એમ ત્રણે લોકનું, અમુક હદ સુધીનું જાણી શકવાને શક્તિવંત થયો.

આનંદ શ્રાવકની અંતિમ સંલેખનાની અને અવધિજ્ઞાન પ્રાપ્ત થયાની વાત ગૌતમસ્વામીના કાને આવી. તેથી આનંદની સાતા પૂછવા ગયા. ગૌતમે શંકા ઉઠાવી કે, ગૃહસ્થને આવું જ્ઞાન ન હોય; પણ આનંદ શ્રાવકે નિશ્ચલ મને દૃઢતાથી પોતાને થયેલ જ્ઞાન વિશેની વાત ગૌતમ સ્વામીને કરી.

ગૌતમસ્વામીએ ભગવાન મહાવીર પાસે જઇ પોતાને થયેલી શંકા વિશે પ્રશ્ન પૂછ્યો. ભગવાન મહાવીરે કહ્યું, ''ગૌતમ, આનંદની વાત સાચી છે. તે એક જ્ઞાનીના જ્ઞાનમાં શંકા કરી વિચારવિરોધ કર્યો તે ખોટું કર્યું છે. માટે તારે એમની પાસે જઇ માફી માગવી જોઈએ.''

ગૌતમ જેવા મહાવીરના જ્ઞાની શિષ્ય, એક ગૃહસ્થની પાસે જાય અને તેની માફી માગે, એ એક વિસ્મયકારક ઘટના બનતી હતી !

ગૌતમના દિલમાં શ્રદ્ધાનો દીપક જ્વલંત હતો. જવાબ મળ્યો, ''સત્ય વસ્તુનો સ્વીકાર એ વીરનું ભૂષણ છે.''

બીજે દિવસે પ્રભુ મહાવીરના જ્ઞાની ગુરુના શિષ્ય એવા ગૌતમસ્વામી ગૃહસ્થ અને શ્રમણોપાસક એવા આનંદના ઘેર ગયા. ગુરુની આજ્ઞા સ્વીકારી તો હતી જ. ગૌતમે કહ્યું ''આનંદ ! તમે ગૃહસ્થી છો અને તમને આટલું અવધિજ્ઞાન પ્રાપ્ત થાય જ નહિ એમ મારા મનમાં આશંકા થઇ હતી, પરંતુ ભગવાન મહાવીરે મારી એ શંકા દૂર કરી. તમારા જ્ઞાન માટે મેં કરેલી શંકા બદલ હું આપની માફી માગું છું.''

આ વાત સાંભળી આનંદની આંખમાં આંસુ આવ્યાં. ગૌતમસ્વામી પ્રત્યે અહોભાવ પ્રગટ્યો ! ભગવાન મહાવીરની સત્ય અને ન્યાયી ભાવનાને વારંવાર યાદ કરી પ્રણામ કરવા લાગ્યો. ધન્ય છે ગૌતમસ્વામીના વિનયને, ગુરુઆજ્ઞાપાલનને અને ગુરુસમર્પણને !

• • •

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૪-૭-૨૦૧૯ | અષાઢ સુદ બીજ | ગુરુવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજા પરિવર્તન |
| ૧૪-૭-૨૦૧૯ થી ૧૬-૭-૨૦૧૯ | અષાઢ સુદ પૂનમ | રવિવાર થી મંગળવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૨૬-૮-૨૦૧૯ થી ૨-૯-૨૦૧૯ | શ્રાવણ વદ - ૧૧થી ભાદરવા સુદ - ૪ | સોમવાર થી સોમવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૩-૯-૨૦૧૯ થી ૧૨-૯-૨૦૧૯ | ભાદરવા સુદ-પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | મંગળવારથી ગુરુવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૧૪-૧૦-૨૦૧૯ | આસો વદ એકમ | સોમવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૨૬-૧૦-૨૦૧૯થી ૨૯-૧૦-૨૦૧૯ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | શનિવારથી મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પાંચમ | શુક્રવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૧૨-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પૂનમ | મંગળવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૯થી ૩-૧૨-૨૦૧૯ | | રવિવારથી મંગળવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

## સંસ્થા સ્થાપનાદિનની ઉજવણી

વૈશાખ સુદ દશમ ભગવાન મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક દિને 'શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર' નામે શ્રી પુષ્પવીલા, મીઠાખળી, અમદાવાદ મુકામે સને ૧૯૭૫ માં આપણી સંસ્થાની સ્થાપના થઇ હતી.

આ શુભ દિન તા. ૧૪-૦૫-૨૦૧૯ ના રોજ ધર્મોલ્લાસપૂર્ણ વાતાવરણમાં સંસ્થા સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી. સવારે વર્તમાન શાસનપતિ શ્રી મહાવીર ભગવાનની પૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ પૂજ્યશ્રીની 'શ્રી આત્મસિદ્ધિ ગાથા-૧૩૮', દયા શાંતિ, સમતા .... ના આધારે વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. પૂજ્ય બહેનશ્રીએ સંસ્થાની સ્થાપના તથા તે વખતની પૂજ્યશ્રીની સાધના વિષયક

મનનીય ઉદ્‌બોધન કર્યું હતું. પૂજ્યશ્રીએ સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. અંતમાં પરમાત્મા તથા પરમકૃપાળુદેવની આરતી કરવામાં આવી હતી.

## પૂજ્ય પ્રભુશ્રી લઘુરાજસ્વામીજીના દેહોત્સર્ગદિન નિમિત્તે સંસ્થામાં કાર્યક્રમો સંપન્ન

વૈશાખ સુદ આઠમ પ્રભુશ્રીજી લઘુરાજ સ્વામીજીના દેહોત્સર્ગ નિમિત્તે સંસ્થામાં સ્મરણાંજલિનો કાર્યક્રમ સંપન્ન થયો. રાત્રે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, કુકમા દ્વારા બહાર પડેલ પ્રભુશ્રીજીના જીવનચરિત્ર વિષયક કેસેટ સૌએ નિહાળી. પ્રભુશ્રીજીનો પરમકૃપાળુદેવ પ્રત્યેનો સમર્પણભાવ જોઈને સૌને અંતરથી અહોભાવ આવ્યો.

આપણે પણ પૂજ્ય લઘુરાજસ્વામી જેવા સાચા શિષ્ય બનવા પ્રયત્ન કરીએ.

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળનું S.S.C. નું ૧૦૦% પરિણામ

આપણી સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓનું બોર્ડનું પરિણામ દર વર્ષની જેમ ૧૦૦% આવેલ છે. S.S.C. ની પરીક્ષામાં સફળતા મેળવવા બદલ નીચેના વિદ્યાર્થીઓ, ગૃહપતિ આદ. શ્રી મેહુલભાઈ પંડ્યા તથા ગુરુકુળ કમિટિને સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક |
|---|---|---|
| ૧. | ઉત્સવ ચૌધરી | ૯૦.૮૮ |
| ૨. | હેમાંગ ચૌધરી | ૮૮.૪૫ |
| ૩. | પ્રિન્સ માંગરોળિયા | ૮૬.૦૦ |
| ૪. | ધાર્મિક પાટિલ | ૬૭.૯૦ |
| ૫. | સંજય જિંઝાળા | ૬૩.૨૦ |

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક |
|---|---|---|
| ૬. | ગૌતમ ભીમાણી | ૬૨.૦૮ |
| ૭. | કરણ વણઝાર | ૬૦.૯૧ |
| ૮. | કમલેશ બાભણિયા | ૫૫.૦૧ |
| ૯. | આનંદ માલકિયા | ૫૨.૧૩ |

## સંસ્થામાં શ્રી ગુરુપૂર્ણિમા શિબિર તથા શ્રી પર્યુષણ મહાપર્વની ઉજવણી પ્રસંગે પધારવા હાર્દિક નિમંત્રણ

સંસ્થામાં તા. ૧૪-૦૭-૨૦૧૯ થી તા. ૧૬-૦૭-૨૦૧૯ દરમિયાન ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રિદિવસિય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં આદ. અશ્વિનભાઈ શાહ (મુંબઈ) ના મુખ્ય સ્વાધ્યાય રહેશે.

સંસ્થામાં તા. ૨૬-૦૮-૨૦૧૯ થી તા. ૦૨-૦૯-૨૦૧૯ દરમિયાન આદ. બા.બ્ર.સુરેશજી સિદ્ધર્ષિ ગણિની રૂપક કથા 'ઉપમિતિભવપ્રપંચકથા' ના આધારે સ્વાધ્યાયનો લાભ આપશે. આ કથા વૈરાગ્યપ્રેરક છે. નિગોદથી મોક્ષ સુધીની જીવનયાત્રાનું, કષાયદિને કારણે જીવની કેવી હેરાનગતિ થાય છે તેનું તેમાં વર્ણન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત પૂજા, ધ્યાન, ભક્તિસંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત બન્ને શિબિરમાં પધારવા સૌને હાર્દિક નિમંત્રણ છે. આપના આગમનની અગાઉથી જાણ સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી છે.

## શૈક્ષણિક ક્ષેત્રમાં સહયોગ માટે અપીલ

આપ સહુ જાણો છો કે પ.પૂ.આત્માનંદજીની પ્રેરણાથી અને પૂ. બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજીના આશીર્વાદથી આપણી સંસ્થામાં સંસ્કારસિંચનના કાર્ય રૂપે છેલ્લા ૨૦ વર્ષથી ગુરુકુળ ચાલી રહ્યું છે. તેના ભાગ રૂપે આ વર્ષે પણ જરૂરતમંદ બાળકોને તા. ૨૧.૦૪.૨૦૧૯ ને રવિવારના રોજ ઓપન એક્ઝામ દ્વારા ગુરુકુળમાં પ્રવેશ આપેલ છે.

હાલના તબક્કે આપણા ગુરુકુળમાં ૪૦ બાળકોની કાળજીપૂર્વક કેળવણી આપવામાં આવે છે. આ દરેક બાળકો ગામડાના અંતરિયાળ વિસ્તારમાંથી અને ખૂબ સામાન્ય પરિવારમાંથી આવે છે. આપણી સંસ્થા આવા બાળકોના સંસ્કારસિંચન માટે કટિબદ્ધ છે. સાવ સામાન્ય ફી લઈને આ કાર્ય થઈ રહ્યું છે. તેથી બાળકોના નિભાવખર્ચનો ઘણો બોજ સંસ્થા પર રહે છે.

આ શૈક્ષણિક તથા સંસ્કારસિંચનના કાર્યમાં તમે પણ આ રીતે સંસ્થાને ઉપયોગી થઈ શકો છો, જેથી આ કાર્ય હવે પછી પણ સારી રીતે આગળ વધી શકે.

**એક બાળક દીઠ સરેરાશ નિભાવ - સહાય**

| ક્રમ | ખર્ચની વિગત | માસિક રકમ | વાર્ષિક રકમ |
|---|---|---|---|
| ૧. | એક બાળક એક વર્ષ માટે દત્તક યોજના | - | રૂ. ૧૮,૦૦૦/- |
| ૨. | બાળકનો પુસ્તક ખર્ચ | - | રૂ. ૧,૦૦૦/- |
| ૩. | બાળકનો યુનિફોર્મનો ખર્ચ | - | રૂ. ૧,૦૦૦/- |
| ૪. | બાળકની ટ્યુશન તથા કોમ્પ્યુટર ફી | રૂ.૫૦૦/- | રૂ. ૫,૦૦૦/- |
| ૫. | દવા તેમજ મેડિકલ સહાય | રૂ.૪૦૦/- | રૂ. ૪,૦૦૦/- |
| | **કુલ વાર્ષિક ખર્ચ** | | **રૂ. ૨૯,૦૦૦/-** |
| | **આજીવન સંરક્ષક** | | **રૂ. ૧,૦૦,૦૦૦/-** |

આ રીતે કોઈપણ સ્કીમમાં આપને અનુકૂળ હોય તે અનુસાર બાળક દીઠ સહકાર આપીને આ વિકાસ કાર્યમાં ભાગીદાર થવા આપ સૌને નમ્ર અપીલ છે.

**BANK DETAILS**

| | | |
|---|---|---|
| Name of A/c holder | : | SHRIMAD RAJCHANDRA ADHYATMIK SADHANA KENDRA |
| Name of Bank | : | KOTAK MAHINDRA BANK |
| Branch | : | CHANDKHEDA-AHMEDABAD-382424 |
| A/C No. | : | 08390020000044 |
| IFSC Code | : | KKBK0000839 |
| Web | : | www.shrimadkoba.org |
| E-mail | : | mail@shrimadkoba.org    Tel No. : 23276219 / 23276483 / 84 |

**વધુ માહિતી માટે સંપર્કસૂત્રોઃ-**

શ્રી નીતિનભાઈ પારેખ : ૦૯૮૨૦૩૨૯૨૭૭ શ્રી શરદભાઈ ડેલીવાલા : ૯૮૨૦૩૯૯૬૬૮

શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજી : ૯૮૨૪૦૪૭૬૨૧ શ્રી વિજયભાઈ પટેલ : ૯૩૨૭૦૯૦૩૯૩

## સંસ્થામાં ત્રિદિવસીય યુવા ઉત્કર્ષ શિબિર સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં તા. ૨૪-૦૫-૨૦૧૯ થી તા. ૨૬-૦૫-૨૦૧૯ દરમિયાન ત્રિદિવસિય યુવાશિબિર ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગલ પ્રારંભ થયો.

**સ્વાધ્યાય / વક્તવ્ય :-** પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે થયા હતા.

બા.બ્ર.આદ.શ્રી સુરેશજીએ 'જીવ, જગત અને જગદીશ' વિષયના આધારે સરળ છતાં સચોટ પ્રશ્નોત્તરી શૈલીમાં દૃષ્ટાંતસભર તત્ત્વચર્ચા કરી હતી. તેઓશ્રીએ જણાવ્યું કે જીવને પોતાની જ ઓળખ નથી તે મોટું આશ્ચર્ય છે. જીવનનું ઉત્તમ લક્ષ્ય નક્કી કરવું. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) ની પ્રાપ્તિ એ માનવજીવનનું ઉત્તમ ધ્યેય છે. જીવ = આત્મા + જગત, જગદીશ = આત્મા - જગત, જગત = ચતુર્ગતિ સંસાર + ક્રોધાદિ વિકારો. જીવ ચૈતન્યમય છે, સ્વયંનો કર્તા છે, સ્વયંનો ભોક્તા છે, અમૂર્તિક છે તથા શરીરપ્રમાણ છે. આ ઉપરાંત તેઓશ્રીએ ત્રણ લોકનું સ્વરૂપ (દ્રવ્યસંસાર) તથા ભાવસંસાર વિશે હૃદયસ્પર્શી વાતો કરી હતી.

બા.બ્ર. આદ.શ્રી અલકાબેને પરમકૃપાળુદેવ વિરચિત 'અમૂલ્ય તત્ત્વવિચાર' પદના આધારે મનુષ્યભવની દુર્લભતા, સુખ ભોગવતાં પુણ્યનું ઘટી જવું, વિષયકષાયથી થતાં નુકસાનો, ભાવમરણ, લક્ષ્મી અને અધિકારના દુરુપયોગથી થતા નુકસાનો, નિર્દોષ સુખ, તત્ત્વચિંતનનો મહિમા વગેરે બાબતોને ગદ્ય-પદ્યમય શૈલીમાં ભાવપૂર્ણ તથા સચોટ રજૂઆત કરી હતી.

CID ક્રાઈમ બ્રાન્ચના ADG, IPS ઓફિસર, અનેક મેડલ પ્રાપ્ત કરનાર આદ.શ્રી અજયભાઈ તોમારે તેઓના વક્તવ્યમાં આત્મવિશ્વાસ કેળવવો, દુનિયાની દૃષ્ટિએ નિષ્ફળ ગણાતા લોકોએ કરેલી પ્રગતિ, પ્રતિભાની મૂલવણી માત્ર ગુણના આધારે થતી નથી, જીવનની પરીક્ષામાં કેવી રીતે સફળ થવું, સદ્વાચનનો મહિમા, વર્તમાન શિક્ષણની ખામીઓ વગેરે બાબતો અંગે થોમસ આલ્વા એડિસન, હેન્રી ફોર્ડ, સ્ટીવ જોબ્સ, નરેન્દ્ર મોદી વગેરેના દૃષ્ટાંતો સહ મનનીય વક્તવ્ય આપ્યું હતું.

RSS ના જિલ્લાપ્રમુખ આદ. ગોપાલજીએ 'આપણું ગૌરવશાળી અતીત' વિષયના આધારે ભારતનો ભવ્ય સાંસ્કૃતિક વારસો, 'વિશ્વગુરુ' ભારત, હ્યુએનસંગની કથા, વિવિધતામાં એકતા, ભારતના મહાપુરુષો, ઋષિમુનિઓ, રાષ્ટ્રપ્રેમ, ચાફેકર બંધુઓના બલિદાન વગેરે બાબતો અંગે હૃદયસ્પર્શી વાતો કરી શિબિરાર્થીઓના હૃદયમાં દેશપ્રેમની ભાવના જાગૃત કરી હતી.

ગાંધીનગર જિલ્લાના ડેપ્યુ. કલેક્ટર આદ. શ્રી મેહુલભાઈ પંડ્યાએ 'સફળતાનું રહસ્ય' વિષય અંતર્ગત ભારતીય સંસ્કૃતિના મૂલ્યો, યુવાશિબિરની ઉપયોગિતા, સાચા યુવાનની વ્યાખ્યા, જીવનની સફળતા માટે આત્મવિશ્વાસ, સકારાત્મક વિચારો, પ્રાર્થના, ધર્મનિષ્ઠા, સાહસ, રાષ્ટ્રભક્તિ તથા આદર્શ જીવનશૈલીની આવશ્યકતા વગેરે બાબતે મહાપુરુષોના દૃષ્ટાંતો અને અવતરણો ટાંકીને સુંદર સમજૂતી આપી હતી.

આદ. હિતભાઈ મોદીએ 'મોબાઈલથી થતાં લાભ અને હાનિ' વિષયના આધારે જણાવ્યું કે મોબાઈલના વધુ પડતા ઉપયોગથી અભ્યાસ પર વિપરીત અસરો, અનિદ્રા, માથાનો દુઃખાવો, કમરનો દુઃખાવો, ડિપ્રેશન, હિંસાત્મક વલણ તેમજ બ્રેઈન કેન્સર જેવા રોગો ઉદ્ભવે છે. તો બીજી બાજુ મોબાઈલ દ્વારા વિશ્વના સમાચાર

જાણી શકાય, કોમ્યુનિકેશન, ફોટોગ્રાફ, ટ્રાન્સપોર્ટ, એજ્યુકેશન, ધાર્મિક પ્રવચનોનું શ્રવણ વગેરે ફાયદાઓ પણ છે.

**યોગ અને પ્રાણાયામ :-** યોગાચાર્યશ્રી વસંતભાઈએ શિબિરાર્થીઓને સુંદર યોગ તથા પ્રાણાયામ કરાવ્યા હતા તેમજ રોગોના નિવારણ માટે સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેઓશ્રીએ ૧૨ વર્ષથી નીચેના બાળકોના વર્ગ લઈને બાળકોનું સુંદર ઘડતર કર્યું હતું. સંસ્થા તરફથી તેઓશ્રીનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

**શીઘ્ર વક્તવ્ય :-** યુવા શિબિરાર્થીઓએ આ કાર્યક્રમ અંતર્ગત સંસ્કાર, જીવદયા, ધર્મમય જીવન, મારા સ્વપ્નનું ભારત, સંયુક્ત કુટુંબનું મહત્ત્વ, શિસ્તની અગત્યતા, ગુરુમહિમા જેવા વિષયો પર સુંદર વક્તવ્યો આપ્યા હતા. આદ. શરદભાઈ ડેલીવાળાએ 'હળવાશની પળોમાં' કાર્યક્રમ અંતર્ગત નિર્દોષ મનોરંજન પૂરું પાડ્યું હતું.

**સાંસ્કૃતિક કાર્યક્રમો :-** શિબિરાર્થીઓએ જહેમત ઉઠાવીને સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા; જે અંતર્ગત નાટકો, અભિનયગીત, ભક્તિનૃત્ય, દેશભક્તિગીત વગેરે કાર્યક્રમો સુંદર રીતે રજૂ કર્યા.

**શિબિર સમાપન :-** પૂજ્યશ્રી આત્માનંદજીએ હિતશિક્ષા આપતા જણાવ્યું કે શિબિરના માધ્યમથી જીવનને ઊર્ધ્વગામી બનાવવાનું છે. દેહાધ્યાસ ઘટાડવાની મહાપુરુષોની આજ્ઞા છે. દુનિયાના સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ કેળવવો. સારી બાબતોને જીવનમાં ગ્રહણ કરીને આગળ વધતાં રહેવું.

પૂજ્ય બહેનશ્રીએ શુભાશીર્વાદ આપતા જણાવ્યું કે સાચા સુખની પ્રાપ્તિ એ આપણા જીવનનું ધ્યેય છે. જ્ઞાનપ્રાપ્તિનો ક્રમ Information → Knowledge → Wisdom → Self realization. ઈન્દ્રિયોના વિષયોના ભોગોથી તૃષ્ણા વધુ પ્રજ્વલિત થાય છે. **હું આત્મા છું :-** આ ભાવનાથી શરીર પ્રત્યેનો મોહ ઘટે અને ચૈતન્ય પ્રત્યે ઝુકાવ વધે. **આપનો સેવક છું :-** આ ભાવનાથી આપણા અહંકારનો નાશ થઈ મહાપુરુષો પ્રત્યે પ્રેમ, આત્મીયતા તથા સમદૃષ્ટિ પ્રગટે. **સૌનો મિત્ર છું :** - આ ભાવનાથી સર્વ જીવ પ્રત્યે પ્રેમ, આત્મીયતા તથા સમદૃષ્ટિ પ્રગટે.

આભારવિધિ અંતર્ગત આદ. બા.બ્ર. કપિલભૈયાએ સંસ્થા વતી શિબિરમાં સહયોગ આપનારા સૌ કોઈ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આદ. શ્રી પંકજભાઈ શાહ (મુંબઈ) તરફથી દરેક શિબિરાર્થીને સુંદર પુરસ્કાર આપવામાં આવ્યો હતો. સંસ્થાના પ્રમુખ મહોદય આદ.શ્રી નીતિનભાઈ પારેખ તરફથી શિબિરાર્થીઓ માટે 'અધ્યાત્મ તત્ત્વ પ્રશ્નોત્તરી' પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી. સેવાભાવી તથા ઉદારદિલ મુરબ્બી મુમુક્ષુ આદ. શ્રી દિનેશભાઈ બાવીસી (રાજકોટ) તરફથી કેરીનો રસ તથા શેરડીના રસની પ્રભાવના કરવામાં આવી હતી. શિબિર માટે આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવોને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવવામાં આવે છે. 'ગુરુવંદના' કાર્યક્રમ બાદ શિબિરની પૂર્ણાહુતિ થઈ હતી.

## રાજકોટમાં પૂ. રાકેશભાઇનું જાહેર પ્રવચન

સોમવારે (એપ્રિલ ૨૨) શ્રી સ્વામિનારાયણ મંદિરના વિશાળ પ્રમુખસ્વામી સભાગૃહમાં લોકપ્રિય વક્તા અને નચિકેતા સ્કુલના સ્થાપક શ્રી સાંઈરામ દવેના ઉપક્રમે ૭૦૦૦ ની મેદનીને પૂ. બાપાજીએ 'સુખી થવા માટેની પાંચ ચાવીઓ' વિષે જીવનોપયોગી પ્રવચન આપ્યું.

## રાજકોટમાં ચતુર્દિવસીય ભક્તિ-સ્વાધ્યાય

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનો દેહવિલય ચૈત્ર વદ પાંચમ વિક્રમ સંવત ૧૯૫૭ (૯ એપ્રિલ ૧૯૦૧) ના મંગળવારે બપોરે ૨ વાગે રાજકોટમાં થયો. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર ટ્રસ્ટ (રાજકોટ) દર

વર્ષે આ નિમિત્તે વિશેષ ભક્તિ-સ્વાધ્યાયનું આયોજન કરે છે; તેમ આ વર્ષે પણ પ.કૃ.દેવ ના ૧૧૮ માં દેહોત્સર્ગ દિન નિમિત્તે ૪ દિવસનો (એપ્રિલ ૨૨-૨૫) પ્રોગ્રામ હતો. રાજપરિવાર આશ્રમોમાંથી ઘણા સંતો અને અનેક મુમુક્ષુઓ આવેલ. સર્વશ્રી આદ. જગદીશભાઇ ભીમાણી (પ્રોગ્રામ), કિશોરભાઇ મહેતા (વ્યવસ્થા), સુધીરભાઇ મહેતા (સંચાલન), જ્યોતીન્દ્રભાઇ દોશી (ભક્તિ) વગેરેએ સુપેરે સંભાળેલ. આદ. પારેખ બહેનોએ ભક્તિનો સૂર વહાવેલ. કોબા આશ્રમથી સર્વશ્રી આદ. સુરેશજી, શરદભાઇ જસવાણી, શરદભાઇ ડેલીવાળા, અરુણભાઇ બગડિયા અને મહેન્દ્રભાઇ ખંધાર ગયા હતા. બધાની રહેવા-જમવાની વ્યવસ્થા ઉત્તમ મુમુક્ષુ શ્રી આદ. નરેન્દ્રભાઇ - જ્યોતિબેનના નિવાસસ્થાને હતી.

પ્રથમ દિવસે (સોમ, એપ્રિલ ૨૨) સવારે બે સ્વાધ્યાય હતા. પૂ. ગોકુળભાઇએ ત્યાગ-વૈરાગ્ય વિષે અને આદ. સુધાબહેન શેઠે પાંચ પ્રકારના ક્લેશ (રાગ, દ્વેષ, અજ્ઞાન, અવિદ્યા અને અભિનિવેશ) વિષે મનનીય સ્વાધ્યાય આપ્યા.

બીજા દિવસે (મંગળ, એપ્રિલ ૨૩) સવારે ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમા, પ.કૃ.દેવની ચરણ પાદુકા આદિની શોભાયાત્રા હતી. મુમુક્ષુઓને ઉત્સાહ ઘણો હતો. જ્ઞાનમંદિરના ગર્ભગૃહમાં મહાવીર સ્વામીની પ્રતિમાજીની પ્રતિષ્ઠા પૂ.ગોકુળભાઇએ કરાવી. આદ. સુરેશજીએ મહાવીર સ્વામીની પૂજા સુંદર રીતે ભણાવી. નવનિર્મિત સુંદર ગર્ભગૃહમાં પ.કૃ.દેવની ચરણપાદુકાની સ્થાપના ઉલ્લાસથી થઇ. પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં પૂ.ગોકુળભાઇએ વીતરાગતા, પૂ. રાકેશભાઇએ સાચું સુખ, પૂ. ભાઇશ્રી નલીનભાઇએ મોક્ષમાર્ગ, આદ. સુધાબેને સેવાધર્મ, આદ. સુરેશજીએ મહાવીર સ્વામીનું ભક્તિપદ અને આદ. વસંતભાઇ ખોખાણીએ પ.કૃ.દેવના બોધ વિષે કહ્યું. બપોરે પૂ.ભાઇશ્રી નલીનભાઇએ મુમુક્ષુતા વિષે અને પૂ. રત્નાપ્રભુ (દિલ્હી સ્થિત) એ પ.કૃ.દેવને શ્રદ્ધાંજલી વિષે સુંદર સ્વાધ્યાય આપ્યા. રાત્રે પૂ. રાકેશભાઇએ આપણા માંકડા (ચંચળ) મનને વશ કરવાના પાંચ સરળ ઉપાય કહ્યા.

ત્રીજા દિવસે (બુધ, એપ્રિલ ૨૪, ચૈત્ર વદ પાંચમ) સવારે આજી નદીના ઓવારે પ.કૃ.દેવના પાર્થિવ દેહના અગ્નિસંસ્કાર કરેલ તે સમાધિમંદિરમાં સવારના સ્વાધ્યાયમાં પૂ.ભાઇશ્રી નલીનભાઇએ રાગ (અને દ્વેષ) નું સ્વરૂપ અને પૂ. બેનશ્રી રત્નાપ્રભુએ પત્રાંક - ૮૮૩ ના આધારે બળવાન અપ્રમત્ત સત્‌પુરુષાર્થ વિષે સમજાવ્યું. બપોરે પ.કૃ.દેવના અંતિમ સમાધિસ્થળ નર્મદા મેન્સનમાં ભાવપૂર્વકની વિરહભક્તિ પછી ત્યાંથી જ્ઞાનમંદિર સુધીની મૌનયાત્રામાં સૌ જોડાયા. ત્યાં પૂ. ગોકુળભાઇએ સમાધિમરણ અને પૂ. રાકેશભાઇએ સાક્ષી (જ્ઞાતા-દ્રષ્ટા માત્ર) ભાવ વિષે વિચારણીય સ્વાધ્યાય આપ્યા. રાત્રે ધરમપુર ભક્તિ ગ્રુપે બધાને ભક્તિમાં તરબોળ કર્યા.

છેલ્લા ચોથા દિવસે (ગુરુ, એપ્રિલ ૨૫) સવારમાં કોબાથી પધારેલ બા.બ્ર.આદ.સુરેશજીએ સમાધિ, સત્સંગ, સમકિત, આત્મદશા (પત્રાંક-૧૨૬) અને પ્રયોગ વિષે તથા બાંધણીથી પધારેલ આદ. સુધાબેને ક્લેશનું સ્વરૂપ અને તેના ઉપાય વિષે અભ્યાસપૂર્ણ સ્વાધ્યાય આપ્યા. જ્ઞાનમંદિરમાં બપોરનાં પ્રીતિભોજન સાથે આ ચતુર્દિવસીય આરાધના સાનંદ સંપન્ન થઇ.

## જામનગરમાં સત્સંગ - સ્વાધ્યાય

જામનગર રહેતા આદ. પારસભાઇ અને જિનાબેન મોદી (આદ. દિનેશભાઇ - તરલાબેન બાવીસીના સુપુત્રી) ની આગ્રહભરી વિનંતીથી આદ. સુરેશજી અને મહેન્દ્રભાઇ બે દિવસ સત્સંગ અર્થે ગયા. ત્યાં પહેલા દિવસે સત્‌પાત્રતાના ૪ લક્ષણો (પત્રાંક-૪૦), સત્સંગની રુચિ-અભિગમ, ધર્મવાર્તા-પ્રશ્નોત્તરી રૂપે સુરેશજીએ સાધનામાં ઉપયોગી સ્વાધ્યાય ત્યાંના સત્સંગ ગ્રુપમાં આપ્યો. બીજા દિવસે બે સ્કુલોમાં શિક્ષકો-શિક્ષિકાઓના બે ગ્રુપને સુરેશજીએ ઉદ્‌બોધનમાં કહ્યું કે શિક્ષકથી પણ આગળ વધી ગુરુ (આત્મીય કલ્યાણમિત્ર) બનવું,

વર્તન-આચરણનો વિદ્યાર્થીઓ પર વિશેષ પ્રભાવ, અચ્છે-બચ્ચે-સચ્ચે બનો, વગેરે બાબતો કહી.

## ચિત્રોડા તથા લક્ષ્મીપુરા મુકામે સત્સંગનો કાર્યક્રમ સંપન્ન

શ્રી લાલજીબાપા મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત, ઉપરોક્ત સત્સંગ સમારોહના કાર્યક્રમમાં સંસ્થાના પ્રતિનિધિ તરીકે બા.બ્ર.આદ.શ્રી સુરેશભૈયા તથા બા.બ્ર.આદ.શ્રી કપિલભૈયા ચિત્રોડા તથા લક્ષ્મીપુરા પધાર્યા હતા. તા. ૧૬-૦૫-૨૦૧૯ ના રોજ આયોજિત કાર્યક્રમમાં સૌ પ્રથમ ભાવપૂર્વક ભક્તિ કરાવવામાં આવી. આદ.બા.બ્ર.શ્રીસુરેશભૈયાએ શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૨૭ 'યત્ના' ના આધારે ધર્મવાર્તા પ્રશ્નોત્તરીરૂપ સુંદર સ્વાધ્યાય આપ્યો હતો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે.

| | | | |
|---|---|---|---|
| **છાશકેન્દ્ર :** | (૧) | શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ,<br>(ત્યાગીમહિમા, યુવાશિબિર, જીવદયા, ગુરુકુળ વિભાગ) | રૂા. ૨,૧૦,૦૦૦/- |
| | (૨) | શ્રી પ્રકાશભાઇ બી. શાહ, મુંબઇ | રૂા. ૧૫,૦૦૦/- |
| | (૩) | સ્વ. શ્રી વસંતભાઇ ખંધારના આત્મશ્રેયાર્થે<br>(હસ્તે શ્રી સંજયભાઇ વી. ખંધાર, અમદાવાદ) | રૂા. ૧૦,૦૦૦/- |
| **ગુરુકુળ :** | (૧) | સ્વ. શ્રી કંચનબેન વિનયકાન્ત દોશીના આત્મશ્રેયાર્થે<br>(હસ્તે શ્રી વિનયકાન્ત દોશી, અમદાવાદ) | રૂા. ૨૧,૦૦૦/- |
| | (૨) | શ્રી ડૉ. શશી કૈલાશ બગડિયા, અમદાવાદ<br>(ભોજનાલય, સંતસેવા, છાશકેન્દ્ર, મેડિકલ) | રૂા. ૨૧,૦૦૦/- |
| **ભોજનાલય :** | | શ્રી ધરાબેન બદાણી, બેંગ્લોર (સ્વામિવાત્સલ્ય) | રૂા. ૨૧,૦૦૦/- |

## ડુંગરપુર (રાજસ્થાન) મુકામે સત્સંગનો કાર્યક્રમ સંપન્ન

આપણી સંસ્થા સાથે જોડાયેલા સરળ તથા નમ્ર મુમુક્ષુ આદ.શ્રી બદામીલાલજી વખારિયાએ તા. ૦૨-૦૫-૨૦૧૯ ના રોજ શ્રી ઊંડાજી દિગંબર જૈન મંદિર (ડુંગરપુર) મુકામે સત્સંગના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. સંસ્થામાંથી પ્રતિનિધિ તરીકે બા.બ્ર.આદરણીય યુવાસાધકો ડૉ. રાગિણીબેન, સુરેશભૈયા, અલકાદીદી તથા કપિલજી ગયા હતા. ડૉ.રાગિણીબેન, અલકાદીદી તથા કપિલજીએ ભાવવાહી ભક્તિપદો પીરસીને વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. ત્યારબાદ બા.બ્ર.આદ.સુરેશભૈયાએ 'मैं कौन हूं ?' વિષયના આધારે પ્રશ્નોત્તરીરૂપ સ્વાધ્યાય આપ્યો હતો. યુવાસાધકો માટે આદ. શ્રી બદામીલાલજીએ આહાર, નિવાસાદિની સુંદર વ્યવસ્થા કરી હતી. સત્સંગના કાર્યક્રમનું સુંદર આયોજન કરવા બદલ આદ. શ્રી બદામીલાલજીને સંસ્થા વતી ધન્યવાદ પાઠવીએ છીએ.

## પૂ. ધીરજમુનિના સાન્નિધ્યમાં ૨૨ ઉપાશ્રયના ઉદ્‌ઘાટન - નૂતનીકરણ સંપન્ન

શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્રના પ્રણેતા પૂ.શ્રી ધીરજમુનિના શુભંકર સાન્નિધ્યે જૈનાચાર્ય પૂ. જશાજી સ્વામી શતાબ્દી ઉપલક્ષે ૧ વર્ષમાં ૨૨ ઉપાશ્રય-વિહારધામના ઉદ્‌ઘાટન-નૂતનીકરણ સંપન્ન થવા પામેલ છે. પૂજ્ય ધીરજમુનિનો ઘાટકોપર હિંગવાલા મોટા ઉપશ્રયે ૭ જુલાઇ, રવિવારે ચાતુર્માસ પ્રવેશ થશે.

## વૈરાગ્ય સમાચાર



(૧) **લોસ એંજલસ :-** લોસ એંજલસ, કેલિફોર્નિયા સ્થિત સીનીયર સ્વાધ્યાયકાર આદરણીય શ્રી ગિરીશભાઈ શાહનો પૂજ્યશ્રી આત્માનંદજી સાથે લગભગ ૪૦ વર્ષથી પરિચય છે. ૧૯૮૭ માં પૂજ્ય સાહેબજીને સૌ પ્રથમ અમેરિકાની ધર્મયાત્રા ગોઠવનાર ત્રિપુટી સર્વશ્રી ગિરીશભાઈ-મહેન્દ્રભાઈ ખંધાર-પ્રફુલભાઈ લાખાણી હતા. લોસ એંજલસમાં પૂજ્ય સાહેબજી શ્રી ગિરીશભાઈના ઘરે પણ આવતા અને રહેતા. તે પછી પૂજ્ય સાહેબજી ઘણીવાર અમેરિકા આવ્યા અને શ્રી ગિરીશભાઈએ સહકાર સાથે લાભ લીધેલ. જ્યારે પણ ગિરીશભાઈ તથા સુશીલાબેન ભારત આવે ત્યારે પૂ. સાહેબજીના દર્શનાર્થે કોબા આવતા.

શ્રી ગિરીશભાઈના સહધર્મચારિણી, સુશ્રાવિકા અને ઉત્તમ સાધક **સુશીલાબેન** (લંડન સ્થિત આદ.શ્રી નેમુભાઈ ચંદરીયાના નાના બહેન) ની તબિયત છેલ્લા થોડા સમયથી અસ્વસ્થ હતી અને શરૂઆતમાં હૃદયરોગની બીમારીનું નિદાન થયેલ. પરંતુ ત્યારબાદ વિશેષ ગંભીર માંદગીથી ૭૮ વર્ષની ઉંમરે તા. ૩ જી મે ૨૦૧૯ ના દિવસે અંતિમ સમય સુધી પૂર્ણ જાગૃતિ અને સ્વસ્થતા તેમજ સમાધિપૂર્વક નવકારમંત્રના સ્મરણ અને શરણમાં પોતાનો દેહ ત્યાગી પોતાના આત્માનું અપૂર્વ કલ્યાણ કર્યું છે. માંદગી દરમ્યાન ખૂબજ સમતાપૂર્વક દર્દ સહન કરી, પોતાના ઘણા કર્મો ખપાવી અનંતની યાત્રાએ પ્રયાણ કર્યુ છે. તે પવિત્ર અને ઉત્તમ આત્માને આપણા વંદન.

પૂ. સાહેબજી અને પૂ. બહેન શર્મિષ્ઠાબેને દિલસોજી સાથે આશીર્વાદ પાઠવેલ. કોબા આશ્રમમાં ખાસ મૌન રાખીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

સુશીલાબેન ધાર્મિક તેમજ આધ્યાત્મિક અને સત્સંગી, તપસ્વી હતાં. બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને ધ્યાન, જાપ, સામાયિક, પ્રતિક્રમણ આદિ આરાધનાનો ક્રમ નિયમિત સેવતા. ઘણા અભ્યાસી હતા તેમજ નિયમિત સ્વાધ્યાય, સત્સંગ, વાંચન, લેખનની પ્રવૃત્તિ કરતા. અઠ્ઠાઈ, આયંબિલની ઓળી, માસક્ષમણ, વરસીતપ, સિદ્ધિતપ, નવકારમંત્રનો તપ તેમજ બીજા અનેક તપ કરી આત્મશુદ્ધિ કરી હતી.

પોતાના ગુરુ પૂજ્ય આચાર્યશ્રી યશોવિજયસૂરિજીનો લાભ લેવા અવારનવાર ભારત આવતા. પૂ. સુનંદાબેનની પ્રેરણાથી નવકારમંત્રને આત્મસાત્ કરવામાં ઘણી સફળતા મેળવેલ. ધાર્મિક જ્ઞાન સાથે ધાર્મિક ક્રિયામાં પણ એટલી જ રુચિ હતી. સુશીલાબેનને ધર્મમાં ઊંડી શ્રદ્ધા સાથે તીર્થંકર પરમાત્મા અને તેમની સર્વજ્ઞતામાં અતૂટ વિશ્વાસ હતો. તેને લીધે અંતિમ સમય સુધી સ્વસ્થતા, શાંતિ અને સમાધિ હતા. દેહવિલયની આગલી રાતે પૂ.આ.શ્રી યશોવિજયસૂરિજીનું માંગલિક (ફોનથી) સાંભળવાનો લાભ મળ્યો. સુશીલાબેન સ્વભાવે નમ્ર, માયાળુ, પરોપકારી, સેવાભાવી, દયાળુ તેમજ લોકપ્રિય હતા. લોસ એંજલસ જૈન સેન્ટર, જીવદયા સંસ્થાઓ, નિરાધારની સેવા કરતી સંસ્થાઓ વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લેતા. સત્સંગી મિત્રોના આત્મીયજન બની ગયેલા એવા તેમની વિદાયથી બહુ મોટી ખોટ પડી છે અને સહુએ શોક, દુઃખ અને આઘાતની લાગણી અનુભવી છે.

સુશીલાબેનનો આત્મા શાતા-શાંતિ-સદ્‌ગતિને પામે અને શીઘ્ર મોક્ષમાર્ગે આગળ વધી સિદ્ધિને પામે તેવી સમગ્ર કોબા પરિવારની પરમાત્માને પ્રાર્થના છે.

(૨) **મંડાલી (તા. ખેરાલુ, જિ. મહેસાણા) :** સંસ્થામાં નિઃસ્વાર્થભાવે સેવાઓ આપતા (ખાસ કરીને છાશકેન્દ્રો માટે) સેવાભાવી મુમુક્ષુ ભાઈશ્રી રામજીભાઈ ચૌધરીના ધર્મપત્ની **ચૌધરી સોનીબેન રામજીભાઈ**નું તા. ૧૮-૦૫-૨૦૧૯, શનિવારના રોજ ૮૧ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ પોતાના પરિવારજનોને સુસંસ્કારોનો વારસો આપતા ગયા છે. તેઓ સરળ, નિખાલસ, ધર્મપ્રેમી અને જીવદયાપ્રેમી હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# સંસ્થામાં યોજાયેલ યુવા ઉત્કર્ષ શિબિરની તસવીરો
# (તા. ૨૪.૦૫.૨૦૧૯ થી તા. ૨૬.૦૫.૨૦૧૯)










## સાંસ્કૃતિક કાર્યક્રમો












યુવા શિબિરાર્થીઓની સમૂહ તસવીર

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020**
**issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month**



રાજકોટ જ્ઞાનમંદિરમાં
મહાવીર સ્વામીની મૂર્તિની પ્રતિષ્ઠા



સંતોની પાવન ઉપસ્થિતિ




પરમકૃપાળુદેવની
અંતિમ સમાધિ



સંતોની પવિત્ર હાજરી



રાજકોટ જ્ઞાનમંદિરમાં બા.બ્ર.સુરેશજીનો સ્વાધ્યાય

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ 'દિવ્યધ્વનિ' જૂન-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
**રીટાબેન યોગેશભાઈ ભોગીલાલ સંઘવી પરિવાર, ચેન્નાઈ**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' જૂન-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
**સ્વ. ભાવનાબેન એચ. ગાંધીની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે**
હસ્તે : ડો. શિલ્પાબેન એચ. ગાંધી પરિવાર, રાજકોટ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,